Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:259 Dt.13-08-2021 (Friday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# ૧ ઓક્ટોબરથી ૧૫ વર્ષ જુના વાહનો રસ્તા પર નહીં દોડે



વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું રોકાણકારોને સંબોધનઃ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી, મુખ્યમંત્રી વિજય રૂપાણીની હાજરી

**કચ્છમાં સ્ક્રેપ પાર્ક અને અલંગમાં સ્ક્રેપ પ્લાન્ટની ગુજરાતને ભેટ આપતા ગડકરી વ્હીકલ સ્ક્રેપ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ માટે ૬ એમઓયુ કરતી ગુજરાત સરકાર**



નવી સ્ક્રેપ નીતિ દરેક ક્ષેત્રે સકારાત્મક પરિવર્તન લાવશેઃ મોદી



ભારત વિશ્વનું પાંચમાં ક્રમનું મોટું ઓટો બજાર છેઃ રૂપાણી

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતનાં પાટનગર ગાંધીનગરમાં નવી સ્ક્રેપ નીતિની મહત્વની ઘોષણાનાં કાર્યક્રમમાં રોકાણકારોની સમિટને સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, નવી સ્ક્રેપ પોલીસી દેશનાં ઓટો સેક્ટરને નવી ઓળખ પ્રદાન કરશે અને દરેક ક્ષેત્રમાં સકારાત્મક પરિવર્તન આવશે. રાજ્ય માટે બે મહત્વની ભેટ આજે કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવી હતી. કેન્દ્રનાં માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કચ્છમાં જુના વાહનો અને સ્ક્રેપ પાર્ક બનાવવાની અને ભાવનગર પાસે અલંગમાં દેશનો સૌ પ્રથમ સ્ક્રેપ પ્લાન્ટ શરૂ કરવાની જાહેરાત કરી હતી. નવી નીતિ ૧ ઓક્ટોબર ૨૦૨૧ થી લાગુ થશે એ મુજબ ૧૫ વર્ષ જુના વાહનો હવે દેશનાં માર્ગો પર દોડતા બંધ થઇ જશે અને દેશમાં પર્યાવરણ પ્રદુષણનાં પ્રમાણમાં નોંધ પાત્ર ઘટાડો થશે.

મહાત્મા મંદિરમાં યોજાયેલા ખાસ કાર્યક્રમમાં ગડકરીએ નવી સ્ક્રેપ નીતિની જાહેરાત કરી હતી. આ તકે રોકાણકારો માટેની ખાસ પરિષદને વર્ચ્યુઅલ સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ૭૫ માં આઝાદી દિવસ પહેલા આજનો આ કાર્યક્રમ આત્મનિર્ભર ભારતની દિશામાં એક મોટું અને મહત્વનું કદમ છે. નવી સ્ક્રેપ નીતિ આત્મનિર્ભરતાને નવી ઓળખ આપશે એટલું જ નહીં ઓટો સેક્ટરને પણ નવી ઓળખ પ્રદાન કરશે સાથે-સાથે દરેક સેક્ટરમાં સકારાત્મક પરિવર્તન આવશે.

વડાપ્રધાન મોદીએ ઉમેર્યું હતું કે આવનારા ૨૫ વર્ષ દેશ માટે ખૂબ જ મહત્વનાં છે. પર્યાવરણ અને જમીન સંશોધનોની રક્ષા કરવાનું પણ ખૂબ જરૂરી બનશે. વડાપ્રધાને વ્હીકલ સ્ક્રેપનાં પાયા ગત માળખામાં મોટા પાયે રોકાણ કરવા માટે આગળ આવવા રોકાણકારોને અનુરોધ કર્યો હતો.

(અનુ.પાના નં.૪ ઉપર)

**નવી સ્ક્રેપ નીતિમાં મહત્વનાં મુદ્દા**

- સરકારી અને કોમર્શિયલ વાહનો ૧૫ વર્ષે ભંગારવાળામાં જશે
- જુના પેસેન્જર વાહનો ૨૦ વર્ષે સ્ક્રેપ માટે આપવા જરૂરી
- વાહનોની ચકાસણી માટે ખાસ ઓટોમેટીક ફિટનેશ સેન્ટર સ્થપાશે
- સેન્ટરમાં નબળા પુર્વાર્થનાં વાહનોને સ્ક્રેપ માટે મોકલવા ફરજીયાત
- નવી કારની ખરીદી પર રોડ ટેક્સમાં ૨૫% ની છૂટ, રજીસ્ટ્રેશન ફી માફી
- નવા કોમર્શિયલ વાહનોની ખરીદી પર ૧૫% વેરા રાહત
- જુના વાહનો ઘટવાથી રૂ.૯૫૫૦ કરોડની બચત થવાની શક્યતા
- દર વર્ષે અંદાજે રૂ.૨૪૦૦ કરોડનાં ઇંધણની બચત થશે
- વાહનોનાં સ્ક્રેપીંગથી રૂ.૬૫૫૦ કરોડનું સ્ક્રેપ મળશે

# કાશ્મીરમાં આતંકીઓ ભૂરાયાઃ ભાજપ નેતાના ઘર પર હુમલો

## ચાર વર્ષના માસુમ બાળકનું મોત અન્ય ૭ ને ગંભીર ઈજા

(એજન્સી સમાચાર)

શ્રીનગર, તા.૧૩



જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓ ભારતીય સેનાના સખ્ત દબાણ છતાં ભુરાયા થયા છે અને ફરીથી માથું ઊંચકી રહ્યા છે. રાજૌરી શહેરમાં આજે સવારે ત્રાસવાદીઓએ ભાજપ નેતાનાં ઘર પર ગ્રેનેડથી હુમલો કરતા ૪ વર્ષના એક માસુમ બાળકનું મૃત્યુ થયું હતું. જયારે અન્ય ૭ ને ગંભીર ઈજાઓ થવા પામી હતી. સુરક્ષાનો મોટો કાફલો સ્થળ પર ધસી ગયો હતો. સમગ્ર વિસ્તારને સીલ કરીને સલામતી સ્થળોએ જોરદાર અને વ્યાપક સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. જાણવા મળ્યું છે કે ભાજપના નેતા જશબીરસિંધની હત્યા કરવાના ઈરાદે ગ્રેનેડથી હુમલો કરાયો હતો. જો કે ભાજપ નેતા ઉગરી ગયા છે, એક બાળકનો ભોગ લેવાય ગયો છે અને બીજા ૭ ને ઈજા થવા પામી છે. દરમ્યાન કાશ્મીર ગામના કુલ ગામ વિસ્તારમાં ત્રાસવાદીઓ સાથે અથડામણ થતા એક ત્રાસવાદીને ઠાર મારવામાં આવ્યો છે. બે જવાન અને એક નાગરિકને ઈજા થવા પામી છે. ખીણમાં તંગદિલી વધી ગઈ હોવાથી આજે જમ્મુ- શ્રીનગર હાઈ-વે બંધ કરી દેવામાં આવ્યો છે. ખીણમાં વિસ્ફોટક પરિસ્થિતિ હોવાનું જાણવા મળ્યું છે. ક્ષસ્ત્રદળોએ ઠેર-ઠેર નાકાબંધી કરી છે. ભાજપ નેતાનાં ઘર પર હુમલો કરનારા ત્રાસવાદીઓને શોધવા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.(૨.૧૨)

## આતંકીઓ સાથે અથડામણ બાદ શ્રીનગર- જમ્મુ હાઈ-વે બંધ કરાયો

# અપરાધને ડામવા યુ.પી પોલીસની નવતર યુક્તિ

**પગમાં ગોળીઓ મારી 3300 અપરાધીઓને લંગડા બનાવ્યા!**

(એજન્સી સમાચાર)

લખનૌ, તા.૧૩

ઉત્તર પ્રદેશમાં અપરાધીઓ અને અપરાધી તત્વોને ડામવા માટે પોલીસે એક અલગ પ્રકારની અને વિચિત્ર નીતિ અપનાવી છે. અપરાધીઓનું એન્કાઉન્ટર કરવાને બદલે પગમાં ગોળીઓ મારીને ગુંડાઓને લુલા-લંગડા કરી નાખવામાં આવ્યા છે. યુ.પી પોલીસે આ રીતે ૮૪૭૨ એન્કાઉન્ટર કર્યા છે. તે પૈકી ૩૩૦૨ અપરાધીઓ પગમાં ગોળીઓ લાગવાથી લંગડા થઇ ગયા છે. એન્કાઉન્ટરમાં અત્યાર સુધીમાં ૧૪૬ ગેંગસ્ટર માર્યા ગયા છે. ગાઝીયાબાદમાં લૂંટનાં ગુનામાં વોન્ટેડ અફશારુન નામનું એક અપરાધી પગમાં ગોળી લાગવાને કારણે પકડાય ગયો હતો. તેના માથા પર રૂ.૫૦ હજારનું ઇનામ હતું.

આવો જ કિસ્સો બહેરાઈચના મણીરામનો છે. લુંટફાટ અને ધાડનાં ૩૫ કેસોમાં વોન્ટેડ મણીરામ ઉપર પર રૂ.૫૦ હજારનું ઇનામ હતું. એ પણ પગમાં ગોળી લગતા પકડાઈ ગયો હતો. નોઇડાના ગૌતમબુધ્ધ નગરમાં હત્યાનો અપરાધી સચિન ચૌહાણ પણ એ જ પધ્ધતિથી પોલીસે ઝડપી લીધો હતો.

(અનુ.પાના નં.૪ ઉપર)

# એક એવું ગામડું જયાં ૧૭ બેંક, રૂ. ૫૦૦૦ કરોડની ડીપોઝીટ

## માત્ર ગુજરાત નહીં બલ્કે વિશ્વનું સૌથી સમૃધ્ધ ગામ કચ્છનું માધાપર

(એજન્સી સમાચાર)

રાજકોટ, તા.૧૩

૯૨ હજાર લોકોની વસ્તી, ૭૬૦૦ મકાનો એવા આ નાનકડા ગામમાં ૧૭ તો મોટી બેંકોની શાખાઓ છે. જેમાં રૂ.૫૦૦૦ કરોડની જંગી થાપણો સચવાયેલી પડી છે. એટલે માથાદીઠ રૂ.૧૫ લાખની ડીપોઝીટ થઇ વાંચીને નવાઈ લાગી હશે, પણ આ કોઈ ટાઢા પોરનું ગપ્પું નથી પણ હકીકત છે. આ ગામડું ગુજરાત કે ભારત માત્ર નહીં બલ્કે વિશ્વનું સૌથી વધુ સમૃધ્ધ ગામડું છે. કચ્છ જીલ્લાનું ભૂજની સરહદ પર આવેલું આ ગામ માધાપર એક એવું ગામ છે જેના એક-એક ઘરનાં લોકો વિદેશમાં વસે છે પણ કમાયેલા નાણા એમના વતનમાં મોકલવાનું ચુકતા નથી. જેના કારણે અહીં ટોચની તમામ રાષ્ટ્રીય અને ખાનગી બેંકોની શાખાઓ ઉભી કરવામાં આવી છે. માત્ર ખેતી આધારિત આ ગામ તેના વિદેશવાસી સંતાનોનાં કારણે સમૃધ્ધિનાં શિખર ઉપર બેઠું છે.

માધાપરનાં દરેક ઘરનાં એકથી વધુ સભ્યો અથવા આખે આખા પરિવારો અમેરિકા, બ્રિટન, આફ્રિકા અને આખતનાં દેશોમાં વસવાટ કરે છે. કચ્છીઓનો વતન પ્રેમ ખૂબ જ જાણીતો છે. એટલે માધાપરના વિદેશવાસી કચ્છીઓ વતનને બિલકુલ ભૂલતા નથી અને અઢળક નાણાનો વરસાદ માધાપર પર થતો હોય છે.

અત્યારે માધાપરમાં કચ્છી એન.આર.આઈ ને કારણે આધુનિક શાળાઓ અને કોલેજો ચાલી રહ્યા છે. આરોગ્ય કેન્દ્રો છે. મંદિરો છે, ગામ આખું હરિયાળું છે અને સુંદર સરોવરો છે, મોટો ડેમ પણ બાંધવામાં આવ્યો છે, માધાપર ગામની મુલાકાત લોકો એક પણ રસ્તો એવો નહીં દેખાયા જયાં ખાડાખુબળા હોય ગામ આખામાં સ્વચ્છતાનું ધોરણ પણ ખૂબ જ ઊંચું રહે છે. આ ગામને જોઇને લોકો અને પ્રવાસીઓ કચ્છીઓનાં વતન પ્રેમને જોઇને વાહ-વાહ પોકારી ઉઠે છે.(૨.૧૨)



# અફઘાનિસ્તાન પર તાલીબાનોનો અજગર ભરડો, કાબુલ પડું-પડું

**કુંડુઝ વિસ્તારમાં લડવાને બદલે હજારો અફઘાની સૌનિકો શરણે થયાઃ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં અમેરિકા અને યુ.કે નાં દળો મદદ કરશે**

**ફસાયેલા ભારતીય અને અન્ય દેશોનાં નાગરિકોને બહાર કાઢવાના પ્રયાસો**

(એજન્સી સમાચાર)

કાબુલ, તા.૧૩

અમેરિકા સહિતનાં મિત્ર રાષ્ટ્રોનાં લશ્કરી દળોએ અફઘાનિસ્તાનથી ઉચાળા ભરી લીધા બાદ તાલીબાનોનાં અંતિમવાદી દળો ઝડપભેર સમગ્ર અફઘાનિસ્તાનને ઓહિયા કરી જવાની તૈયારીમાં છે. હેરાત બાદ દેશના ત્રીજા સૌથી મોટા શહેર અને કાબુલથી નજીક આવેલા ગઝનીપર તાલીબાનોએ કબ્જો જમાવી દીધો છે અને હવે તાલીબાનો અફઘાન રાજધાની કબુલથી માત્ર ૧૩૦ કિ.મી દૂર છે. તે રીતે અફઘાનિસ્તાનની સરકાર દેશ પરનો કબ્જો ગુમાવી રહી છે. દરમ્યાન અલગ-અલગ દેશોના દુતાવાસનાં કર્મચારીઓ તથા ભારતીય અને અન્ય નાગરિકોને સલામત પાછા લાવા માટે યુધ્ધનાં ધોરણે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. એ માટે અમેરિકા અને બ્રિટનનાં દળો મોકલવામાં આવશે. એલચી કચેરીનાં સ્ટાફને બહાર કાઢવા માટે અમેરિકાએ ૩૦૦૦ સૈનિકો મોકલ્યા છે. જયારે બ્રિટને પોતાના નાગરિકોને લાવવા માટે ૬૦૦ જેટલા સૌનિકોને રવાના કર્યા છે.

દરમ્યાન એક પછી એક મહત્વનાં શહેરો તાલીબાનો કબ્જે કરી લીધા છે. એ જોતા લાગે છે કે અફઘાનો તાલીબાનોને આવકાર આપી રહ્યા છે. અફઘાની સૈનિકો લડત આપી રહ્યા નથી કુંડુઝમાં હજારો અફઘાની સૈનિકોએ તાલીબાનો સામે શરણાગતિ સ્વીકારી લીધી હતી. તાલીબાનોએ મહત્વનાં શહેરોમાં કબ્જો કર્યા બાદ જેલ તોડીને તાલીબાની કેદીઓને છોડાવી લીધા હતા. અત્યાર સુધીમાં ૩૨ માંથી ૧૩ પ્રાંત તાલીબાનોનાં કબ્જા હેઠળ આવી ગયા છે અને હવે રાજધાની કાબુલ પર તાલીબાનોની પહોંચથી દૂર નથી.

કંદહારનાં મહત્વનાં પ્રાંતમાં હજુ ખૂનખાર લડાઈ ચાલી રહી છે અફઘાની સૈનિકો જોરદાર લડત આપી રહ્યા છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# ભારતની એનજીઓને માત્ર ૩ વર્ષમાં ૪૯૦૦૦ કરોડનું વિદેશી ફંડ

## કેન્દ્રનાં ગૃહખાતા દ્વારા આંકડા જાહેર, ૧૮૦૦૦ સંસ્થાઓએ નાણા અંકે કર્યા

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૩

દેશની કુલ ૧૮૦૦૦ જેટલી એનજીઓ એટલે કે સ્વૈચ્છિક સંસ્થાઓને માત્ર ૩ વર્ષની અંદર રૂ.૪૯૦૦૦ કરોડનું વિદેશી ફંડ મળ્યું હતું. સરકારે રાજયસભામાં આંકડા જાહેર કર્યા હતા.

કેન્દ્રનાં ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે, ૨૦૧૭-૧૮ ની સાલમાં એનજીઓને રૂ.૧૬૯૪૦ કરોડ, ૨૦૧૮-૧૯ માં રૂ.૧૬૫૨૫ કરોડ અને ૨૦૧૯-૨૦ માં રૂ.૧૫૮૫૩ કરોડ વિદેશમાંથી સહાય રૂપે મળ્યા હતા. એમણે માહિતી આપી હતી કે વિદેશી સહાયકોને નવો કાયદો અમલમાં આવ્યા પહેલા બેંકની કોઈપણ શાખામાં વિદેશી ફંડ માટેનાં ખાતા ખોલી શકાતા હતા. પરંતુ નવા કાયદા મુજબ હવે વિદેશી ફંડ માટે સંસ્થાઓએ એસ.બી.આઈ ની નવી દિલ્હી ખાતેની મુખ્ય શાખામાં જ બેંક એકાઉન્ટ ખોલવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું છે. એસ.બી.આઈ એ સરકારને માહિતી આપી હતી કે, ૩૧ જુલાઈ ૨૦૨૧ સુધીમાં આવા ૧૮૩૭૭ ખાતા ખુલી ગયા છે.(૨.૧૨)




# વાહ ધન્ય છે! તમિલનાડુનાં બજેટમાં પેટ્રોલના ભાવમાં લીટર દીઠ રૂ. ૩ નો ઘટાડો

(એજન્સી સમાચાર)

ચેન્નાઈ, તા.૧૩

તમિલનાડુ સરકારે ઇંધણનાં ભાવમાં ઘટડો જાહેર કરીને લાખો નાગરિકોને મોટી રાહત આપી છે. આજે ડી.એમ.કે સરકારનું પહેલું પેપરલેસ બજેટ વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં પેટ્રોલનાં ભાવમાં લીટર દીઠ રૂ. ૩ નો ઘટાડો કરવામાં આવ્યો છે એ માટે રાજ્ય સરકારે પેટ્રોલ પરની આબકારી જકાત ઘટાડવાનું બજેટમાં જાહેર કર્યું હતું.

બજેટ રજૂ કરતા નાણાં મંત્રી પલાનીવેલ ત્યાગરાજને જણાવ્યું હતું કે, ચૂંટણી વચન મુજબ રાજ્યનાં લાયક પરિવારોનાં મહિલા સભ્યોને દર મહીને રૂ.૧૦૦૦ ની રોકડ સહાય આપવાની બજેટમાં દરખાસ્ત કરવામાં આવી છે. એટલું જ નહીં મહિલાઓ માટે મફત બસ મુસાફરીની યોજના માટે બજેટમાં રૂ.૭૦૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે. સિંચાઈ માટે રૂ.૬૬૦૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે. અન્ન સબસીડી વધારીને રૂ.૮૦૦૦ કરોડ કરવામાં આવી છે.(૨.૧૨)

# ગુજરાતમાં વરસાદની ખેંચથી ૯૦% પાક નિષ્ફળ જવાની ભીતિ

**રાજ્યનાં મોટા ભાગના જળાશયોમાં ૫૦% થી પણ ઓછો જળજથ્થો સિંચાઈ માટેનું પાણી તાત્કાલિક છોડવા ધારાસભ્યોની સરકારને અપીલ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

ગાંધીનગર, તા.૧૩

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ભર ચોમાસે પાણીની સમસ્યા ડાચું ફાડીને ઉભી થઇ છે. વરસાદનો મુખ્ય મહિનો ગણાતો જુલાઈ મોટા ભાગે કોરો રહ્યો હોવાથી લોકોને અને ખાસ કરીને ખેડૂતોને બેવડો માર પડવાની ભીતિ ઉભી થઇ છે. મેઘરાજાનાં દર્શન ન થવાથી રાજ્યમાં ૯૦% પાક નિષ્ફળ જવાનો ભય નિષ્ણાંતોએ વ્યક્ત કર્યો છે. એ કારણે કિસાનો પણ ભારે ચિંતા અને મૂંઝવણમાં મુકાઇ ગયા છે. જો સમયસર હજુ પણ વરસાદ નહીં આવે તો ચોમાસું પાકનાં બાર વાગી જશે એટલું જ નહીં પણ પીવાના પાણીની તંગી પણ ઉભી થઇ જશે જેનાથી લાખો લોકોને અસર થશે.

વરસાદની ખેંચને કારણે રાજ્યના જળાશયોમાં અત્યારે સરેરાશ ૪૭.૫૪% જેટલું જ પાણી બચ્યું છે. રાજ્યના ૨૦૦ જેટલા જળાશયોમાંથી મોટા ભાગના ડેમો સંગ્રહક ક્ષમતાથી પણ અડધા ભાગનું પાણી બચ્યું છે. સરકારે તાત્કાલિક સિંચાઈ માટે પાણી છોડવાનું શરૂ કર્યું છે પણ હજુ વધુ જરૂર પડશે એવી માંગણી અલગ-અલગ વિસ્તારોનાં ધારસભ્યો કરી રહ્યા છે.

હવામાન ખાતાનો અહેવાલ જણાવે છે કે, ગુજરાતમાં રાબેતા મુજબ સામાન્ય વરસાદ થયો નથી. ૪૫% જેટલી ઘટ સર્જાય છે. સામાન્ય રીતે જૂનથી ઓગસ્ટની વચ્ચે સીઝનનો પૂરો વરસાદ એટલે કે ૪૫૮.૮ મી.મી વરસાદ પડી જતો હોય છે તેની સરખામણીમાં આ વર્ષે ૨૫૨.૭ મી.મી વરસાદ જ થયો છે. ૨૦૭ પૈકીનાં માત્ર ૫ ડેમમાં પૂરતું પાણી છે. એમાંથી ૪ સૌરાષ્ટ્રમાં છે અને એક ડેમ દક્ષિત ગુજરાતનો છે.

વાવેતરની વાત કરીએ તો વર્તમાન ખરીફ સીઝનમાં ૭૫૭૩૧૦૬ હેક્ટર જમીન પર જુદા-જુદા પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે. હવે વરસાદ ખેંચાયો હોવાથી મગફળી, ડાંગર, કપાસ વગેરે પાકો નિષ્ફળ જવાની ભીતિ ઉભી થઇ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પરિસ્થિતિને ધ્યાનમાં લેતા તાત્કાલિક ધોરણે ૫ લાખ હેક્ટર જમીન પરના વાવેતર માટે સિંચાઈનું પાણી છોડવાનું આદેશ આપ્યો છે. વરસાદની સૌથી વધુ ખેંચ અરવલ્લી અને ગાંધીનગર જીલ્લાઓમાં રહી છે. અન્ય ૩૧ જીલ્લાઓમાં પણ અપૂરતો વરસાદ રહ્યો છે.



રાજ્યનાં ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડા મુજબ વર્તમાન ચોમાસા સીઝનમાં દક્ષિણ ગુજરાતમાં ૩૬.૩૯% વરસાદ થયો છે. પૂર્વ અને મધ્ય ગુજરાતમાં ૩૪.૭૨% વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં ૩૩.૮% વરસાદ થયો છે. સૌથી ઓછો કચ્છમાં ૩૧.૭૪% અને ઉતર ગુજરાતમાં ૩૧.૨% વરસાદ નોંધાયો છે.(૨.૧૨)



સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




## આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

**SUBSCRIBE**
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

## સૌરાષ્ટ્ર ક્રાંતી

**WhatsApp કરો**
**તમારા ન્યુઝને**

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

**પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર**

**જાહેરાત માટે સંપર્ક કરોઃ**
**90333 44426**




**આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.**

# શહેરને સુંદર અને રળિયામણું બનાવવાના મનપાના પ્રયાસો

## શહેરના મુખ્ય માર્ગો પરના વૃક્ષોના સુંદર ક્યારા બનાવવાનું શરૂઃ ત્રણેય ઝોનમાં ૧૫૧ થી વધુ ક્યારા બનાવાયા




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૩

રાજકોટ શહેરને સુંદર અને રળિયામણું બનાવવાના પ્રયાસોના ભાગરૂપે રાજકોટ મનપા દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર ઉછરેલા વૃક્ષો ફરતે સુંદર ક્યારા બનાવવાનું શરૂ કરવામાં આવેલ છે, અત્યાર સુધીમાં ત્રણેય ઝોનમાં કુલ મળીને ૧૫૧થી વધુ ક્યારા બની ચુક્યા છે અને હજુ પણ બાકી રહેલા અન્ય વૃક્ષો માટે ક્યારા બનાવવામાં આવી રહ્યા હોવાનું મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ જણાવ્યું હતું. શહેરના ત્રણેય ઝોનના મુખ્ય રસ્તા પર વૃક્ષો માટે ક્યારા બનાવી તેમાં કપચીથી ભરવામાં આવે છે. આમ કરવાથી ક્યારામાં કચરો નહીં ભરાય અને તેમાં પાણી આસાનીથી જમીનમાં ઉતરી જાય. જો કદાચ કચરો ભરાય તો પણ તે આસાનીથી બહાર કાઢી શકાય છે. ક્યારાને કારણે વૃક્ષ અને તેની આસપાસનો એરિયા ચોખ્ખો અને સુંદર દેખાય છે.

શહેરના વેસ્ટ ઝોનમાં વોર્ડ નંબર-૯મા ૧૦ ક્યારા, વોર્ડ નંબર - ૧૦માં ૧૫૧ ક્યારા બનાવવામાં આવી ચુક્યા છે. ઈસ્ટ ઝોનમાં વોર્ડ નંબર -૧૬મા ૪ અને અન્ય વોર્ડમાં હવે ક્રમશઃ કામગીરી શરૂ કરવામાં આવી રહી છે. સેન્ટ્રલ ઝોનમાં વોર્ડ નંબર-૨ માં રેસકોર્સ ફરતે અને એરપોર્ટ પાસેના રસ્તા પર હાલ આ કામગીરી ચાલુ છે. કમિશનરે વધુમાં એમ જણાવ્યું હતું કે, આ ફલાવર બેડ બનાવવા માટે ફૂટપાથ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતા પથ્થર તેમજ નોનયુઝમાં રહેલ સિમેન્ટ પાઈપલાઈનના વેસ્ટમાંથી તેના કટકાનો ઉપયોગ કરવામાં આવી રહયો છે. આમ વૃક્ષો માટે ચોરસ અને ગોળ આકારના સુંદર ફલાવર બેડ બનાવવાનું શરૂ કરવામાં આવેલ છે(૪.૪)



# પાકો મુર્જાવા લાગ્યા, ખેડૂતોની આકાશ તરફ મિટ

## વરસાદ ખેંચાતા જૂનાગઢના ભેંસાણમાં ખેતરોની મૌલાત મુર્જાવાના આરે



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

ભેસાણ, તા.૧૩

જૂનાગઢના ભેસાણમાં ઓછા વરસાદના કારણે હવે ખેડૂતોના પાકો મુર્જાવા લાગ્યા છે ત્યારે ખેડૂત હવે આકાશ તરફ મિટ માંડીને બેઠો છે.

ભેસાણ તાલુકામા આ વર્ષે ચોમાસામાં દોઢ માસમાં માત્ર સાડા છ ઈંચ વરસાદ પડતાં તમામ જળાશયો બોર,વાડીકુવા તળાવો ખાલીખમ જોવા મળી રહ્યા છે. ખેડૂતોના વાવણીના વાવેતર કરેલા પાકો હવે મુર્જાવા લાગ્યા છે. ભેસાણ માં હાલમાં વરસાદ ખેંચાતા ખેડૂતોની હાલત કફોડી બની છે રોજે રોજ હવે ખેડૂતોની ચિંતામાં વધારો થતો જાય છે ખેડૂતોના બોરમા પાણી છે તે પણ ૨૪ કલાકમાં અડધાથી એક કલાક ચાલે તેટલુંજ છે જે ખેડૂતોને પાણી નથી તેમનો પાક મુરજાય રહ્યો છે અને ઓછું પાણી છે તે ખેડૂતો ટપક પદ્ધતિથી ફુવારા મારફતે ઉભા પાકોને મોલાતને જીવાડી રહ્યા છે.

ખેડૂતોના ખેતરોમાં ઉભેલા પાકોને પાવામાટે પાણી જ નથી તો આવનારા સમયમાં વરસાદ ન પડેતો તો બન્ને બાજુથી માર પડી શકે છે જેથી ખેડૂતો કફોડી સ્થિમાં મુકાય એવી સ્થિતિ બની છે.(૬.૧૩)

# વોર્ડ નં.૪ માં લોકોના પ્રશ્નોને વાચા આપવા 'આપ' દ્વારા જનસંપર્ક કાર્યાલય ખૂલું મુકાયું

## હું ચૂંટણી ભલે હાર્યો પણ લોકોના કામ કરીને દિલ જીતીશ :રાહુલ ભુવા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા,૧૩

આમ આદમી પાર્ટીના રાહુલ ભુવાએ વોર્ડ નંબર ૪ માં ચૂંટણી પૂર્ણ થયા પછી પણ કોરોનાની બીજી લહેર માં ઓક્સિજનની બોટલ, દવાઓ, ડોક્ટરની વ્યવસ્થા, પ્લાઝમા બ્લડ ડોનેશન, મેડિકલ કીટ, મીથીલીન બ્લુનું વિના મૂલ્યેવિતરણ, અને હાલમાં જ ધોરણ ૧ માં વિનામૂલ્યે પ્રવેશ માટે RTE ના ફોર્મ ભરી આપવા જેવી સેવા વિનામૂલ્યે કરી આપી હતી અને હવે લોકોના પ્રશ્નોને કાયમ માટે વાચા આપી શકે તેથી આમ આદમી પાર્ટી વોર્ડ નંબર ચારની સમગ્ર વોર્ડ ટીમ દ્વારા જન સંપર્ક કાર્યાલય જુના મોરબી રોડ ખાતે ખોલવામાં આવ્યું છે.

હાલ તેઓની સમગ્ર વોર્ડ નં.૪ ની ટીમ જન સંપર્ક કાર્યાલય પર ચૂંટણી કાર્ડ, પાન કાર્ડ, આધાર કાર્ડ માં સુધારા વધારા જેવા ઓન લાઈન તમામ પ્રકારના ફોર્મ વિનામૂલ્યે ભરી રહ્યા છે. વોર્ડ નં.૪ ના લોકો પણ કહે છે કે, આમ આદમી પાર્ટીના રાહુલ ભુવા હારિને પણ જીતી ગયા છે. જયારે અમારા કોઈ પ્રશ્નો જીતેલા ઉમેદવારો સંભળતા નથી ત્યારે રાહુલભાઈ ઘરે આવીને મદદ કરી રહ્યા છે. આ તકે રાહુલ ભુવાએ પણ કહ્યું હતું કે, હું ચુંટણી ભલે હાર્યો પણ લોકોના કામ કરીને દિલ જીતીશ આમ આદમી પાર્ટીમાં સૌથી વધુ મત મેળવેલ ઉમેદવાર રાહુલ ભુવા ખરેખર લોકોના કામ કરી દિલ જીતી રહ્યા છે. (૬.૧૪)

# ઉપલેટા મામલતદાર ટીમ દ્વારા રોયલ્ટી વગરના બે ડમ્પર ઝડપી ૧૪.૦૫ લાખનો મુદામાલ સીઝ કર્યો



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

ઉપલેટા તા.૧૩

ઉપલેટા મામલતદાર ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ઉપલેટાના પોરબંદર બાયપાસ રોડ પરથી ૧૨ ટન રોયલ્ટી વગરના જી.જે.૦૩બી.ટી.૨૮૭૫ નંબરના ડમ્પરને ઝડપી રૂપિયા ૫.૩૦/- લાખનો મુદામાલ સીઝ કરેલ જયારે અન્ય એક પોરબંદર રોડ પર મુરખડાના પાટિયા પાસેથી ૩૦ ટન રોયલ્ટી વગરના જી.જે.૧૧ટી.ટી.૯૧૨૬ નંબરના ડમ્પરને ઝડપી રૂપિયા ૮.૭૫/- લાખનો મુદામાલ સીઝ કરેલ પોલીસ હવાલે કરેલ.

ઉપલેટા મામલતદાર ટીમ દ્વારા ઉપલેટા પોરબંદર રોડ પરથી એક ૩૦ ટન અને એક ૧૨ ટન રોયલ્ટી વગરના બે અલગ-અલગ ડમ્પરને ઝડપી રૂપિયા ૧૪.૦૫/- લાખનો મુદામાલ સીઝ કરી ઉપલેટા પોલીસ હવાલે કરવામાં આવ્યા.(૭.૧૩)

## વિશ્વ સિંહ દિવસ નિમિતે

# જૂનાગઢના વસુંધરા નેચર કલબ દ્વારા મોટી સંખ્યામાં કચરો એકત્રિત કરીને તેનો નિકાલ કર્યો

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

જૂનાગઢ, તા.૧૩

વિશ્વ સિંહ દિવસની આખા વિશ્વમાં ઉજવણી થઇ રહી છે જેના ભાગરૂપે વન્યપ્રાણી પ્રેમી સંસ્થાએ વસુંધરા નેચર કલબ દ્વારા વિલિઝન ડેમ સાઈટ પર મોટી સંખ્યામાં કચરો આ સંસ્થા દ્વારા એકત્રિત કરી તેનું નિકાલ કર્યું હતું.

વસુંધરા નેચર કલબના પ્રણવ વઘાસિયાએ લોકોને અપીલ કરી છે કે, આપ જાહેર સ્થળો પર ફરવા જતા હોય, જંગલ વિસ્તારમાં ફરવા જતા હોય, ત્યારે જંગલને કે વન્ય પ્રાણીને નુકસાન ન થાય તે માટે કચરો જંગલમાં કે જાહેરમાં નહિ નાખવા અપીલ કરી છે. (૭.૧૩)

# બ્રજેશ્વર મુખર્જીના શાસ્ત્રીય કંઠ્ય સંગીતના પ્રિમિયર શોની સરાહના

## સપ્તસંગીત આયોજીત કલાસિકલ મ્યુઝિકલ વર્ચ્યુઅલ કોન્સર્ટ સિરીઝમાં પં.અજય ચક્રવર્તીના શિષ્યનો પ્રિમિયમ શો યોજાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૧૩

સપ્ત સંગીતિ ૨૦૨૧ દ્વારા આયોજીત કલાસીકલ મ્યુઝિક વર્ચ્યુઅલ કોન્સર્ટ સીરિઝમાં દેશના યુવા ઉભરતા કલાકારોને મંચ પ્રદાન કરવામાં આવે છે. આ સીરિઝમાં ગત રવિવારના રોજ પં. અજય ચક્રવર્તીના શિષ્ય યુવા સ્વરકાર બ્રજેશ્વર મુખર્જી હિંદુસ્તાની શાસ્ત્રીય કંઠ્ય સંગીત રજુ કર્યું હતું. તેમના પ્રિમિયર શોને શ્રોતાઓ દ્વારા ચોમેરથી પ્રસંશા અને સરાહના મળી હતી.

બ્રજેશ્વરજી ગાયકીમાં તેમના ગુરૂ પંડિત અજય ચક્રવર્તીની તાલીમ અને પટિયાલા ઘરાનાની ઝલક બખુબી જોવા મળી હતી. તેમણે સભાની શરુઆત ઉસ્તાદ આમિરખાન રચીત બંદિશ ''બાર બાર સૈયા'' તાલ જુમરામાં મધ્યલયથી કરી હતી. ત્યારબાદ દ્રુત એકતાલમાં તેમના ગુરૂ પં. અજય ચક્રવર્તીની જ રચના ''મન બૈર બૈર ચાહત'' અને અતિ દ્રુત તીનતાલમાં તરાના રજુ કર્યો હતો. સભાના બીજા ચરણમાં બ્રજેશએ ભૈરવી પરિવારનો રાગ જુંગલા ભૈરવીમાં પ્રાચીન ઠુમરી ''નૈના મોરે તરસ ગયે'' પ્રસ્તુત કરી હતી. આ પ્રસ્તુતિમાં બ્રજેશ્વર મુખજીની સાથે હાર્મોનિયમ પર ગૌરબ ચેટરજીએ તેમજ તબલા પર ઇન્દ્રનીલ ભાદુરીજીએ કાબીલે તારીફ સંગત આપી હતી.

બ્રજેશ્વરજી એ કાર્યક્રમની પ્રસ્તુતિમાં સપ્ત સંગીતિનો ખાસ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રિમિયર શો-ને દેશ-વિદેશથી અનેક શ્રોતાઓએ માણ્યો હતો અને કોમેન્ટસ દ્વારા કલાકારોની ભરપુર સરાહના કરી હતી. (૬.૧૩)

# માણાવદરના દર્શન ચશ્મા ગ્રુપ દ્વારા ૪૦૦ ફૂડ પેકેટનું વિતરણ

## ગ્રુપના મેનેજિંગ ડાયરેક્ટર બિપીન પટેલે તેમના પિતાની પૂણ્યતિથિ નિમિતે જરૂરીયાતમંદ પરિવારોમાં ફૂડ પેકેટનુ વિતરણ



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

માણાવદર, તા.૧૩

માણાવદરના દર્શન ચશ્મા ગ્રુપ દ્વારા ૪૦૦ ફૂડ પેકેટનું ગરીબ પરિવારોમાં વિતરણ કરવામાં આવ્યું. સેવાને પ્રથમ પ્રાધાન્ય આપનાર આ ગ્રુપ દ્વારા અત્યાર સુધીમાં હજારો કિલો ખાદ્ય સામગ્રી ગ્રુપના મેનેજિંગ ડાયરેક્ટર બિપીનભાઈ પટેલે પોતાના માણસોને સાથે રાખીને ઘરે ઘરે પહોંચાડી છે ને પહોંચાડી રહ્યા છે.

તેમણે માત્ર ખાદ્ય પુરવઠો જ પૂરો પાડ્યો નથી અનાજ કપડા જરૂરી આવશ્યક રસોડાનો સામાન તેમજ ચોમાસામાં છત્રીઓ પણ વિનામૂલ્યે દરેક ગરીબ વર્ગના ઘરમાં આપી છે.

તેમણે શહેરના દરેક ઝૂંપડે ફરી ફરીને ૪૦૦ કરતાં વધારે ખાદ્ય સામગ્રીના પેકેટ તૈયાર કરીને દરેકને હાથો હાથ આપ્યા છે. બીપીનભાઈ કહે છે કે આ નશ્વર કાયા ક્યારે પડી જાય એનું કંઈ નક્કી નથી.

ઈશ્વરે જો માનવ અવતાર આપ્યો છે તો તેમાં પુણ્યનું ભાથુ કેમ ના બાંધવું? બિપીન પટેલે આજે તેમના પિતાની પુણ્યતિથિ નિમિત્તે ઝુપડપટ્ટીમાં ૪૦૦ ફૂડ પેકેટનું વિતરણ કર્યું હતું.(૬.૧૩)

# પૂર્વ મંત્રી બાવકુ ઉંધાડની આરોગ્ય મંત્રીને રજૂઆત

## વડીયામાં આયુષ્માન કાર્ડ કાઢવાની પ્રક્રિયા ફરી શરૂ કરવા રજૂઆત



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

વડિયા,તા.૧૩

અમરેલી જિલ્લાના છેવાડાના ગામ અને તાલુકા મથક એવા વડિયા અને કુંકાવાવમાં આવેલી સરકારી હોસ્પિટલમાં આયુષ્યમાન ભારતના કાર્ડ કાઢવાની પ્રક્રિયા ચાલુ હતી. થોડા દિવસ પેહલા આ કાર્ડ કાઢવાની પ્રકિયા વડિયાની સરકારી હોસ્પિટલમાં બંધ કરવામાં આવતા વડિયા વિસ્તારના લોકોને હાલાકી પડી રહી છે. ત્યારે પૂર્વ મંત્રી બાવકુ ઊંધાડ દ્વારા રાજ્યના આરોગ્ય મંત્રી કુમાર કાનાણીને પત્ર લખી ફરી આયુષ્યમાન ભારતના કાર્ડ કાઢવાની પ્રકિયા ફરી શરુ કરવા રજુઆત કરવામાં આવી છે. (૬.૧૩)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)

વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com

એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# અમદાવાદ સ્વામીનારાયણ ગુરૂકુળ ખાતે ત્રિભુવનસત્ર યોજાયું

## ૪૫ જ્ઞાનસત્ર અંતર્ગત કવિવર ત્રિભુવન વ્યાસની સ્મૃતિમાં આયોજન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

અમદાવાદ તા. ૧૩

સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ગત તા.૧૨ના રોજ ૪૫-મા જ્ઞાનસત્ર અંતર્ગત કવિવર ત્રિભુવનભાઈ ગૌરીશંકર વ્યાસની પવિત્ર સ્મૃતિમાં 'ત્રિભુવનસ'નું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના અધ્યક્ષ સ્વામી માધવપ્રિયદાસ તથા પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીની નિશ્રામાં યોજાયેલા આ સત્રમાં ગુરૂકુલ સંસ્થાના વિકાસમાં જેમનું અપાર યોગદાન રહ્યું છે એવા ત્રિભુવનભાઈના સાહિત્ય વિશે મનનીય પ્રવચનો થયા હતા. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના સંસ્થાપક ગુરુદેવ શાસ્ત્રી મહારાજ ધર્મજીવનદાસ સ્વામીના ગોઠિયા મિત્ર, ઉત્તમ શિક્ષક, સ્વાતંત્ર્ય સેનાની, કવિ, લેખક વગેરે અનેક પ્રતિભાઓના સ્વામી એવા ત્રિભુવનભાઈ વ્યાસ દ્વારા ખૂબ મોટા પાયે સાહિત્ય સર્જન થયું છે. આ સાહિત્યે ગુજરાતી ભાષાને ગૌરવવંતી બનાવી છે. ત્યારે એ કવીશ્વરને વંદના કરવાનો પ્રયાસ ગુરૂકુલ દ્વારા કરવામાં આવ્યો હતો.સાથે સાથે પૂજ્ય સ્વામી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસ સ્વામીએ ત્રિભુવનભાઈ વ્યાસ સાથેના પોતાના સંસ્મરણો તથા તેમના ગુરૂદેવ શાસ્ત્રી મહારાજ સાથેના અનોખા સંબંધ વિષે કેટલીક રસપ્રદ વાતો કરી હતી.(૬.૧૩)

## જસદણમાં વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝર દ્વારા

# ૨૦ મકાનની કોલોનીની પાયા વિધિ અને કોરોના વોરિયર્સનું સન્માન કરાયું



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

જસદણ, તા.૧૩

ગત તા.૮ ના રોજ મેમણ કોમ્યુનીટી સેન્ટર ખાતે વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝર સેન્ટર મુંબઈ દ્વારા ''આશિયાના'' પ્રોજેકટ હેઠળ બની રહેલ ૨૦ ફલેટસની મેમન કોલોનીની પાયા વિધી રાખવામાં આવેલ. જે અંગે ભવ્ય સમારંભ ગોઠવવામાં આવેલ. જેમાં મહેમાનો એહસાનભાઈ ગાડાવાલા પ્રમુખ WMO , જેના હાથે પાયાવીધી રાખવામાં આવેલ તેવા મુખ્ય મહેમાન શબ્બીરભાઈ પટકા (જનરલ સેક્રેટરી WMO) હસીનભાઈ અધાડી (ટ્રેઝરર WMO) ભારતના જાણીતા હદય સ્પેશીયાલીસ્ટ ડો.નાશીરભાઈ કુલારા ભુતપુર્વ પ્રેસીડેન્ટ -WMO) શ્રીમાન સોહીલ ખંડવાણી , જાવેદભાઈ પારેખ-નોમીની ખ્વાજા ગરીબ નવાઝ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા, ઇરફાનભાઈ ખીમાણી -પેટ્રેન મેમ્બર- WMO) ઝુબેરભાઈ હાલારી , રીયાઝભાઈ તૈલી , ડો.એ.એ. મેમણ , ખુશબુ હોસ્પીટલ હીમંતનગર, ડો.ગફારભાઈ ડબાવાળા આ ઉપરાંત મહેમાનો ઉપસ્થિત રહેલ જેમાં આવેલા સૌ મહેમાનોનું શબ્દો દ્વારા સ્વાગત મુતવલી જનાબ રફીકભાઈ રાવરાણીએ કરેલ અને શોલ તથા મેમેન્ટો દ્વારા સૌ પ્રથમ સ્વાગત મેમણ જમાતના પ્રમુખ ઇમરાનભાઈ ખીમાણી ખુશીન દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ તથા બાદમાં સમારંભના અધ્યક્ષ જનાબ પટકા સાહેબને મેમોન્ટો જનાબ યુસુફભાઈ અઝીઝભાઈ પરીયાણી, જૈનબ સ્ટોર્સ દ્વારા આપી સ્વાગત કરવામાં આવેલ આ ઉપરાંત જનાબ યાકુબભાઈ ખીમાણી, રહીમભાઈ હકીમ તેમજ આરીફભાઈ ભૈયા, આરીફભાઈ મુન્ના કોલ્ડ્રીકસ વગેરે દ્રઢ સૌ મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ મહેમાનોમાંથી સૌ પ્રથમ ડો.નાશીરભાઈ ફુલારાએ પોતાના વકતવમાં જણાવેલ કે, હજુ આર્થિક રીતે આપણે ઘણું આગળ વધવાનું છે. માત્ર મકાન નહી પણ શીક્ષણમાં પણ આગળ આવી સમાજ તથા દેશને ઉપયોગી બનવાનું છે. વર્લ્ડ મેમન ઓર્ગેનાઈઝર (WMO)ના પ્રમુખ અહેસાનભાઈ ગાડાવાળાએ જણાવેલ કે આ મકાનથી કઈ નહી થાય પરંતુ આ મકાન વધુને વધુ બને હું માનું છું કે, ૬૦ મકાન બને એક પણ જસદણનો ગરીબ માણસ મકાન વગરનો ન રહે તે મારી નેમ છે. આ ઉપરાંત તેણે સ્કૂલ બનાવો તેમાં પણ તેઓનો અને તેઓની ટીમનો સહકાર રહેશે એક પણ બાળક શિક્ષણ વગરનું ન રહે તેવી તેણે તાકીદ કરેલ. અંતે કાર્યકૂમનો ચીતાર અને કોલેનીના ખર્ચ અંગેનું આયોજન અને સુવીધા વગેરે બાબતો કાર્યકૃમના સંચાલક જનાબ સલીમભાઈ ખીમાણી ( માસ્તર ) એ સમજાવી આભાર વીધી કરેલ- આ કાર્યક્રમને સફળ બનાવવો વર્લ્ડ મેમન ઓર્ગેનાઈઝરની યુથ વીંગ દ્વારા કરવામાં આવેલ. કોલોની ની જગ્યાએ જનાબ રસીદભાઈ કમલવાળા એ સાથે જઈ પાયાવીધી કરાવી હતી અને જમણવાર પછી આ કાર્યક્રમ પુર્ણ થયેલ જાહેર કરવામાં આવેલ. ગામમાંથી વડીલો, બહાર ગામથી મહેમાનો, પત્રકારો વગેરે આ કાર્યક્રમ માં ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં કોરોના -૧૯ વોયર્સનું પણ સન્માન કરવામાં આવેલ અને તેની કામગીરીને બીરદાવવામાં આવેલ, તેઓને સર્ટીફીકેટ આપી તેની કામગીરીને બીરદાવવામાં આવી. (૭.૧૩)

# દિવ્ય જીવન સંઘ દ્વારા નિઃશુલ્ક દંત ચિકિત્સા કેમ્પ યોજાશે

## ટોરેન્ટ ફાર્મા લેબોરેટરીના સહયોગથી ડાયાબીટીસ નિદાન કેમ્પનું પણ આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૧૩

દિવ્યા જીવન ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા નીઃશૂલ્ક દંત ચિકિત્સા કેન્દ્ર હવેથી દર મંગળવારે શરૂ કરવામાં આવ્યા છે. તદઅનુસાર આગામી તા.૧૭ ને મંગળવારે સવારે ૯ થી ૧૦ દંતયજ્ઞ શિવાનંદ ભવન,૬/૯ જકશન પ્લોટ, રજોટ ખાતે રાખવામાં આવે છે. દંતયજ્ઞમાં દાંતના દર્દીઓના દુઃખતા, સડેલા, નબળા દાંત ઇન્જેક્શન વગર આયુર્વેદ પધ્ધતિથી દુઃખાવા વગર કાઢી આપવામાં આવશે. અને દાંતના અન્ય રોગોની સારવાર અને દવા વિનામૂલ્યે આપવામાં આવશે. દંતયજ્ઞમાં રાજકોટના દંતવૈદ્ય ડો.જયસુખભાઈ મકવાણા સેવા આપશે. જરૂરિયાત વાળા દર્દીઓના વહેલા તે પહેલાના ધોરણે બત્રીસી નીઃશુલ્ક/રાહતદરે બનાવી અપાશે. આ ઉપરાંત ટોરેન્ટ ફાર્મા લેબોરેટરીના સહયોગથી ડાયાબીટીસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં ડાયાબીટીસ દર્દીઓના લેબોરેટરી તપાસ કરી સારવાર અંગે યોગ્ય સલાહ આપવામાં આવશે. દંત યજ્ઞનો લાભ લેવા ઈચ્છુક દર્દીઓએ સ્થળ પર સવારે ૮:૩૦ થી ૧૦ સુધીમાં કેસ પેપર મેળવી લેવા અનુરોધ કરાયો છે. દંત યજ્ઞમાં આવનાર દર્દીઓએ કોવીડ-૧૯ ની માર્ગદર્શિકાનું પાલન ફરજીયાત રહેશે તેમ સંસ્થાની યાદીમાં જણાવ્યું છે. (૬.૧૪)

**વેરાવળ હીરણ નદીના કાંઠે પાણીમાં તરતા સિંહનો મૃતદેહ મળતા ખળભળાટ**

## તંત્રી સ્થાનેથી...

# પાણીમાં તરતું આસામ

છેલ્લા કેટલાક સમયથી આસામ સતત ઉપેક્ષાનો ભોગ બની રહ્યું છે. એક રીતે જુઓ તો આખું આસામ અત્યારે પાણીમાં તરી રહ્યું છે. જે પરિસ્થિતિ આસામમાં છે એવી જ વિષમ પરિસ્થિતિ જો ઉત્તર પ્રદેશના કોઈ એક જિલ્લામાં થઈ હોત તો અત્યાર સુધીમાં વડાપ્રધાન ત્રણ વખત ત્યાં ચક્કર લગાવી ચૂક્યા હોત અને કરોડો રૂપિયાના રાહત પેકેજ એક પછી એક જાહેર કર્યા હોત. આસામ તરફ કેન્દ્ર સરકારનું ધ્યાન નથી એ હકીકત છે. દર વર્ષે એકાદ પ્રસંગ તો એવો ઊભો થાય છે જ કે આસામની ભારત સરકાર ઉપેક્ષા કરે છે એ વાત સાબિત થઈ જાય છે. પછી આસામનું સંકટ દૂર થઈ જશે ત્યારે સરકાર મીઠી મીઠી વાતો ઉચ્ચારવાની શરૂઆત કરશે. પૂર્વોત્તર ભારતની વિકાસ વારતાઓ મોદીકંઠે સાંભળવી અને ખુશનુમા ખયાલમાં રહેવું એનો તરંગી નશો આસામને પણ છે. એની સામે વાસ્તવ એ છે કે બ્રહ્મપુત્ર નદી ખૂંખાર અને ભયાનક પ્રવાહે વહી રહી છે. ઈ. સ. ૧૯૮૭ પછી પહેલી વખત આસામના પાટનગર ગૌહાટીમાં બ્રહ્મપુત્રે પ્રવેશ કર્યો છે. શહેરના તમામ રસ્તાઓ અસલ નદી જ જોઈ લો એવા બની ગયા છે. એક તો આસામ રાજ્ય સરકારને પોતાના સંકટ વિશેનો કેન્દ્ર સમક્ષ ઢોલ વગાડતા આવડતો નથી અને બીજી બાજુ આસામના વિરોધ પક્ષો પણ આ બ્રહ્મપુત્રમાં પાણી આવ્યુ એ પહેલાંથી પાણીમાં બેઠેલા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે જરૂરી એવી સાધન સંપન્નતા જો ગુજરાત, મહારાષ્ટ્ર કે રાજસ્થાનમાં પણ આજે ન હોય તો દરિદ્ર નારાયણ આસામ પાસે તો ક્યાંથી હોય ? ઉદાહરણ તરીકે નર્મદા નદીના પાણી ગમે ત્યારે ભરૂચ શહેરમાં પ્રવેશી શકે છે.

અત્યારે એવી કોઈ શક્યતા નથી પરંતુ ભવિષ્યમાં ગમે ત્યારે એ સંભવ છે. કારણ કે નર્મદા ડેમ અને નર્મદા નદી અને મધ્યપ્રદેશના અમરકંટક સરોવરથી ભરૂચ શહેર સુધીની ભૂસ્તરીય સ્થિતિ એવી છે કે જો વરસાદ હદ કરતાં વધે તો ભરૂચ નર્મદામૈયાથી જળબંબાકાર થઈ જાય. આ વાત સૌ જાણે છે. પરંતુ આજની તારીખમાં ભરૂચ જિલ્લાના કલેક્ટરના ટેબલ પર એવા કોઈ સંકટ સમયે પહોંચી વળવા માટેનો માસ્ટર પ્લાન તૈયાર નથી. નર્મદા ડેમના જૂની પેઢીના એન્જિનિયરોએ તત્કાલીન રાજ્ય સરકારને અને તત્કાલીન મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલને એક લેખિત દસ્તાવેજ આપેલો છે જેમાં સ્પષ્ટ કહ્યું છે કે ભરૂચ શહેરને જળ પ્રલયમાં ઉગારવા માટેની બ્લ્યૂ પ્રિન્ટ તૈયાર હોવી જોઈએ. આજે તો એ બધા એન્જિનિયરો પણ વયોવૃદ્ધ અને તેમાંના મહત્ તો દિવંગત થઈ ગયા છે. આસામ સરકારને દર વરસે બ્રહ્મપુત્ર નદીના ઘોડાપૂરનો પરિચય થાય છે. દર વરસે આસામમાં જળપ્રલય સર્જાય છે. દર વર્ષે હજારો માણસો અને પશુધન બ્રહ્મપુત્રના પ્રલયકારી જળમાં સમાધિ લઈ લે છે. ગયા વરસની જેમ જ આ વરસે પણ કાઝિરંગા અભયારણ્યનો એંસી ટકા વિસ્તાર જળમાં ડૂબેલો છે. અભયારણ્યની વ્યાખ્યા જ બદલી ગઈ છે. વરસાદી પાણી ઘૂઘવાટા કરતા બધે ફરી વળ્યા છે. ઊંચા વિસ્તાર કે નાની ટેકરીઓ પર જીવ બચાવવા પ્રાણીઓ ભરાયેલા છે. આ વખતે આસામના લાખો લોકોએ જિંદગી એકડે એકથી શરૂ કરવી પડશે કારણ કે તેમની તમામ ઘરવખરી તણાઈ ગઈ છે. રાજ્ય સરકાર બધે પહોંચી વળતી નથી અને કેન્દ્રને તો આસામની કંઈ પડી નથી.

### પક્ષ-વિપક્ષ જરા સમજોઃ ૧ મિનીટ સંસદ ચલાવવાનો ખર્ચ થાય છે ૨.૫૦ લાખ

# સંસદમાં થયેલા હોબાળાને કારણે સામાન્ય પ્રજાના ૨૬૪૦ કરોડ પાણીમાં ગયા!

## બન્ને સભાની કાર્યવાહી ૨૨૬ કલાકની હતી, માત્ર ૫૦ કલાકની જ કામગીરી થઈ

## આટલી રકમમાં અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ત્રણ નવી સંસદ બની જાય!

**(એજન્સી સમાચાર)**

ન્યુ દિલ્હી,તા.૧૩

સંસદના ચોમાસુ સત્રમાં થઈ રહેલા હોબાળાના કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહીથી જનતાના ૨૬.૪૦ અબજ રૂપિયાનું પાણી થઈ ગયું છે. આમાં થોડાક વધારે પૈસા નાંખવામાં આવે તો આટલી રકમમાં અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ત્રણ નવી સંસદ બની જાય! સરકારે આ સત્રમાં રાજ્યસભાને જાણકારી આપી કે નવા સંસદ ભવનના નિર્માણનો લગભગ ૯૭૧ કરોડ રૂપિયા ખર્ચ આવી રહ્યો છે. એક અંદાજ પ્રમાણે સંસદ સત્ર ચાલવા પર દર મિનિટે ૨.૫ લાખ રૂપિયા ખર્ચ થાય છે. પીઆર લેજિસ્લેટિવ રિસર્ચના આંકડા જણાવે છે કે ચોમાસુ સત્રમાં સંસદની પ્રોડક્ટિવિટી છેલ્લા ૨ દાયકામાં ચોથી સૌથી ઓછી રહી.

સંસદના નીચલા ગૃહ લોકસભાની ઉત્પાદક્તા ફક્ત ૨૧ ટકા રહી, જ્યારે ઉપલા ગૃહની પ્રોડક્ટિવિટી ૨૯ ટકા રહી. લોકસભા ૧૯ દિવસ સુધી દરરોજ ૬ કલાક પ્રમાણે ચાલવાની હતી. જો કે પેગાગસ જાસૂસી કાંડ અને નવા કૃષિ કાયદાની વાપસી જેવી માંગોને લઈને હોબાળાથી ગૃહની કાર્યવાહીમાં અવરોધ ઉભો થયો. આ કારણે લોકસભામાં કુલ મળીને ૨૧ કલાક જ કામકાજ થઈ શક્યું. તો રાજ્યસભામાં ૨૯ કલાક કામકાજ થયું. પીઆરએસ લેજિસ્લેટિવ રિસર્ચ પ્રમાણે ચોમાસુ સત્રમાં લોકસભા અને રાજ્યસભાને ૧૯ દિવસમાં ક્રમશઃ ૧૧૪ અને ૧૧૨ કલાક કામ કરવાનું હતું.આવામાં ૨૦૧૬ના શિયાળુ સત્ર બાદ લોકસભામાં આ વખતે સૌથી ઓછું કામ થયું. ૨૦૧૬ના શિયાળુ સત્રમાં લોકસભાની કાર્યવાહી શિડ્યુલ ટાઇમના ફક્ત ૧૫ ટકા સમય સુધી જ ચાલી. જો ચોમાસુ સત્રમાં લોકસભા માટે નક્કી કરવામાં આવેલા ૧૧૪ અને રાજ્યસભા માટે નિર્ધારિત ૧૧૨ કલાકને જોડી દઈએ તો સંસદમાં બંને સંસદોને મળીને કુલ ૨૨૬ કલાક થવાનું હતું, પરંતુ થયું ફક્ત ૨૧ ૨૯ એટલે કે ફક્ત ૫૦ કલાક. અલગ અલગ અનુમાનો પ્રમાણે સંસદની દર મિનિટની કાર્યવાહી પાછળ ૨.૫ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. આ રીતે ૨૨૬ કલાક એટલે કે ૧૩,૫૬૦ મિનિટની કાર્યવાહી પાછળ લગભગ ૩૩.૯૦ અબજ રૂપિયા ખર્ચ થયા. બંને ગૃહમાં થયેલા કામકાજના કલાકને જોડીએ તો આ કુલ ૫૦ કલાક જ થાય છે. એટલે કે ૫૦ કલાક એટલે કે ૩,૦૦૦ મિનિટો પર ખર્ચ થયેલા ૭.૫૦ અબજ રૂપિયાનો ઉપયોગ થયો. ૨૨૬ કલાકમાંથી ફક્ત ૫૦ કલાક જ કામકાજ થયું, આનો અર્થ છે કે ૧૭૬ કલાક એટલે કે ૧૦,૫૬૦ મિનિટ બેકાર ગઈ. બેકાર ગયેલી આ મિનિટો પર ૨૬.૪૦ અબજ રૂપિયા ખર્ચ થયો. સદઉપયોગ થયેલા ૭.૫૦ અબજ રૂપિયાને નીકાળી દેવામાં આવે તો આ રકમ ૨૬.૪૦ અબજ રૂપિયા થાય છે. એટલે કહી શકાય કે સંસદના ચોમાસુ સત્રમાં જનતાની કમાણીના ૨૬.૪૦ અબજ રૂપિયાનો ધૂમાડો થયો. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨ દાયકાઓમાં બંને ગૃહોનું સૌથી ખરાબ પ્રદર્શન વર્ષ ૨૦૧૦ના શીયાળુ સત્ર દરમિયાન થયું હતું.(૩.૧૫)

### ગુજરાતના ૬ પોલીસ કર્મચારીઓને ગૃહ મંત્રાલય તરફથી મેડલની જાહેરાત

# દેશના ૧૫૨ પોલીસકર્મીઓને મળશે એક્સીલન્સ ઈન ઈન્વેસ્ટીગેશન મેડલ

**(એજન્સી સમાચાર)**

ન્યુ દિલ્હી,તા.૧૩

દેશના ૧૫૨ પોલીસકર્મીઓને આ વર્ષે યુનિયમ હોમ મિનિસ્ટર્સ મેડલ ફૉર એક્સીલેન્સ ઈન ઈન્વેસ્ટીગેશન મેડલથી નવાજવામાં આવશે. ઉત્કૃષ્ટ વિવેચના માટે આ પોલીસકર્મીઓને સમ્માનિત કરવામાં આવશે. વર્ષ ૨૦૨૧ના આ અવૉર્ડ માટે સૌથી વધુ સીબીઆઈના ૧૫ પોલિસકર્મી શામેલછે. વળી, આ ૧૫૨માંથી ૨૮ મહિલા પોલિસ અધિકારી પણ શામેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ગુરુવારે આ માહિતી આપી છે.

સીબીઆઈના ૧૫ કર્મીઓ ઉપરાંત મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર પોલીસના ૧૧-૧૧, ઉત્તર પ્રદેશ પોલીસના ૧૦, કેરળ અને રાજસ્થાન પોલીસના ૯-૯, તમિલનાડુ પોલિસના ૮, બિહારના ૭, ગુજરાત, કર્ણાટક અને દિલ્હી પોલીસના ૬-૬ કર્મીઓને અવૉર્ડ આપવામાં આવશે. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે એટલે કે ૨૦૨૦માં કુલ ૧૨૧ પોલીસ અધિકારીઓને આનાથી સમ્માનિત કરવામાં આવ્યા હતા.ગયા વર્ષે પણ સર્વાધિક ૧૫ અધિકારી સીબીઆઈના હતા. જ્યારે મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રના ૧૦-૧૦ કર્મીઓને આ મેડલ પ્રાપ્ત થયો હતો. તમને જણાવી દઈએ કે આ મેડલની સ્થાપના ૨૦૧૮માં કરવામાં આવી હતી. આ પુરસ્કાર પાછળનો ઉદ્દેશ્ય ગુનાની તપાસના ઉચ્ચ પ્રોફેશનલ માનકોને પ્રોત્સાહન આપવા અને અધિકારીઓ દ્વારા તપાસમાં આ પ્રકારની ઉત્કૃષ્ટાની ઓળખ કરવાનો છે.(૩.૧૫)

**આ પોલીસ કર્મચારીઓને મળશે એવોર્ડ**

એસીપી નિતેશ પાંડેય – જામનગર
ડીસીપી વિધી ચૌધરી – સુરત
પીઆઇ મહેન્દ્ર સાલુંકે –
પીઆઇ મંગુભાઈ તડવી –
પીઆઇ દર્શનસિંહ બારડ – અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ
પીઆઇ એ.વાય બલોચ – અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ

# ગોંડલમાં રીક્ષા પર થુંકવા મુદ્દે માતા -પુત્ર પર ૧૦ શખ્સોનો ધોકા પાઇપ વડે હુમલો

## માતાની આંગળી ભાંગી નાખી ; પુત્રને ઢીંકાપાટુનો મારમારતા સારવાર હેઠળ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા ૧૩

ગોંડલ વોરા કોટડા રોડ પર સરકારી આવસમાં રહેતા માતા - પુત્રને રિક્ષામાં થુંકવા બાબતે ૧૦ શખ્સોએ ધોકા પાઇપ વડે મારમારતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોંડલ વોરા કોટડા રોડ પર સબ જેલ પાસે આવાસ યોજનામાં રહેતા આશાબેન મારુતિભાઈ હજારે ( ઉ.વ ૪૦)એ ગઈકાલે મુસ્લિમ પાડોશીની રીક્ષા ઉપર થુંકયા હતા. જે બાબતેનો ખાર રાખી ૧૦ મુસ્લિમ શખ્સોએ ધોકા પાઇપ સાથે ધસી જઈ આશાબેન, તેના પુત્ર આદિત્ય હજારેને મારમારી નાશી છૂટચા હતા. મહિલાની આંગળી ભાંગી જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર મેળવી હતી.(૫.૧૫)

### સુપ્રીમના પૂર્વ જજ માર્કન્ડેય કાત્જુનું નિવેદન

# ભારતમાં જે બની રહ્યું છે તેનાથી હું નિરાશ છું

**(એજન્સી સમાચાર)**

ન્યુ દિલ્હી,તા.૧૩

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ માર્કન્ડેય કાત્જુએ દેશની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ટ્વીટમાં લખ્યું હતુંકે, ભારતમાં જે બની રહ્યું છે તેનાથી હું નિરાશ છું. આ સ્થિતિમાંથી નીકળવા માટે ક્રાંતિ જ એકમાત્ર રસ્તો છે. જોકે તેની સંભાવના નથી દેખાઈ રહી.

માર્કન્ડેય કાત્જુએ લખ્યું હતું કે, ભારતમાં જે બની રહ્યું છે તેનાથી હું બિલકુલ નિરાશ છું. આપણું રાજકારણ સૌથી નીચલા સ્તરે પહોંચી ગયું છે. આપણું અર્થતંત્ર ચીમળાઈ ગયું છે. બેરોજગારી અને મોંઘવારી વધી છે. મોટા ભાગના લોકો જાતિવાદ અને સાંપ્રદાયિકતામાં ડૂબેલા છે. ક્રાંતિ જ એકમાત્ર રસ્તો છે પરંતુ ક્રાંતિની કોઈ સંભાવના નથી દેખાઈ રહી. કાત્જુ સતત દેશની સ્થિતિને લઈ સવાલો કરતા રહે છે.

તાજેતરમાં તેમણે એક લેખમાં લખ્યું હતું કે, દેશની જનતા પેટ ભરવા માટે સંઘર્ષ કરી રહી છે. વધુમાં લખ્યું હતું કે, મીડિયાના કેટલાક વર્ગોએ જે રીતે આ મુદ્દો ઉજાગર કર્યો, તેનાથી લાગે છે કે, પેગાસસ કેસ સ્વર્ગમાંથી ઉતરી આવ્યો છે. સત્ય એ છે કે, ભારતમાં સામાન્ય માણસ પોતાનું અને પોતાના પરિવારનું પેટ ભરવા માટે સંઘર્ષ કરી રહ્યો છે અને તેને પેગાસસની ભાગ્યે જ કોઈ ચિંતા છે.

કેટલાક લોકો એવું માને છે કે, પેગાસસ કેસનો અર્થ ભારતમાં લોકશાહીના અંત સાથે છે કારણ કે હવે અભિવ્યક્તિની સ્વતંત્રતા નહીં રહે. પરંતુ ભારતીય લોકશાહી મોટા પાયે જાતીય અને સાંપ્રદાયિક વોટબેંકન હતી. બીજા શબ્દોમાં લોકશાહીનું નાટક. જ્યારે કોઈ વસ્તુનું અસ્તિત્વ જ નથી તો તે ખતમ કઈ રીતે થશે? તે સિવાય ભારતમાં મોટા ભાગના લોકો નોકરી, પૌષ્ટિક ભોજન અને સ્વાસ્થ્ય સંબંધી દેખભાળ વગેરે ઈચ્છે છે. બોલવાની આઝાદી ભાગ્યે જ તેમના માટે મહત્વની છે.(૩.૧૩)



### ટેક્સ પેયર્સ માટે ગુડ ન્યૂઝ

# આવકવેરા વિભાગ આઈટીઆર માટે કપાયેલી લેટ પેમેન્ટ ફી પાછી આપશે

**(એજન્સી સમાચાર)**

ન્યુ દિલ્હી,તા.૧૩

આવકવેરા વિભાગે આ મહિનાની શરૂઆતમાં આઈટીઆર ફાઈલ કરનારા લોકોની ભૂલમાં કપાયેલી લેટ ફીઝ પાછી આપવાનો નિર્ણય લીધો છે. આ એ તમામ ટેક્સપેયર્સ માટે રાહતના સમાચાર છે જેઓ લેટ પેમેન્ટની ફીઝ કપાવાથી પરેશાન હતા. આવકવેરા વિભાગના કહેવા પ્રમાણે ૩૦ જુલાઈ બાદ રિટર્ન દાખલ કરનારાઓની જે પણ લેટ પેમેન્ટ ફીઝ, વધારાનું વ્યાજ કપાયું છે તે પાછું આપી દેવામાં આવશે.

આવકવેરા વિભાગે જણાવ્યું કે, આઈટીઆર સોટવેરની ભૂલના કારણે આ બન્યું હતું અને તેને ૧ ઓગષ્ટ સુધીમાં ઠીક કરી દેવામાં આવ્યું હતું. આ ભૂલના કારણે ૩૦ જુલાઈ બાદ આવકવેરો ભરનારાઓનું સેકશન ૨૩૪છ અંતર્ગત વ્યાજ અને સેકશન ૨૩૪ક્ષ અંતર્ગત લેટ પેમેન્ટની ખોટી ગણતરી થતી હતી અને લોકોના એકાઉન્ટમાંથી તે પૈસા કટ થઈ રહ્યા હતા.

ઈનકમ ટેક્સ વિભાગે જ્યારથી નવું પોર્ટલ લોન્ચ કર્યું છે ત્યારથી કોઈ ને કોઈ નવી સમસ્યા આવતી રહે છે. આ મહિનાની શરૂઆતમાં એક નવી સમસ્યા આવી હતી કે ૩૧ જુલાઈ બાદ ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરનારાઓની લેટ પેમેન્ટ પેનલ્ટી કપાઈ, જ્યારે રિટર્નની લાસ્ટ ડેટ લંબાવીને ૩૦ સપ્ટેમ્બર કરી દેવામાં આવેલી છે.

સામાન્ય રીતે ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની લાસ્ટ ડેટ ૩૧ જુલાઈ હોય છે પરંતુ કોરોના સંકટને ધ્યાનમાં રાખીને વિભાગે આ વર્ષે રિટર્ન ફાઈલ કરવાની લાસ્ટ ડેટ લંબાવીને ૩૦ સપ્ટેમ્બર કરી દીધી છે.(૩.૧૩)

# ૧૫ ઓગસ્ટે ન્યૂયોર્કના ટાઈમ્સ સ્કેવરમાં અત્યાર સુધીનો સૌથી મોટો તિરંગો ફરકાવાશે

**(એજન્સી સમાચાર)**

ન્યૂયોર્ક,તા.૧૩

ભારતના ૭૫મા સ્વાતંત્ર્ય દિવસની શાનદાર ઉજવણી અમેરિકાના ન્યૂયોર્કના ટાઈમ્સ સ્કેવરમાં કરવા માટે તૈયારીઓ શરુ કરી દેવાઈ છે.

ભારતીય મૂળના નાગરિકો દ્વારા દર વર્ષે અહીંયા આઝાદી પર્વની ઉજવણી કરાતી હોય છે પણ આ વખતે અત્યાર સુધીનો સૌથી મોટો તિરંગો ટાઈમ્સ સ્કેવરમાં ફરકાવવામાં આવશે. આ તિરંગો ૨૫ ફૂટ ઉંચા પોલ પર ફરકાવાશે. જેની લંબાઈ ૧૦ ફુટ અને પહોળાઈ ૬ ફૂટ હશે. ભારતના અમેરિકા સ્થિત કોન્સ્યુલ જનરલના હસ્તે આ તિરંગો ફરકાવવામાં આવશે.

ફેડરેશન ઓફ ઈન્ડિન એસોસિએશન નામના સંગઠન દ્વારા દિવસભર વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે.

સાથે સાથે ન્યૂયોર્કના ખ્યાતનામ એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગને પણ તિરંગાના રંગોમાં રોશન કરાશે.

સાંજના સમયે ન્યૂયોર્કની હડસન નદીમાં એક ક્રુઝનુ આયોજન કરાયુ છે. જેમાં વીઆઈપીઓ પણ હાજરી આપશે. આઝાદી પર્વે યોજનારા સમારોહમાં ભારતીય મૂળના અમેરિકન ચેસ પ્લેયર અને સૌથી નાની વયના ગ્રાન્ડ માસ્ટર અભિન્યુ મિશ્રા પણ હાજરી આપશે. તેની વય માત્ર ૧૨ વર્ષની છે.

જયારે વિમ્બલડન જુનિયર ટુર્નામેન્ટ જીતનાર ભારતીય મૂળના ૧૭ વર્ષના સમીર બેનરજીને સન્માનિત કરાશે.(૩.૧૩)

# ધૂમ મચાવવા આવી રહી છે અનોખી વોર ફિલ્મ ભુજ

**(એજન્સી સમાચાર)**




બોલિવૂડ એક્ટર અજય દેવગનની અપકમિંગ ફિલ્મ 'ભુજઃ ધ પ્રાઈડ ઓફ ઈન્ડિયા'નું ટીઝર આવી ગયું છે. આ ટીઝરમાં વોર સીન જોવા મળી રહ્યા છે. સાથે-સાથે અજય દેવગનના દમદાર ડાયલોગ લોકોનું ધ્યાન આકર્ષિત કરી રહ્યા છે.૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ આધારિત 'ભુજઃ ધ પ્રાઈડ ઓફ ઈન્ડિયા'માં અજય દેવગન IAF સ્કવોડ્રન લીડર વિજય કાર્ણિકના પાત્રમાં જોવા મળશે આ ફિલ્મનું પ્રીમિયર આજે સીધા ઓટીટી પ્લેટફોર્મ પડિઝની પ્લસ હોટસ્ટારથ પર થવાનું છે.

ભુજઃ ધ પ્રાઈડ ઓફ ઈન્ડિયાથ ફિલ્મનું ટીઝર રીલિઝ થઇ ગયું છે. બોલિવૂડ એક્ટર અજય દેવગન અને નોરા ફતેહીએ નભુજઃ ધ પ્રાઈડ ઓફ ઈન્ડિયાથનું ટીઝર પોતાના સોશિયલ મીડિયા પર શેર કર્યું હતું. ટીઝરમાં અજય દેવગણનો અવાજ સંભળાય છે. અજય દેવગને પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આજ સુધીની સૌથી મોટી લડત લખીને આ ફિલ્મનું ટીઝર રીલિઝ કર્યું હતું. આ ફિલ્મ અભિષેક દુધૈયા દ્વારા દિગ્દર્શિત છે. ફિલ્મ એક સાચી ઘટના પર આધારિત છે. ફિલ્મની વાર્તા ૧૯૭૧ માં ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન બનેલી સત્ય ઘટના પર આધારિત છે. અજય ઇન્ડિયન એરફોર્સનાસ્કવોડ્રોન લીડર વિજય કર્ણિકની ભૂમિકામાં જોવા મળશે. વિજય કર્ણિક ભુજ એરપોર્ટ પર પોતાની ટીમ સાથે હાજર હતા. દરમિયાન પાકિસ્તાન તરફથી બોમ્બ ફેકવામાં આવ્યા હતા. તેમની ટીમે ૩૦૦ સ્થાનિક મહિલાઓની મદદથી ભુજમાં નષ્ટ થયેલી ભારતીય વાયુ સેનાની હવાઈ પટ્ટીનું ફરીથી નિર્માણ કર્યું હતું.ફિલ્મના ટીઝરમાં ફિલ્મની નાની ઝલક બતાવવામાં આવી છે.(૯.૧૫)

### સાયલાના મોટી મોરસલ ગામનાનો બનાવ

# દોઢ માસથી લાપતા આધેડનો મૃતદેહ બંધ મકાનના ભોંટાકામાંથી મળ્યો : હત્યાની આશંકા

## આધેડના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટ મોર્ટમ અર્થે રાજકોટ ખસેડાયો ; પોલીસ તપાસનો ધમધમાટ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ તા,૧૩

સાયલા તાલુકાના મોટી મોરસલ ગામે દોઢ માસથી ગુમ થઈ ગયેલા આધેડનો ગામમાં બંધ મકાનના ભોંટાકામાંથી મૃતદેહ મળી આવતા પરિવારમાં શોકની લાગણી સાથે અરેરાટી મચી જવા પામી છે. ભોંટાકાના ઢાંકણા પર પથ્થરો મુકયા હોવાથી આધેડની હત્યા થયાની આશંકા સાથે આધેડના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ ખસેડાયા છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ સાયલા તાલુકાના મોટી મોરસલ ગામે રહેતા શવસીભાઈ ચતુરભાઈ ડાભી નામના ૫૦ વર્ષના આધેડનો ગામમાં બંધ મકાનના ભોંટાકામાંથી મૃતદેહ મળી આવતા પરિવારમાં અરેરાટી સાથે કરુણ કલ્પાંત સર્જાયો છે.

આ બનાવ અંગે પ્રાથમિક પુછતાછમાં શવસીભાઈ ડાભીને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. શવસીભાઈ ડાભી દોઢમાસથી ઘરેથી નીકળી ગયા હતા પરંતુ શવસીભાઈ અવાર-નવાર ગાડીમાં જતા રહેતા હોવાથી પરિવારને ગાડીમાં ગયાની શંકાને આધારે આધેડ ગુમ થયા અંગેની પોલીસમા જાણ કરી ન હતી પરંતુ દોઢમાસ જેટલો સમય વીતી જવા છતાં સવસીભાઈ ડાભી ઘરે પરત નહીં ફરતા પરિવારે શોધખોળ હાથ ધરી હતી. તે દરમિયાન ગામમાં બંધ પડેલા સુગાભાઈ લાખાભાઈ વાઘેલાના રહેણાંક મકાનના ભોંટાકામાંથી શવસીભાઈ ડાભીનો મૃતદેહ મળી આવ્યો હતો. ટાકાના ઢાંકણા ઉપર પથ્થરો પડ્યા હોવાથી આધેડને ટાકામાં ફેંકી દઈ હત્યા થઈ હોવાનું પરિવારે શંકા વ્યકત કરતા પોલીસે આધેડના મૃત્યુનું કારણ જાણવા ફોરેન્સીક પીએમ અર્થે મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. પીએમ રીપોર્ટ આવ્યા બાદ આધેડના મૃત્યુનુ કારણ જાણવા મળશે તેવું પોલીસસુત્રોમાંથી જાણવા મળ્યું છે.(૫.૧૫)

### બધા પાટીદારો પૈસાદાર નથી, બિલને હાર્દિકનો આવકાર

# ઓબીસીમાં પાટીદાર સમાજનો સમાવેશ કરોઃ હાર્દિક પટેલની માંગ



**(એજન્સી સમાચાર)**

સુરત,તા.૧૩

કોંગ્રેસ નેતા હાર્દિક પટેલ ત્રણ દિવસથી સુરતની મુલાકાતે હતા. આજે ત્રીજા દિવસે તેમણે મીડિયા સાથે ઓબીસી સંશોધન બિલને લઈને વાત કરતા જણાવ્યું કે બિલને હું આવકારું છું. અનામતની ૫૦ ટકાની મર્યાદા વધારવી જોઈએ અને પાટીદાર સમાજને ઓબીસીમાં સમાવવા માટે બે વર્ષથી અરજી કરી છે તેનો ઉકેલ લાવો.

હાર્દિકે વધુમાં જણાવ્યું હતું કે ઓબીસી અનમાત બિલનો સ્વીકાર કરું છું પરંતુ સરકારને મારી વિનંતી છે કે દરેક સમાજના આર્થિક અને સામાજિક ધોરણે સર્વે કરવામાં આવે. જેથી કરીને ખરેખર અનામતનો લાભ કયા સમાજને કેટલી જરૂરિયાત છે તે મુજબ આપવો જોઈએ. જેથી દરેક સમાજના લોકોને લાભ મળી શકે. ઓબીસી સંશોધન બિલની અંદર આ અગાઉ પણ આ રીતે રાજ્ય સરકારને ઓબીસીમાં જે જ્ઞાતિને સમાવવી હોય તે જ્ઞાતિને સમાવવા માટેની સત્તા હતી પરંતુ તે કેન્દ્ર સરકાર દ્વારા લઇ લેવામાં આવી હતી. ફરી એક વખત આપવામાં આવી છે. જેતી રાજ્ય સરકારે અનામત માટે જે ૫૦ ટકાની મર્યાદાઓ રાખી છે તે મર્યાદાને હવે વધારવાની જરૂરિયાત જણાઈ રહી છે અમે આ બાબતે ઘણી વખત રજૂઆત કરી ચૂક્યા છીએ.

પાટીદાર સમાજને ઓબીસીમાં સ્થાન મળે એ માટે અમે લાંબી લડત લડી છે અને આંદોલન કર્યા છે.

છેલ્લાં ૨ વર્ષથી ઓબીસી કમિશનમાં અમે પાટીદાર સમાજને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવેશ કરવા માટેની અરજી પણ કરી છે. હવે તેનો ઉકેલ લાવવો જોઈએ. સરકારે આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત હોય તેને અનામતનો લાભ આપવો જોઇએ. એક સવર્ણ સમાજનો પરિવાર સુખી હોય શકે પરંતુ સવર્ણ સમાજના બધા પરિવાર સુખી ન હોય શકે. માટે હું વારંવાર કહું છું કે કોઈપણ જ્ઞાતિના લોકોને અનામતનો લાભ મળવો જોઈએ. બધા જ બ્રાહ્મણો પૈસાદાર નથી કે બધા જ પાટીદારો પૈસાદાર નથી. બ્રાહ્મણોમાં પણ કેટલાક પરિવાર એવા છે કે જે ખૂબ જ આર્થિક રીતે પગભર નથી તેમને પણ અનામતનો લાભ મળવો જોઇએ.

પાટીદાર સમાજમાં પણ એવા ઘણા બધા પરિવાર હશે જે ખૂબ ગરીબ છે અથવા તો અન્ય કોઈ સમાજના લોકો પણ આર્થિક રીતે સદ્ધર ન હોય તો તેવા પરિવારોને પણ અનામત મળવું જોઈએ.(૩.૧૫)

# ચોટીલામાં આધેડ પર પિતરાઈ ભાઈનો લાકડી વડે હુમલો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ તા ૧૩

ચોટીલા મેઈન રોડ પર ગોપાલ હોટલમાં જ રહેતા મંજૂરીકામ કરતા ભોલા કરણ સરૈયા ( ઉ.વ ૪૫) ને તેના કૌટુંબિક ભરત લાખા સરૈયાએ જુના ઝગડાનો ખાર રાખી લાકડી વડે મારમાર્યો હતો.જેમાં ઘવાયેલા આધેડને હાથના ભાગે ફેક્ચર જેવી ઇજા થતાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ચોટીલા પોલીસે મારમારી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.(૫.૧૫)

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

### અખિલ ભારતીય ચારણ-ગઢવી મહાસભા યુવા મોરબી આયોજીત ઈશરવંદના કાર્યક્રમમાં

# ચારણ સમાજના ચારણી સાહિત્યકારોએ હરિરસ અને દેવિયાણના ગુણગાન ગાયા





### ચારણી સાહિત્યના ધુરંધરો દ્વારા ડાડાના ચરણોમાં સાહિત્ય રૂપી વંદના કરવામાં આવી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૩

અખિલ ભારતીય ચારણ-ગઢવી મહાસભા યુવા મોરબી આયોજીત ઈશરવંદના કાર્યક્રમ-૨૦૨૧ અંતર્ગત એબીસીજી મહિલા મહાસભા યુવા મોરબી દ્વારા હરિરસ પાઠનું આયોજન મોરબી મહિલા તાલુકા અધ્યક્ષ અને હરિરસ પાઠના ચેરમેન નયનાલા બારહઠના આંગણે કરવામાં આવેલ.

જેમાં મહિલા અધ્યક્ષ શિતલબેન પાલીયા, ઉપપ્રમુખ નાનબાઈ મારુ, દર્શનાબેન રોહડિયા, દિવ્યાબા બારહટ, જશુબેન નેસડા, દેલુબાઈ મારુ, અનસોયાબેન બારહટ એમ ABCG મહિલા મહાસભા યુવા ટીમ સહિત તમામ માતૃશક્તિઓની હાજરીમાં હરીરસ અને દેવિયાણ નું પઠન કરવામાં આવ્યુ.

હરીરસના પઠન બાદ અધ્યક્ષ ડૉ. કિશોરદાન ગઢવી ના ઘરે જ ડાડા ની પ્રસાદી લઈ રાત્રી કાર્યક્રમ ઈશરવંદના-૨૦૨૧ ની તૈયારી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆતમાં પ્રવક્તા સંજયભા ગઢવી દ્વારા મોરબી ABCGMY ના કાર્યો અને સંગઠનની ભૂમિકા વિશે ચારણ સમાજને અવગત કર્યા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન અધ્યક્ષ ડો.કિશોરદાન ગઢવીએ કર્યુ હતું.

મોરબી ABCGMY ના અધ્યક્ષ એવા ડો. કિશોરદાન ગઢવીએ પોતાની આગવી શૈલીમાં ઈશર ડાડાને યાદ કરી સૌ ચારણોને શબ્દોથી આવકાર્યા.

આ કાર્યક્રમની શોભા વધારવા વિદ્વાન ચારણ યશવંતભાઈ લાંબા (પ્રખર વિવેચક), ચંદુભાઈ બારહટ (દેવિયાણ વકતા), ઉદયબાપુ ભગત(સમર્થ વાર્તાકાર), વિજયભા બાટી(ચારણી સાહિત્યકાય), ઉપરાંત આમંત્રિત મહેમાનોમાં પ્રભાતદાન બારહટ, પી.કે.લીલા, આર.બી. ટાપરીયા (psi), લખુભાઈ ટાપરીયા, હરેશદાન બારહટ, ચિરાગદાન ગઢવી (ABCGM પ્રદેશ મંત્રી), ગુણુભા ગુઢડા, ભારુભા બાવડા, મુકેશભા મારુ, ડો. જેતપરીયા, પ્રભાતદાન મિસણ, કેવલદાન બારહટ, ખોડુભા, લેખરાજ બારહટ, હિતેષદાન બારહટ, હરુભા રાબા સહિત ઉપસ્થિત રહ્યા હતા. તદુપરાંત આશિર્વચન આપવા માટે કાંત્રોડીથી પરમ પૂજય ૧૦૮ ધર્મજીવનદાસજી બાપુ ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમની ABCGMY મોરબીને ગૌરવાન્વિત કર્યા હતાં.

એકપણ કલાકારે એક પણ રૂપિયો આ સાહિત્ય વંદના માટે લીધો ના હતો અને એક પણ રૂપિયાનો ફંડ કે ફાળો ઉઘરાવ્યા વિના ABCGMY મોરબી દ્વારા આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમ માટે ખાસ ડો. કિશોરદાન ગઢવી (અધ્યક્ષ), સંજયભા ગઢવી (પ્રવક્તા), દિનેશભા ગુઢડા (મોરબી તાલુકા અધ્યક્ષ), વિજયભા રતન (આઈ.ટી.પ્રભારી), રમેશભા સોયા( મહામંત્રી), યુવરાજદાન ગઢવી તથા સમગ્ર ABCGMY મોરબી પરિવાર દ્વારા વિશેષ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ તકે ABCGMY મોરબીના મિડિયા પ્રભારી એવા મેહુલભા ગઢવીનો સવિશેષ ફાળો રહ્યો જેમને Voice of morbi મા સમગ્ર કાર્યક્રમ fecebook live કર્યો હતો.

ઉપરાંત હરદેવદાન ગઢવી, રવુભા લાંબા તથા વિવેકભા મારુ એ ખૂબ ઉમદા જહેમત ઉઠાવી હતી. તેમ અખબારી યાદીમાં જણાવ્યું છે.(૧.૧૬)

# દામનગર બિરાજતા સ્વયંભૂ પ્રગટ કુંભનાથ મહાદેવ મીરા પતિ મેવાડના કુંભારાણાએ બંધાવેલ દેવળ

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

દામનગર, તા.૧૩





શહેરની દિશાએ કુદરતી વન સંપતિ શિવ મંદિરની શોભામાં અભીવૃદ્ધિ કરતું અપાર સૌંદર્ય પક્ષીઓનો કલરવ કુદરતનું અપાર ઐશ્ચર્ય વચ્ચે ગણપતિજી પવનપુત્ર હનુમાનજી ઉર્જાવાન દેવો સતી પાર્વતીજી શુધ્ધકાચબા નંદીગણ યુક્તિ વચ્ચે બિરાજતા કુંભનાથ મહાદેવ સમૃદ્ધિના પ્રતીક એવા કુંભ જન્મા ઋષિ અગસ્તના અનુષ્ઠાનથી સ્વયંભુ પ્રગટ અનેકો દ્રવ્યના દાતા કુંભનાથ મહાદેવ મંદિરે વારે તહેવારે મેળાઓમાં માનવ મહેરામણ ઉમટી પડે છે.

કુદરતી આશીર્વાદરૂપ વરસાદથી ભરાતા સરોવરમાં નૌકાવિહાર કુદરતી પ્રકૃતિના દ્રશ્યો શિવાલય ની શોભા માં અભિવૃદ્ધિ કરતી સૃષ્ટિ ની દરેક સંજીવ ચીજો કુંભનાથની સેવામાં તત્પર હોય ઈશ્વરની સ્વયં હાજરીનો ભાસ કરાવે છે કુંભનાને કોટી કોટી વંદન કરતા ભાવિકો દર્શન માત્ર થી ઉન્નત બને છે.

પૃથ્વી પરના સ્વર્ગ સમું કોટી નયન શિવાલય વૈદિક મંત્રોચ્ચાર થી ત્રેતા યુગ અગસ્ત ઋષિના અલૌકિક અનુષ્ઠાનથી પ્રાગટ્ય કુંભનાથ સ્થાપત્ય યુગ ત્રેતામાં કુંભનાથ શિવાલય ના દર્શન અંતરાત્માને શીતળતા બક્ષે છે કૈક વર્ષો ચાલી ગયા પછી સરોવરના કાંઠે દેવાલયનું નિર્માણ થયું મન મોહક પ્રકતિની અનેક સંપદાઓ ધરાવે છે ઋષિ વસ્યા વસ્યો માનવ વસ્તી તહી થવા લાગી ધીમે થયુ પાંડગંગાખ્ય પુરી પાંકરી નાગ હાલ નું પાડરશીંગા અપ્સરાનું એશ્વર્યા પક્ષીઓનો કલરવ તહીં વસ્યો મનુષ્ય નેસ ગ્રામ દેવી ધારેશ્રૂરી થઈ પ્રતિષ્ઠા

મેવાડપતિ મીરા પરણ્યો રાણા દ્વારકા જતા રસ્તે જોઈ જીર્ણ દેવળ રાણો રિજિયો કર્યો જીર્ણોદ્ધાર કુદરતી કૃતિ ઓથી શોભે છે શિખર પરની ધજા આકાશમાં ફફડાટ કરે વિશાળ ઘંટનાદ ભવ્ય દેવળ અંતરાત્માને ઢંઢોળે નિર્ભયતા સ્થભ સાથે વારેવારે અફળાવાથી કર્ણપ્રિય મધુર ધ્વનિ લઈ કીતી લખલુટ પંથે ચાલ્યો પોતાને કર્મ એ બંધાયો તારી ભકિતથી પ્રસન્ન કૈક વર્ષો મુશળધાર વર્ષા અને વીજળી પડતા વાવાઝોડા થી જીર્ણ થયેલ દેવળ નાશ પામતા સંવત ૧૮૫૬ દુષ્કાળ વ્હારે આવ્યો વીર વડોદરાના રાજીપે રિલીફ કાર્યમાં લોકોને રોજગારી મળે તેવા શુભ ઉદેશથી સુંદર નયન રમ્ય સરવોર ગળાવ્યું કાંઠે નિર્માણ કર્યું કુંભનાથ દેવળ સરવોર કાંઠો અને કુદરતી વન્ય સંપદા ટેકરી શિવ મંદિરની અનુપમ શોભા પક્ષી ઓનો કલરવ કુદરતનું અપાર સૌંદર્ય બાગ બગીચાના પુષ્પોની પરફ્યુમ અપાર ઈશ્વરીય દેન ફફડાટ કરતી ધજા વિશાળ ઘંટનાદની ધ્વનિ દિવ્યતા આપે છે શિખર ઉપર સોનેરી કિરણો પડતા પશ્ચિમ ભાણ ઉગ્યાનો ભાસ કરાવે છે. કુદરતની અનુપમ શોભા પ્રસિધ્ધ છે પુરાણમાં અનાદિ કાળ થી ઠરી કરે છે કીર્તિ ગાન જેનું મુક્ત કંઠે કિન્નરી રત્નો કરે છે ગાન કુંભ જન્મા અનેકો દ્રવ્ય દાતા સુકપ્રદા કુંભનાથ દેવળની પૂજા માટે શ્રીમંત્ત સરકાર ગાયકવાડે મોઢ ચાતૃવેદી બ્રાહ્મણ નરોતમભાઇ માધવજીભાઈ દીક્ષિતને શ્રીમંત સરકાર વોડોદરા તરફથી સેવાપૂજાનું વર્ષાશન ચૂકવાતું હતું. સન ૧૭૩૦ લાઠી ઠાકોર ની કન્યા પરણવાથી પહેરામણીઆ મળેલ ૧૮ ગામોમાં સભાડ નેસનાબૂદ કરી દામજીરાવ ગાયકવાડે દામનગર નામ થી વસાવ્યું ગામ સમયાંતરે દામનગર શહેર તાલુકો મહાલ બન્યો આ વિસ્તારમાં અવધૂત ઋષિ ત્રેતા યુગમાં સ્વયંભ પ્રગટ કુંભનાથ મહાદેવના દર્શન પૂજન અનુષ્ઠાન પુરી શ્રધ્ધાભાવ થી ભક્તિ કરતા ભાવિકોને મન ચાહયું ફળ આપતા સમૃદ્ધિ ના પ્રતીક કુંભ જન્મા કુંભનાથ મહાદેવ ને કોટી કોટી વંદન

**(નટવરલાલ જે ભાતિયા)**

### ૧૫ ઓગસ્ટ નિમિતે રાજકોટ જિલ્લા પંચાયતની અનોખી પહેલ

# રાષ્ટ્રગાન પોર્ટલ પર 'રાષ્ટ્રગીત ગાઓ, રેકોડ કરો'



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૩

**જિલ્લાના તમામ ૫૧૫ ગામોમાં વૃક્ષારોપણનું આયોજનઃ ભુપત બોદર**

**'આઝાદી કા અમૃત મહોત્સવ' નિમિતે ખેરડી-ગઢકા રોડનું ખાતમુહૂર્ત**

૧૫ ઓગસ્ટ નિમિતે રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા અનોખી પહેલ કરવામાં આવી છે. રાષ્ટ્રગાન પોર્ટલ પર રાષ્ટ્રીગીત ગાઓ, રેકોર્ડ કરો', ની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની રાષ્ટ્ર ભાવનાને વધાવતા જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદર જિલ્લાના તમામ ગામોમાં લોકો કરશે. રેકોર્ડીંગ કરશે. જિલ્લાના તમામ ૫૯૫ ગામોમાં વૃક્ષારોપણનું પણ આયોજન કરવામાં આવ્યું છે.'આઝાદીના અમૃત મહોત્સવ' નિમિતે જિલ્લા પંચાયતની બિલ્ડીંગનો લાઈટીંગથી શણગારવામાં આવશે. ૧૫ ઓગસ્ટના સવારે ૯-૧૫ કલાકે જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદરના હસ્તે જિલ્લા પંચાયત ખાતે ધ્વજવંદન કરવામાં આવશે તેમજ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ.૨ કરોડ ૫૦ લાખના ખર્ચે મંજૂર થયેલ ખરેડી-ગઢકા રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

ભારતની સ્વતંત્રતા ચળવળના દરેક શહીદોને યાદ કરીને શ્રધ્ધાંજલિ અર્પી ગ્રામજનોમાં રાષ્ટ્રભાવનાનું સિંચન કરવામાં આવશે. રાષ્ટ્રગાન પોર્ટલ પર રાષ્ટ્રગીત ગાઓ, રેકોર્ડ કરો માટે એક ઓનલાઈન પોર્ટલ rashtragaan.in બનાવ્યું છે જ્યાં કોઈ પણ વ્યક્તિ રાષ્ટ્રગીત ગાતા પોતાના વીડિયો રેકોર્ડ અને અપલોડ કરી શકે છે. ભુપતભાઇ બોદર દ્વારા જિલ્લાના તમામ ગ્રામજનોને રાષ્ટ્રગીત રેકોર્ડ કરવા માટે અપીલ કરવામાં આવી છે અને તેનો ખુબજ બહોળો પ્રતિસાદ સાંપડ્યો છે. દરેક ગામમાંથી લોકો ઓનલાઈન પોર્ટલ પર રાષ્ટ્રગીત રેકોર્ડ કરાવી રહ્યા છે.

# 'શિક્ષક સર્જ્તા સર્વેક્ષણ' પરીક્ષાથી શિક્ષકોમાં રોષ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

### પરીક્ષા રદ કરવા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ-ગુજરાત દ્વારા મુખ્યમંત્રી, ના.મુખ્યમંત્રીને રજૂઆત

અમદાવાદ, તા.૧૩

શિક્ષક સજ્જતા સર્વેક્ષણ બાબતે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાતના અધ્યક્ષ અને મહામંત્રીએ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ના.મુખ્યમંત્રી નીતિન પટેલને લેખિત રજૂઆત કરતા જણાવેલ કે, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગુજરાત રાજયના બે લાખ જેટલા પ્રાથમિક શિક્ષકોની શિક્ષક સજ્જતા સર્વેક્ષણના નામે પરીક્ષા લેવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ નિર્ણયથી શિક્ષકો અપમાનની લાગણી અનુભવી રહ્યા છે. શિક્ષકો ખૂબજ ઉંચી લાયકાત સાથે ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી ટેટ, ટાટ અને એચ.ટાટ પરીક્ષા પાસ કરીને સરકારી પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયા છે. વખતો-વખત શિક્ષણ વિભાગ દ્વારા અપાતી વિવિધ તાલીમો પ્રાપ્ત કરી શિક્ષક સુસજજ બનેલ છે અને તાલીમ દરમ્યાન પણ પ્રિ.ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ આપીને શિક્ષકો સજજતા પ્રાપ્ત કરતા હોય છે. આમ, છતાં શિક્ષકોની પરીક્ષા સી.સી.ટી.વી. કેમેરાની નજર હેઠળ લેવાનું નક્કી થયું હોય શિક્ષકોમાં ખૂબ અસંતોષ અને રોષ જોવા મળી રહ્યો છે. માટે દરેક જિલ્લામાંથી પત્ર દ્વારા રાજ્ય સંગઠન પાસે આ પરીક્ષા રદ કરવાની શિક્ષકોએ, કાર્યકર્તાઓએ અને હોદ્દેદારોએ રજુઆત કરેલ છે તો લાખો શિક્ષકોની લાગણી અને માંગણીના અનુસંધાને આ સર્વેક્ષણના રૂપમાં લેવાનાર પરીક્ષા રદ કરવા બાબતે યોગ્ય કરવા રજૂઆત કરાઈ છે.(૬.૧૨)

### કોવિડ-૧૯ મહામારીનાં મેડિકલેઈમ ન ચૂકવાતા

# ઈન્ડિયા ઈન્સુરન્સ કંપની સામે ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૩

ફરિયાદીએ વર્ષ- ૨૦૨૦ માં ફ્યુચર જનરલી ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લી.માંથી મેડિકલેઈમ ઉતરાવેલ. તે વર્ષ દરમિયાન ફરિયાદી કોવિડ-૧૯ પોઝીટીવની અસર થતા તા.૨૪/૧૨/૨૦ થી ૨૮/૧૨/૨૦ સુધી સત્કાર હોસ્પિટલમાં સારવાર લીધી હતી. હોસ્પિટલમાં લીધેલ સારવારનું બીલ રૂ.૭૨ હજાર થયેલ. તમામ બીલ તેમજ જરૂરી કાગળો કંપનીમાં સબમિટ કરવામાં આવેલ.

કંપની દ્વારા કોઈ જ રકમની ચૂકવણી કરેલ નહીં. ફરિયાદીને કંપની તરફથી રકમ ન મળતા મૌખિક તથા ટેલીફોનિક પર જાણ કરવા છતાં કંપની દ્વારા ફરિયાદીને કોઈ જ રકમ ચૂકવેલ નથી. ફરિયાદીએ તેમના એડવોકેટ મારફત નોટીસ મોકલાવેલ જેનો કોઈ યોગ્ય પ્રત્યુતર ન આવતા કલમનાં ૭૨,૯૦૧ ૧૨% નાં વ્યાજ સહિત તથા ફરિયાદીને આર્થિક, માનસિક ત્રાસનાં વળતર તરીકે ૧,૨૫,૦૦૦ મેળવવા ગ્રાહક સુરક્ષામાં કેસ દાખલ કરેલ. આ કામમાં ફરિયાદી વતી એડવોકેટ તરીકે પી.એમ.શાહ લો ફોર્મનાં પિયુષભાઈ શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નિતેશભાઈ કથીરિયા, નીવિદભાઈ પારેખ, હર્ષિલભાઈ શાહ, જયભાઈ મગદની, જીતેન્દ્રભાઈ ધોળકિયા, રાજેન્દ્રભાઈ જોષી, વિશાલભાઈ સોલંકી, કિશનભાઈ ચાવડા, વિજયભાઈ પટગીર, જીગ્નેશભાઈ ચાવડા રોકાયેલા હતા.(૧.૧૨)

### "દીકરાનું ઘર" વૃધ્ધાશ્રમનું અદકેરૂં આયોજન

# સેવા, ઉદ્યોગ, આધ્યાત્મિક, આરોગ્ય ક્ષેત્રે કામ કરતા ૬ શ્રેષ્ઠીઓને ગારડી એવોર્ડથી સન્માન કરાશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

### આગામી સોમવારે સૌરાષ્ટ્ર હાઈસ્કૂલના ઓડીટોરીયમમાં સાંજે ૫-૩૦ કલાકે મહાનુભાવો અને શ્રેષ્ઠીઓની ઉપસ્થિતમાં એવોર્ડ અપાશે

રાજકોટ, તા.૧૩

સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રૂક્ષ્મણીબેન દીપચંદભાઈ ગારડી દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ છેલ્લા આઠ વર્ષથી સૌરાષ્ટ્રની પાવન ધરતીના પનોતા પુત્ર સ્વ.દીપચંદભાઈ ગારડીના સેવાકાર્યોની રાહે ચાલનારા સેવા રત્નોને પ્રતિષ્ઠિત ગારડી એવોર્ડથી સન્માનિત કરે છે. સેવા ઉદ્યોગ આધ્યાત્મિક અને આરોગ્ય ક્ષેત્રે કામ કરતા નિરંતર, નિઃસ્વાર્થ પ્રવૃતિઓ ચલાવતા સેવાના ભેખધારીઓને પ્રતિવર્ષ આ એવોર્ડ અર્પણ કરવામાં આવે છે . દીકરાનું ઘર દ્વારા સતત નવમા વર્ષે આગામી તા.૧૬ ના રોજ સૌરાષ્ટ્ર હાઈસ્કૂલના ઓડીટોરીયમમાં સાંજે ૫.૩૦ કલાકે મહાનુભાવો તેમજ શહેર શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં આ એવોર્ડ અપાશે. માહિતી આપતા સંસ્થાના સ્થાપક મુકેશ દોશી, અનુપમ દોશી, સુનીલ વોરા, નલિન તન્ના તેમજ કિરીટ આદ્રોજાએ જણાવ્યું છે કે રાજકોટએ સેવાની નગરી તરીકે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. સેવા ક્ષેત્રે કે અન્ય કોઈ ક્ષેત્રે કામ કરતા સેવકોને બીરદાવવા એ રાજકોટની સંસ્કૃતિ છે. ત્યારે દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ દ્વારા સતત નવમાં વર્ષે ૨૦૨૧ નો ગારડી એવોર્ડ વિવિધ ક્ષેત્રોમાં કામ કરનાર ૬ શ્રેષ્ઠીઓ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયના સંત પૂજય અપૂર્વમુનિ સ્વામી, જાણિતા લેખક વકતા-મોટી વેશનલ સ્પીકર શૈલેષભાઈ સગપરીયા, ઉધોગ ક્ષેત્રે સમગ્ર ભારત અને ભારત બહાર ડંકો વગાડનાર અમૃતભાઈ ભારદીયા, આદિવાસી વિસ્તારોમાં કામ કરનારા, ગરીબ વિધવા બહેનોને મદદ કરનારા હસુભાઈ ટોળીયા, અનાથ, લાચાર, ગરીબ દીકરીઓને તેમજ રક્તદાન અને અન્ય સેવા પ્રવૃતિમાં સતત સેવારત મયુરસિંહ જાડેજા, જુવેનાઈલ ડાયાબીટીસ ફાઉન્ડેશન રાજકોટના પ્રણેતા અતુલ દોશી સહિતના સેવકોને ફુલડે વધાવાશે, દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ દર વર્ષે સંસ્થાકીય રીતે ગારડી એવોર્ડ અર્પણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે આ એવોર્ડ ગાંધી વિચારો સાથે કામ કરતી સંસ્થા ફ્રીડમ યુવા ગ્રુપને ફાળે જાય છે.

વિશેષ માહિતી આપતા સંસ્થાના મૌલેશભાઈ ઉકાણી, શિવલાલભાઈ આદ્રોજા, પ્રતાપભાઈ પટેલ, ડો.નિદત બારોટ , વલ્લભભાઈ સતાણી, હસુભાઈ રાચ્છે વધુમાં જણાવ્યું છે કે ૨૦૨૧ ના ગારડી એવોર્ડની વિશેષતા એ છે કે બી.એ. પી.એસ. સંસ્થા રાજકોટના પૂ. અપૂર્વમુનિ સ્વામીએ કોરોના કાળમાં એસ.એન.કે. સ્કુલ તેમજ કેટલાક ઉદ્યોગપતિઓને સાથે રાખીને રાજકોટમાં અદભૂત નિઃશુલ્ક સેવા કરી હતી જેમાં રાહબર તરીકે સેવા આપનાર અપૂર્વમુનિ સ્વામીને ગારડી એવોર્ડ અર્પણ કરાશે ત્યારે વાતાવરણ ભવ્ય અને દિવ્ય બની રહેશે. પૂ. અપૂર્વમુનિ સ્વામી આ એવોર્ડ વિશ્વ વિભૂતી પૂજય પ્રમુખ સ્વામી તેમજ અન્ય સંતોના ચરણોમાં અર્પણ કરશે. આ ઉપરાંત સાહિત્ય ક્ષેત્રે ઉંડુ ખેડાણ કરનાર શૈલેષ સગપરીયાને આ એવોર્ડ અર્પણ થશે ત્યારે એવોર્ડની ગરીમામાં વધારો થશે.

૨૦૨૧ માં અપાનારા ગારડી એવોર્ડની વિશેષ માહિતી આપતા સંસ્થાના પ્રવિણ હાપલીયા, રાકેશ ભાલાળા, હરેન મહેતા, પ્રજ્ઞેશ પટેલ, વસંતભાઈ ગદેશા તેમજ ધર્મેશ જીવાણીએ જણાવ્યું છે કે સંસ્થા પ્રતિ વર્ષ રાજકોટની એક સેવા સંસ્થાને પણ એવોર્ડ અર્પણ કરે છે. અત્યાર સુધીમાં જીવદયા ગ્રુપ, રોટરી કલબ ઓફ રાજકોટ જેવી સંસ્થાઓને આ એવોર્ડ અર્પણ કરાયો છે.

આગામી તા.૧૬ ના રોજ યોજાનાર ગારડી એવોર્ડને સફળ બનાવવા સંસ્થાના ગૌરાંગ ઠકકર, જીતુભાઈ ગાંધી, પરીમલભાઈ જોશી, જયેન્દ્રભાઈ મહેતા , મહેશ જીવરાજાની, હસુભાઈ શાહ, ચેતન મહેતા, દોલતભાઈ ગદેશા, પારસ મોદી, વિજય બાબરીયા, હાર્દિક દોશી , હરીશભાઈ હરીયાણી, હિતેષ માવાણી, સાવન ભાડલીયા, કોમુ માજી સહિતના કાર્યકરો ભારે જહેમત ઉઠાવી રહેલ છે.(૭.૧૬)

## અવસાન નોંધ

**રાજકોટઃ** મચ્છુ ક.સ.સુ. જ્ઞાતિ રાજકોટ નિવાસી સ્વ.ગીરધરલાલ આણંદજીભાઈ ટંકારીયાના પત્નિ પુષ્પાબેન (ઉ.વ.આ.૮૨) તે બેચરભાઈ નારણભાઈ પીઠડીયાના દીકરી, તે સ્વ. હંસરાજભાઈ તથા સ્વ.નરશીભાઈના બેન તથા પંકજભાઈ ગીરધરભાઈ ટંકારીયા, સ્વ.પ્રફુલ્લાબેન, હંસાબેન, ભાવનાબેન, મીનાબેનના માતાનું તથા મયુરીબેનના સાસુ તે હાર્દિક તથા વિશાખાબેનના દાદીનું અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૬ ને સોમવારે સાંજે ૪ થી ૫ રાખેલ છે. સોમેશ્વર મહાદેવ, વિતરાગ સોસાયટી, રૈયા રોડ, રાજકોટ. પીયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### આગામી ૧૦ દિવસ બાદ ૮ થી ૧૦ વર્ષના ૨ લાખ બાળકોનો સર્વે હાથ ધરાશે

તો ૧૪૨ બાળકો એવા છે જેને ખોડખાંપણ છે. જ્યારે ૯૧ બાળક કોઈને કોઈ બીમારીથી પીડિત છે. જોકે તમામના આરોગ્યની તપાસ કરવામાં હતી. ગામમાં જો વેક્સિન ન લીધી હોય તો વહેલાસર લેવા માટે અપીલ કરાઈ છે. સરવે દરમિયાન કેટલાક બાળકો એવા પણ મળી આવ્યાં છે, જેનામાં તાવ, શરદી સહિતના વધુ લક્ષણો જણાતા તેમનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો છે. જિલ્લામાંથી કુલ ૨૬૦ બાળકનો આરટીપીસીઆર ટેસ્ટ કરાયો છે.

### અય મેરે વતન કે લોગો, ઝરા આંખ મેં ભરલો પાની... આઝાદી દિનને અર્પણ

. દેશ આખો ઉજવણીમાં મસ્ત છે, ત્યારે તસ્વીરમાં દેખાય છે એવા આ દેશનાં લાખો વંચિત અને અવગણીત બાળકોને એ જ ચિંતા છે કે, જલ્દીથી આ કાગળનાં ધ્વજ વહેંચાઇ જાય તો માં પાસે પહોંચી જઈને રોટલા ઘડાવીએ જેથી ભૂખ્યા સુઈ જવું ન પડે. આઝાદી દિન માટે માત્ર એટલું જ... જો આ દેશના સાચા રાષ્ટ્રભક્ત નાગરિક છો તો દેશની આઝાદીનાં મીઠા ફાળોથી વંચિત એવા આ વર્ગ પાસેથી અને એમના સંતાનો પાસેથી મો માંગ્યા દામ દઈને તમામ રાષ્ટ્રધ્વજ ખરીદીને આઝાદીની ઉજવણી ખરા અર્થમાં સાર્થક કરી બતાવજો.(૨.૧૨)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### ૧ ઓક્ટોબરથી ૧૫ વર્ષ જુના વાહનો રસ્તા પર નહીં દોડે

કેન્દ્રીય મંત્રી ગડકરીએ નવી નીતિ જાહેર કરતા જણાવ્યું હતું કે, રાજ્યમાં ૪ સ્થળે સ્ક્રેપ માટેનાં પાર્ક બનશે. કચ્છમાં જુના વાહનોનાં સ્ક્રેપ માટેનો ખાસ પાર્ક સ્થાપવામાં આવશે. એશિયાનાં દેશો વાહનોને સ્ક્રેપ કરવા માટે ગુજરાત મોકલશે. કંડલા બંદરેથી આવા વાહનો ગુજરાત આવશે એટલે જુના વાહનોને ભંગાર વાઢે મોકલવા માટે ગુજરાતમાં ૪ થી ૫ સ્થળે ભંગારવાળા બનાવવામાં આવશે. સ્ક્રેપમાં વાહન કાઢી નાખનારાઓને પ્રમાણપત્ર અપાશે. જેના આધારે નવી કાર કે અન્ય વાહનની ખરીદી પર રોડ ટેક્સમાં ૨૫% ની રાહત આપવામાં આવશે. કોમર્શિયલ વાહનો માટે વેરામાં ૧૫% રાહત અપાશે. મોટર વ્હીકલ ટેક્સમાં પણ આ પ્રમાણપત્રના આધારે ૨૫% વેરા રાહત અપાશે. એમણે જણાવ્યું હતું કે નવી નીતિને પગલે રોજગારી વધશે અને ઓટો ઉદ્યોગને નવો પ્રાણવાયુ મળશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ભારત વિશ્વનું પાંચમાં ક્રમનું સૌથી મોટું ઓટો બજાર છે. નવી નીતિથી હવે જુના અને ખરાબ વાહનો ઓછા થઇ જશે. આત્મનિર્ભર ભારત અભિયાનમાં આ નીતિ મહત્વની ભૂમિકા ભજવશે. ગડકરી અને મુખ્યમંત્રીની હાજરીમાં ગુજરાત સરકારે ૬ એમઓયુ કર્યા હતા.(૨.૧૨)

### અપરાધને ડામવા યુ.પી પોલીસની નવતર યુક્તિ

બળત્યારનો એક અપરાધી પરશુરામ પોલીસ કસ્ટડીમાંથી ભાગ્યો ત્યારે તેના પગને ગોળી મારી પોલીસે ઝડપી લીધો હતો. પોલીસે અપરાધીઓને પકડવાની આ પધ્ધતિને ગુપ્ત રીતે નઓપરેશન લંગડાથ એવું નામ આપ્યું છે. ભાજપની સરકાર યુ.પી માં આવી ત્યારેથી આ નીતિ અમલમાં મુકવામાં આવી છે. રેકડ પર આટલા લંગડા અપરાધી બતાવવામાં આવ્યા છે. બીજા અનેક હોઈ શકે છે.(૨.૧૨)

### અફઘાનિસ્તાન પર તાલીબાનોનો અજગર ભરડો, કબુલ પડું-પડું

અમેરિકી નિષ્ણાંતોએ એવી આગાહી આપી છે કે, ૯૦ દિવસની અંદર રાજધાની કાબુલ પર તાલીબાનોનાં કબ્જા પર આવી જશે. દરમ્યાન શહેરો પર હુમલા નહીં કરવાની શરતે સતામાં ભાગીદાર બનવા માટે અફઘાન સરકારે કરેલી ઓફર તાલીબાનોએ નકારી કાઢી છે. તાલીબાન પ્રવક્તા ઝબીહુલ્લાહ મુઝાહીદે સતામાં ભાગીદારીનો ઈન્કાર કર્યો છે.(૨.૧૨)

## શહેર ભાજપ યુવા મોરચા દ્વારા

# ‘અખંડ ભારત સ્મૃતિ દિવસ’ નિમિતે આવતીકાલે ‘મશાલ રેલી’



## સાંજે ૭ કલાકે છત્રપતિ શિવાજીની પ્રતિમા, જિલ્લા પંચાયત ચોકથી પ્રારંભ યાજ્ઞિક રોડ ખાતે સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા સુધી મશાલ રેલી યોજાશે


**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૩

શહેર ભાજપ યુવા મોરચા દ્વારા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ અખંડ ભારત સ્મૃતિ દિવસ નિમિતે આવતીકાલે સાંજે ૭ કલાકે છત્રપતિ શિવાજીની પ્રતિમા, જિલ્લા પંચાયત ચોક, થી પ્રારંભ થઈ યાજ્ઞીક રોડ ખાતે આવેલ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા સુધી મશાલ રેલીનું આયોજન કરવામાં આવેલ છે. આ તકે શહેર ભાજપ યુવા મોરચાના અગ્રણી પૃથ્વીસિહ વાળા, હીરેન રાવલ તેમજ મહામંત્રી કિશન ટીલવાએ જણાવેલ કે અખંડ ભારત સ્મૃતિ દિન અંતર્ગત દેશની અખંડીતતા, અલંકૃતા અને ઐક્યને પ્રાપ્ત કરવા મશાલ રેલીનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે ગૌરવપૂર્ણ રાષ્ટ્રની અખંડતા માટે શહિદી વ્હોરનારા શહિદોની સ્મૃતિ કરી મશાલ રેલીની જયોત દ્વારા અખંડ ભારત માટે રાષ્ટ્ર ચેતનાનો સંચાર કરવા આહવાન કરવામાં આવશે. આવતીકાલે શહેર યુવા ભાજપ મોરચા દ્વારા યોજાનાર આ મશાલ રેલીમાં યુવા મોરચાના તમામ કાર્યકર્તાઓને શહેર ભાજપ યુવા મોરચાના અગ્રણી પૃથ્વીસિંહ વાળા, હીરેન રાવલ તેમજ મહામંત્રી કિશન ટીલવાએ જાહેર અનુરોધ કરેલ છે.

### શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી દ્વારા કરાઈ જાહેરાત

# શહેર ભાજપ આઈ.ટી.સેલના વિધાનસભા વાઈઝ ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જની વરણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૩

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી દ્વારા પ્રદેશપ્રમુખ સી.આર.પાટીલ અને પ્રદેશ મહામંત્રી તથા સૌરાષ્ટ્ર ઝોન ઈન્ચાર્જ વિનોદભાઈ ચાવડા, રાજકોટ મહાનગરના પ્રભારી ઝવેરીભાઈ ઠકરાર સંકલન અને વિચાર-વિમર્શ કરી શહેર ભાજપ આઈ.ટી. સેલના વિધાનસભા વાઈઝ ઈન્ચાર્જ-સહઈન્ચાર્જની જાહેરાત કરવામાં આવેલ છે.

આ તકે કમલેશ મિરાણીએ જણાવેલ કે શહેર ભાજપ આઈ.ટી. સેલ દ્વારા સંગઠનના વ્યાપને વધુ વિસ્તારવામાં આવશે. સમયાંતરે યોજાતી વિવિધ ચૂંટણીઓ માં આઈ.ટી. સેલની ભુમિકા મહત્વની હોય છે ત્યારે શહેર ભાજપની આઈ.ટી. સેલની ટીમના નવનિયુક્ત સદસ્યોને ખુબ-ખુબ અભિનંદન પાઠવેલ.

શહેર ભાજપ લીગલ સેલની આ નવનિયુક્ત ટીમને પ્રદેશ ભાજપ અગ્રણી નીતિન ભારદ્વાજ, શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, મહીલા મોરચા પ્રભારી અંજલીબેન રૂપાણી, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચા પ્રમુખ ઉદય કાનગડ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, મેયર ડો. પ્રદીપ ડવ, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, ભાનુબેન બાબરીયા સહીતના અગ્રણીઓએ તેમજ તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આવકારી શુભેચ્છા પાઠવેલ હતી. ત્યારે શહેર ભાજપ આઈ.ટી. સેલના વિધાનસભા વાઈઝ ઈન્ચાર્જ-સહઈન્ચાર્જની યાદી નીચે મુજબ છે.

**શહેર ભાજપ આઈ.ટી. સેલનાં હોદેદારો**

| જવાબદારી | નામ |
|---|---|
| મહાનગર ઈન્ચાર્જ | મનોજ ગરૈયા |
| મહાનગર સહ ઈન્ચાર્જ | જય શાહ |
| મહાનગર સહ ઈન્ચાર્જ | નીખીલ રાઠોડ |
| વિધાનસભા ૬૮, ઈન્ચાર્જ | સંજય ઉધરેજા |
| વિધાનસભા ૬૮, સહ ઈન્ચાર્જ | જયદેવ ગોહેલ |
| વિધાનસભા ૬૯, ઈન્ચાર્જ | મયુર પાંભર |
| વિધાનસભા ૬૯, સહ ઈન્ચાર્જ | રાજેન્દ્રસિંહ રાણા |
| વિધાનસભા ૭૦, ઈન્ચાર્જ | શૈલેષભાઈ ડાંગર |
| વિધાનસભા ૭૦, સહ ઈન્ચાર્જ | અક્ષય વસા |
| વિધાનસભા ૭૧, ઈન્ચાર્જ | સનતભાઈ પોપટ |
| વિધાનસભા ૭૧, સહ ઈન્ચાર્જ | જય વડગામા |

### શહેર ભાજપ કાર્યાલય ખાતે બેઠક યોજાઈ, માર્ગદર્શન આપતા મિરાણી

# ‘જન આશિર્વાદ યાત્રા’ શહેરના મુખ્યમાર્ગો પર ફરશે



ઉદય કાનગડ, બીનાબેન આચાર્ય, જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, પ્રદિપ ડવ, અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, કશ્યપ શુકલ, ભાનુબેન બાબરીયા સહીતના ઉપસ્થિત રહયા

### મનસુખભાઈ માંડવીયા રાજકોટ ખાતે કાર્યકર્તા સંમેલન, લેઉવા પટેલ સમાજ આગેવાનો સાથે બેઠક, શહેરના નામાંકિત ડોકટરો સાથે બેઠકમાં ઉપસ્થિત રહેશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૩

શહેર ભાજપ કાર્યાલય ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીની અધ્યક્ષાતામાં શહેર ભાજપ કાર્યાલય ખાતે આગામી તા. ૧૯ ના રોજ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાની જન આશિર્વાદ યાત્રા અંતર્ગત બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કમલેશ મિરાણીએ જણાવેલ કે રાજકોટ ખાતે જન આશિર્વાદ યાત્રામાં સુચારૂરૂપે સંચાલન,હેતુ, વ્યવસ્થા જાળવવી, માર્ગમાં યાત્રાનું સન્માન, પુજા, સ્વાગત, વગેરેના કાર્યક્રમો નકકી કરવા, યાત્રા ભવ્ય, આકર્ષક, પ્રભાવશાળી, અને જનમાનસ સુધી પહોંચે, જન આશિર્વાદ યાત્રા દરમ્યાન પાર્ટીની નીતિ, સફળતાઓ સહીત કેન્દ્ર સરકારની આંતરીક, બાહય, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય, આર્થિક, સામાજીક, જનસ્વાસ્થ્ય, આત્મનિર્ભરતા, રોજગાર વગેરે ક્ષેત્રે ઉપલબ્ધિઓ અને જનકલ્યાણકારી નીતિઓ અંગે પ્રચાર-પ્રસાર-હોર્ડીંગ્સો-જાહેરાતોનું પ્રદર્શન થાય તે અંગે માર્ગદર્શન પુરૂ પાડેલ.

આ તકે વધુમાં કમલેશ મિરાણીએ જણાવેલ કે તા.૧૯ ના રોજ એરપોર્ટ ખાતે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાના આગમન બાદ જન આશિર્વાદ યાત્રા એરપોર્ટથી પ્રારંભ થશે ત્યારે બેન્ડ,ફુગ્ગા, બાળાઓના રાસ, ઢોલ, શરણાઈ, ડી.જે.ની રમઝટ, ફુલોની પાંખડીથી આ યાત્રાનું સ્વાગત થશે ત્યારબાદ રેસકોર્ષ, કીસાનપરા ચોક, મહિલા કોલેજ ચોક, એસ્ટ્રોન ચોક, વિરાણી ચોક, ભકિતનગર સ્ટેશન પ્લોટ, બોમ્બેહોટલ, લોધાવાડ ચોક, કેનાલ રોડ,ગુંદાવાડી, જિલ્લા ગાર્ડન ચોક, પ્રજાપતીની વાડી, ચુનારાવાડ ચોક, પટેલ વાડી, પેડક રોડ, બાલક હનુમાન, ત્રીવેણી મેઈન રોડ, રીંગરોડ થઈ સમાપન થશે. ત્યારે અટલ બીહારી બાજપાઈ ઓડીટોરીયમ ખાતે મનસુખભાઈ માંડવીયા રાજકોટ મહાનગર ખાતે કાર્યકર્તા સંમેલન, લેઉવા પટેલ સમાજ સંમેલન, શહેરના નામાંકિત ડોકટરો સાથે બેઠકમાં ઉપસ્થિત રહેશે.આ બેઠકમાં શહેર ભાજપના હોદેદારો, વોર્ડ-પ્રમુખ-મહામંત્રીઓ ઉપસ્થિત રહયા હતા. આ બેઠકની સંપૂર્ણ જવાબદારી શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ અને શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીએ સંભાળી હતી.(૧.૧૬)

### આઝાદીના ૭૫ માં સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે

# રવિવારે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા ‘એ મેરે પ્યારે વતન’ શિર્ષક પર કાર્યક્રમ યોજાશે

### રાજકોટ જિલ્લાની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ઓનલાઈન વક્તૃત્વ સ્પર્ધા, ગાયન, વેશભૂષા, વેબીનાર, રંગોળી સ્પર્ધાઓનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૩

રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને સંચાલકોના ઉત્કર્ષ માટે હંમેશા તત્પર રહે છે. રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ એ વિદ્યાર્થીઓને અભ્યાસ ઉપરાંત વિવિધ ઉત્સવોની ઉજવણી દ્વારા તેમના સર્વાંગી વિકાસને પણ મહત્વ આપે છે. ભારતની આઝાદીના ૭૫માં સ્વતંત્રતા દિવસ એટલે કે અમૃત મહોત્સવની જ્યારે સમગ્ર દેશમાં ધામધૂમથી ઉજવણી થઈ રહી છે ત્યારે રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા રાજકોટ અને જિલ્લાની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે વિવિધ કાર્યક્રમો, સ્પર્ધાઓ અને વેબીનારના આયોજન કરાયા છે. આ તમામ કાર્યક્રમો ઓનલાઈન હોવાથી જીલ્લાની તમામ શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો તેમા ભાગ લઇ દેશભક્તિ અને દેશપ્રેમના રંગમાં રંગાઇ જશે.

રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી.વી. મહેતા જણાવે છે કે ‘એ મેરે પ્યારે વતન’ શિર્ષક અંતર્ગત યોજવામાં આવેલ કાર્યક્રમોમાં દેશભક્તિ અંગે વક્તૃત્વ સ્પર્ધા, દેશભક્તિ ગાયન સ્પર્ધા, દેશભક્તિ નૃત્ય સ્પર્ધા અને દેશભક્તિ વેશભૂષા જેવી વિવિધ ઓનલાઇન સ્પર્ધાઓના આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર જીલ્લાની દરેક શાળાઓમાં રવિવારે સવારે ૮-૩૦ થી ૧૦ વાગ્યા દરમિયાન ધ્વજવંદનનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ છે. આ સાથે રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ અને રોટરી કલબ સાથે મળીને રાષ્ટ્રધ્વજ રંગોળી સ્પર્ધાનું આયોજન પણ કરશે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ તેમની કલ્પનાશક્તિ અને કૌશલ્યના આધારે વિવિધ વસ્તુઓ સાથે આકર્ષક રંગોળી કરીને તેમની કલા કૌશલ્ય નું પ્રદર્શન કરશે. આ રંગોળી સ્પર્ધા દ્વારા વિશ્વ વિક્રમ રચાશે તેવી આશા સેવાય રહી છે. રવિવારે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ અને રામકૃષ્ણ આશ્રમના સંયુક્ત ઉપક્રમે લવ ઇન્ડિય વિષય પર વેબીનારનું આયોજન કરવામાં આવેલ છે. આ વેબીનારમાં લેફ્ટનન્ટ જનરલ આર.કે શર્મા, મેજર જનરલ જી.ડી. બક્ષી, મેજર જનરલ વી. ડી. ડોગરા, કેપ્ટન રઘુરામન, કર્નલ વ્યાસ અને રામકૃષ્ણ આશ્રમના પ.પૂ.સ્વામી નિખિલેશ્વરાનંદજી આ દેશભક્તિના કાર્યક્રમમાં વકતવ્યો અને માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમમાં દરેક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને બહોળી સંખ્યામાં આપવામાં આવેલ લિંક દ્વારા જોડાવા રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી.વી મહેતા અપીલ કરે છે.

આ સમગ્ર કાર્યક્રમોના સફળ આયોજન માટે રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી. વી. મહેતા, ઉપપ્રમુખ અવધેશભાઇ કાનગડ, ઉપપ્રમુખ ડો. ડી.કે. વડોદરીયા, મહામંત્રી પરીમલભાઇ પરડવા, મહામંત્રી પુષ્કરભાઇ રાવલ, સૌરાષ્ટ્ર ઝોન કન્વીનયર જયદિપભાઈ જલુ અને મેહુલભાઈ પરડવા, ગુજરાત સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના પ્રમુખ ભરતભાઇ ગાજીપરા, ઉપપ્રમુખ જતિનભાઇ ભરાડ, એફ.આર.સી કમીટીના સભ્ય અજયભાઇ પટેલના માર્ગદર્શનમાં સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની કારોબારી સમિતીના તમામ સભ્યો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.(૭.૧૬)

# ૭ લાખની છેતરપિંડી આચરી ૧૪ વર્ષથી નાસતા ફરતા આરોપીને પોલીસે દબોચ્યો

**(એજન્સી સમાચાર)**

ગાંધીનગર,તા.૧૩

ગોધરામાં તમાકુંની ખરીદીના બહાને રૂ. ૬.૮૭ લાખની છેતરપિંડી આચરી છેલ્લા ૧૪ વર્ષથી સ્થાનિક પોલીસથી બચીને નાસતા ફરતા આરોપીને ગાંધીનગર સ્થાનિક ગુન્હા નિવારણ શાખા દ્વારા અડાલજ મહેસાણા બસ સ્ટેન્ડ નજીકથી પૂર્વ બાતમીના આધારે ઝડપી લેવામાં આવ્યો છે. ગાંધીનગર રેન્જમાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા તેમજ જિલ્લા બહારના ગુનાના આરોપીઓને પણ ઝડપી લેવા માટે રેન્જ આઈજી અભય ચુડાસમા અને પોલીસ વડા મયુર ચાવડા દ્વારા સૂચનાઓ આપવામાં આવેલી છે. જે અન્વયે ગાંધીનગર સ્થાનિક ગુના નિવારણ શાખાનાં પોલીસ સ્ટાફ દ્વારા નાસતા ફરતા ગુનેગારોને ઝડપી લેવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, ગોધરા ટાઉન પોલીસ મથકમાં નોંધાયેલ છેતરપિંડીના ગુનાનો વોન્ટેડ આરોપી અડાલજ મહેસાણા બસ સ્ટેન્ડ નજીક ઊભો છે. જેનાં પગલે પોલીસ ટીમ દ્વારા ૬૧ વર્ષીય મહેબૂબમિયા ભાઈમિયા કુરેશી( હાલ રહે યુશરા પાર્ક સોસાયટી ગ્યાસપૂર સરખેજ, મૂળ મહેસાણા)ને ઝડપી લેવામાં આવ્યો હતો. આ અંગે સ્થાનિક ગુના નિવારણ શાખાના ફોજદાર જે .જી.વાઘેલાએ જણાવ્યું હતું કે, ઉક્ત આરોપી વિરુદ્ધ ગોધરા ટાઉન પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ દાખલ થયેલી છે. જેણે ફરિયાદી સાથે તમાકું ખરીદી ના બહાને રૂ. ૬. ૮૭ લાખની છેતરપિંડી આચરી હતી.(૯.૧૬)

# રાજકોટમાં “તારૂણ્ય અવસ્થાનું મહત્વ” કાર્યક્રમ સંપન્ન







### ફેમીલી પ્લાનિંગ એસો. ઓફ ઈન્ડિયા દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં ૭૪ દીકરા-દીકરીઓ સહભાગી થયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૩

ગત તા. ૧૨ ના રોજ દિવસે ફેમીલી પ્લાનિંગ એશોસીએશન ઓફ ઇન્ડિયા રાજકોટ બ્રાંચ દ્વારા જય વિજય સ્કુલ ખાતે તારુણ્ય અવસ્થા નું મહત્વ બાબતે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૪ દીકરા - દીકરીઓ એ સક્રિય રીતે શિસ્ત જાળવીને સહભાગી થયા હતા.

ફેમીલી પ્લાનિંગ એશોએશિએશન ઓફ ઇન્ડિયા રાજકોટ બ્રાંચના કાઉન્સેલર કમ પ્રોગ્રામ ઓફિસર મહેશ રાઠોડએ તારુણ્ય અવસ્થાની ઉપજતી તમામ બાબતો વિદ્યાથીઓ સમક્ષ રજુ કરી હતી. પોતાના અધિકારો બાબતે પણ જાગૃત કર્યા હતા. સંસ્થાના પ્રમુખ મહેશભાઈ મેહતાની આ પ્રસંગે પ્રેરક ઉપસ્થિતિ રહી હતી તથા તેમણે વિદ્યાર્થીઓને પોતાના જીવનમાં શિક્ષણનું શું મહત્વ હોવું જોઈએ તથા શિક્ષણથી વ્યક્તિ શું કરી શકે એ બાબતે માર્ગદર્શન આપ્યું હતું. બાળ કુપોષણ તથા સારવાર કેન્દ્ર, શહેરી આરોગ્ય કેન્દ્ર નારાયણ નગર રાજકોટના ન્યુટ્રીશન આસીસ્ટન્ટ હીનાબેન પરડવા એ હેલ્થ અને હાઈજીન વિષયે માહિતી આપતા જણાવ્યું હતું કે તંદુરસ્ત શરીર જ તંદુરસ્ત જીવન હોય છે. તેમજ કવાયત નિયમિત ધોરણે કરવા સલાહ સુચન આપેલ.

આ પ્રસંગને સફળ બંનાવવા માટે જય વિજય સ્કુલના સંચાલક સૌરભભાઈ હીરાની, અતુલ ભાઈ બાવળિયા તથા એફ પી એ આઈ રાજકોટ બ્રાંચન ઓર્ડિનરી મેમ્બર ચેતનાબેન પૂર્ણવૈરાગી એ સક્રિય રીતે જહેમત ઉઠાવી હતી.(૬.૧૬)

# રાજકોટ એન.સી.સી. દ્વારા જયુબેલી ગાર્ડન સ્થિત મહાત્મા ગાંધીજીની પ્રતિમા દત્તક લેવાઈ



### પૂ.બાપુને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૩

ગુજરાત એન.સી.સી બટાલિયન, રાજકોટ દ્વારા સામાજિક જાગૃતિ, સ્વચ્છતા સહિતની વિવિધ પ્રવૃત્તિના ભાગરૂપે જયુબેલી ગાર્ડન સ્થિત મહાત્મા ગાંધીજીની પ્રતિમાને દત્તક લેવામાં આવી છે. એન.સી.સી. ગ્રુપ દ્વારા પ્રતિમા તેમજ પરિસરની સ્વચ્છતાની જવાબદારી કેડેટ્સ દ્વારા સંભાળવામાં આવશે. તેમ ટુ ગુજરાત બટાલિયનના ગ્રુપ કમાન્ડર બ્રિગેડિયર એસ.એન. તિવારીએ જણાવ્યું છે.

જયુબેલી સ્થિત પ્રતિમા અને પરિસરની ગઇ કાલે સાફ-સફાઈ કરવામાં આવી છે. તેમજ આજે કાર્યક્રમના ચીફ ગેસ્ટ ગ્રુપ કમાન્ડર એસ.એન.તિવારી તેમજ અન્ય મહાનુભાવો કર્નલ પ્રકાશ વ્યાસ, કર્નલ સુરેશ તેમજ કેપ્ટન જયદેવ જોશીએ ગાંધીજીના સ્ટેચ્યુ ખાતે ભાવભરી અંજલી પાઠવી સેલ્યુટ આપી હતી. સાર્જન્ટ જય કારિયા તેમજ અન્ય કેડેટ્સ દ્વારા ભારતની આઝાદીમાં પૂજ્ય બાપુના અમૂલ્ય પ્રદાનનું પઠન કરવામા આવ્યુ હતું. કેડેટ્સ દ્વારા પૂજ્ય બાપુને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે કેડેટ્સ દ્વારા વૃક્ષારોપણ, ૧૫મી ઓગસ્ટના રોજ પરેડ સહિતના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્નલ મનીષ નાટુના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જી.સી.આઈ. અરુણા, પાયલ, એન.સી.સી.ના જવાનો તેમજ કેડેટ્સ ઉપસ્થિત રહ્યા હતાં.(૭.૧૬)

## વોર્ડ નં.૧ ના યુવા ભાજપ અગ્રણી અવી મકવાણાનો આજે જન્મદિવસ



રાજકોટ : વોર્ડ નં.૧ ના યુવા ભાજપ અગ્રણી અવી મકવાણાનો આજે જન્મદિવસ છે. તે ઓએ યશસ્વી જીવનના ૨૩ વર્ષ પૂર્ણ કરી ૨૪ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. મહાનગર પાલિકા સહિતની કામગીરી કરી રહ્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની વિગત લોકોના ઘરે-ઘરે પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે આજે તેમના જન્મ દિવસ પર મનપાના પદાધિકારીઓ, ભાજપના આગેવાનો-કાર્યકરો મિત્રો મો.ન ૯૭૨૬૯૬૬૨૦૩ પર જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. આજે અવી મકવાણાના જન્મદિવસની સૌરાષ્ટ્ર ક્રાંતિ પરિવાર તરફથી સુભકામનાઓ...(૧.૧૪)

### શહેરની મધ્યમમાંથી પસાર થતા



# રેલવે ટ્રેકની આજુબાજુ દીવાલ કરવા રેલવેને રજૂઆત કરતા ડે.મેયર

## રેલવેની જમીનમાં ગેરકાયદેસર દબાણ, ગંદકી સહિતના પ્રશ્નોથી લોકો ત્રાહિમામ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૩

શહેરની મધ્યમમાંથી પસાર થતા રેલવે ટ્રેકની આજુબાજુ દીવાલ કરવા ડી.આર.એમ. રેલવે વિભાગને ડે.મેયર ડો.દર્શિતાબેન શાહે રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યું છે કે, શહેરની મધ્યમાંથી રેલ્વે લાઈન પસાર થાય છે. આ લાઈનની આજુબાજુની જગ્યાની માલિકી રેલ્વે વિભાગની હોય છે. આ જગ્યાઓમાં અવારનવાર ગેરકાયદેસર દબાણ થવાની ફરિયાદી જુદાજુદા વિસ્તારમાંથી આવે છે. આ માલિકી રેલ્વે વિભાગની હોઈ, મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવ સંદર્ભ સત્વરે કાર્યવાહી થઈ શકતી નથી તેમજ આવી જગ્યાઓ ખુલ્લી હોઈ, જેથી ગંદકીના મોટેપાયે પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આજુબાજુ રહેતા રહેવાસીઓ દ્વારા ગંદકી તેમજ ન્યુસન્સ સંદર્ભ અવારનવાર રજુઆતો મળે છે. લોકોનો આરોગ્યલક્ષી પ્રશ્ન હોઈ આ બાબતને ગંભીરતાપૂર્વક લઈ, કામગીરી હાથ ધરવી જરૂરી છે. શહેરની મધ્યમાં પસાર થતી રેલ્વે લાઈનની આજુબાજુ રેલ્વેની માલિકીની રેલ્વેની જમીનમાં દીવાલ કરવામાં આવે તો ગેરકાયદેસર દબાણ અટકે તેમજ ગંદકીના પ્રશ્નો ન રહે. ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ દ્વારા રજુઆત કરવામાં આવેલ છે.(૧.૧૬)

# નાગરિક બેંકની શાખાઓમાં ધ્વજવંદન યોજાશે

## શહેર તેમજ બહારગામમાં નજીકની શાખામાં ઉપસ્થિત રહેવા ચેરમેન–વાઈસ ચેરમેનનો અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા આગામી તા.૧૫ ને રવિવારે સવારે ૯ કલાકે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે રાજકોટમાં બેંકની હેડ ઓફિસ, 'અરવિંદભાઇ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે અને બહારગામની દરેક શાખાઓમાં ધ્વજવંદન યોજાશે. રાજકોટમાં અતિથિ વિશેષ તરીકે હસમુખભાઇ પટેલ (રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ-વ્યવસ્થા પ્રમુખ-પશ્ચિમ ક્ષેત્રે, ગુજરાત-મહારાષ્ટ-ગોવા) ઉપસ્થિત રહેશે. ઉપરોક્ત કાર્યક્રમમાં સર્વે બોર્ડ ઓફ ડિરેકટર્સ, શાખા વિકાસ સમિતિના સભ્યો, ડેલીગેટ અને કર્મચારી-કાર્યકર્તાઓને રાજકોટ ખાતે અથવા બહારગામમાં બેંકની નજીકની શાખામાં ઉપસ્થિત રહેવા બેંકના ચેરમેન નલિનભાઇ વસા અને વાઇસ ચેરમેન શૈલેષભાઇ ઠાકરે હાર્દિક અનુરોધ કરેલો છે.

# સંભારણા

## મીરાબાઈ ચાનુ

ગયા અઠવાડિયે ટોક્યો ઓલિમ્પિક્સ ૨૦૨૦ માં વેઇટ લીફટીંગ માટે મેડલ જીતી લાવનાર આસામની મીરાબાઈ વિશે તમે સોશિયલ મીડિયામાં ટુકડે-ટુકડે ઘણું જાણ્યું હશે.આજે તે જાણકારી માં હજી ઉમેરો કરીએ.

ઇમ્ફાલ થી ૨૦૦ કિમી દૂર આવેલ નોંગપોક ગામના ગરીબ પરિવારમાં જન્મેલી મીરા ૬ ભાઈ બહેનોમાં સૌથી નાની હતી. તેની મા ચાની રેકડી ચલાવતી હતી અને ભાઈઓ ખેતરમાં કામ કરીને સાથે સ્વેટર વેચતા હતા.તે તેના ભાઈ સાથે રોજ જંગલમાં લાકડા વીણવા જતી હતી. એક દિવસ લાકડાનો ભારો તેનો ભાઈ ઉઠાવી ન શક્યો ત્યારે તે આ ભારો ઉપાડીને ૨ કિમી દૂર પોતાના ઘરે લઇ આવી. સાંજે બાજુના ઘરમાં બધા ટીવી જોવા ભેગા થયા ત્યારે આ વાત તેની માએ બધાને કહી અને કહ્યું બેટા આપણી પાસે જો બળદગાડી હોત તો તને આ ભારો જાતે ઉઠાવવો ન પડત. મીરા-મા,બળદગાડું કેટલાનું આવે? મા- આપણે જિંદગીભરમાં જોઈ ન શકીએ એટલા પૈસાની.. મીરા-તો પૈસા કમાવી ન શકાય? ત્યારે પડોશી બોલ્યા કે તું તો છોકરાઓ કરતાં વધારે વજન ઉપાડી લે છે. વજન ઉઠાવવાની ખેલાડી બની જાય તો એક દિવસ જરૂર સોનું જીતી ને આવીશ તેને વેચીને બળદગાડું ખરીદી શકે છે. ત્યારે તેણે આત્મવિશ્વાસથી કહ્યું સારી વાત છે હું આમ જ કરીશ.

તેણે આ બાબતે જાણકારી ભેગી કરી ત્યારે જાણવા મળ્યું કે આપણા ગામમાં વેઇટલિફ્ટિંગ સેન્ટર નથી ત્યારે તેણે ૬૦ કિમી દૂરના ગામમાં જઈને ટ્રેનિંગ લેવાનું નક્કી કર્યું. આમ એક દિવસ પાછા વળતાં તેની ટ્રેન છુટી ગઈ. આખી રાત ક્યાં કાઢવી વિચાર્યા પછી તેણે નક્કી કર્યું કે નજીક માં જે મંદિર હશે તેનું શરણું લઈશ.



લેખિકાઃ પુનમ –મુંબઈ.

અધુરુ બંધાયેલ ભવન જેના પર આર્ય સમાજ મંદિર લખ્યું હતું ત્યાં તે ગઈ અને પુરોહિતને મળીને એક રાત માટે શરણ માંગી ત્યારે બાબાએ કહ્યું બેટા મંદિર પર જ્યાં છત છે ત્યાં હું સુઈ જાવું છું. બીજા બધે માત્ર લોખંડના એંગલ નાખેલા છે. તેના પર નાખવાની પથ્થરની પાટીઓ આવીને પડી છે પણ પૈસા ખૂટી જવાથી કામ અધૂરું છે. તું બીજે ક્યાંક જઈને રહે. ત્યારે મીરાબાઈ બોલી હવે હું આ કાળી રાત્રે ક્યાં ફરું? મને અહીં છાપરા વગરની ઓરડીમાં જ રહેવા દો. નીચે પડેલી માટીનો ઢગલો સરખો ફેલાવી તેની ઉપર સુઈ ગઈ. થોડી વારમાં ઝરમર વરસાદ ચાલુ થયો તેથી તેની આંખ ખુલી ગઈ. તેણે જોયું કે ભીત પર સામસામે એંગલ લાગેલા હતા તેના પર મુકવાની પાટીઓનો ઢગલો ત્યાં જ પડ્યો હતો.અડધો પડધો દાદરો પણ બનાવેલો હતો. તેણે પથ્થરની પાટીઓ ઊંચકીને લોખંડના ગર્ડર પર ગોઠવવાનું ચાલુ કર્યું. થોડીવારમાં ઓરડો ઉપરથી કવર થઇ ગયો. બાજુમાં તાલપત્રી પડી હતી તે તેના ઉપરથી નાખી દીધી અને નિરાંતે સૂઈ ગઈ.



બીજા દિવસે સવારે બાબાને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેમને બહુ નવાઈ લાગી. ખુશ થઈને તેમણે હંમેશ માટે તેને મંદિરમાં શરણું આપી દીધું જેથી તે અહીં રહીને સ્પોર્ટસ કોમ્પલેક્સમાં જઈને રમત ની પ્રેક્ટિસ કરી શકે. બાબા જાતે તેના માટે ભાત રાંધી રાખતા સામે તે ઓરડાને ગાયનું છાણ અને પીળી માટીથી લિપિ સુંદર બનાવી દેતી. સમય મળે બાબા તેને ચોપડી પકડાવતા. તે વાંચીને સંભળાવતાં સંભળાવતાં તેનામાં દેશભક્તિ અને ધર્મ પ્રત્યે આસ્થા જાગી ઊઠી.

લોખંડ નો બાર ખરીદવું તેના માટે સંભવ નહોતું તેથી બાબાએ તેને વાંસ માંથી બાર બનાવી આપ્યો. તેમણે તેની મુલાકાત મણિપુરની કુંજુરાની સાથે કરાવી. તે મહિલા વેટલીફ્ટર એથેન્સ ઓલિમ્પિકસની સ્ટાર હતી. મીરા એ તેમને પોતાના આદર્શ માની લીધા. બાબા ના કહેવાથી તેણે બનતી મદદ કરવાની કોશિશ કરી. તેણે પોતાના આઇડલ નો ૧૨ વર્ષ જૂનો રેકોર્ડ ૨૦૧૬માં ૧૯૨ કિલો વજન ઊંચકીને તોડ્યો.

૨૦૧૭ માં તેને યુએસના કેલિફોર્નિયામાં વેઇટલિફ્ટિંગ માટે ભાગ લેવાની તક મળી. મેચ પહેલા અમેરિકન રાષ્ટ્રપતિ જેના મહેમાન હતા એવા ડીનર માં સહભાગી થવાનું આવ્યું ત્યારે તેમણે જોયું કે તે પોતાના અલગ વાસણમાં ભાત પીરસીને ખાઇ રહી છે. તેનું કારણ પૂછવામાં આવતા તેણે કહ્યું મારા દેશનું અન્ન ખાવા માટે તો દેવતાઓ પણ તરસે છે. તેથી હું માત્ર મારા દેશમાં ઉગાડેલું અન્ન જ ખાવું છું. અમેરિકન રાષ્ટ્રપતિ- તું તો મોટી દેશભક્ત છે, એક વાર આવવું પડશે ભારત, તારું ગામ જોવા! મીરા- તે માટે ત્યાં સુધી જવાની જરૂર નથી, મારું ગામ મારી સાથે જ હોય છે. અને સાથે લાવેલી બેગમાંથી એક પોટલી ખોલી પેલા માથે લગાડી પછી રાષ્ટ્રપતિને આપતા કહે છે આ છે મારા પાવન ગામ અને મહાન દેશની માટી! આમાં મારા દેશના દેશભક્તોનું લોહી ભળેલું છે. સરદાર ભગતસિંહ, રામપ્રસાદ, ચંદ્રશેખર આઝાદ.. જેથી આ માટી નહીં પણ મારો સંપૂર્ણ ભારત છે ! રાષ્ટ્રપતિ- આટલું સરસ શિક્ષણ તે કયા વિશ્વવિદ્યાલયમાંથી લીધું? મીરા- આવી શિક્ષા કોઈપણ વિશ્વવિદ્યાલયમાં નથી મળતી. માત્ર ગુરુના ચરણોમાં જ મળે છે. આર્ય સમાજમાં હવન કરવા વાળા બાબાથી મને આ જ્ઞાન પ્રાપ્ત થયું છે. રાષ્ટ્રપતિ- આવતીકાલની મેચ તું જ જીતીશ. મેં વાચ્યું છે કે હનુમાનજી આખો ડુંગર હાથમાં ઉઠાવી લાવ્યા હતા. પણ કાલે તારી સામે હનુમાનજી જેવા ભગવાન પણ વજન ઉઠાવીને ઉભા હશે તોય તે હારી જશે. અને ખરેખર બીજે દિવસે મીરા ગોલ્ડ મેડલ જીતી ગઈ. ત્યાં તે વાતનું કોઈને આશ્ચર્ય ન હતું પણ અહીં ભારતની જનતાને ચોક્કસ હતું. બીબીસી પહેલાથી જ લીડ ખબર બનાવી ચૂક્યું હતું. જ્યારે ભારત આ ખબર ના પ્રૂફ મળવાની રાહ જોઈને બેઠું હતું. તે પછી મીરા એ ફરી ૧૯૬ કિલો વજન ઉઠાવીને ભારતને ૨૦૧૮માં કોમનવેલ્થ ગેમ્સ નો પહેલો ગોલ્ડ મેડલ અપાવ્યો. તે માટે મણિપુરના મુખ્યપ્રધાન વિરેન્દ્રસિંહ ૧૫ લાખ રોકડ રકમની જાહેરાત કરી હતી. ત્યાર પછી આ માટે તેને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવી. એવોર્ડ મળ્યા બાદ મીરાબાઈ એ પહેલાં તેમના ઘર માટે બળદગાડું ખરીધ્યું અને બાબાના મંદિરને કોંક્રિટનું બનાવવા માટે ગુરુ દક્ષિણા રૂપે રૂપિયા આપ્યા.

હમણાં જ જાણ્યું કે આસામના સીએમે તેને એડિશનલ એસપીની પોસ્ટ આપી, તેને પોતે તેની ઓફિસ તરફ દોરી ગયા અને ખુરશી ગ્રહણ કરાવી. માત્ર ક્રિકેટને જ પ્રોત્સાહન આપ્યા કરવા કરતા બીજી બધી સ્પોટ્ર્સ એક્ટિવિટીને પણ આ રીતે પ્રોત્સાહન આપવું જરૂરી છે. તેમ જ આવી પ્રોત્સાહન આપનારી માહિતીનો આપણા પાઠ્યપુસ્તકોમાં સમાવેશ કરવામાં આવે તો આવનારી પેઢીને પ્રેરણા મળે..

(વેદ વૃક્ષ કી છાંવ તલે) પુસ્તકનો એક ભાગ

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓએ

# રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગના પ્રશ્નોની મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ

## વિવિધ પ્રશ્નોના નિવારણની ખાત્રી આપતા રૂપાણી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર ઉદ્યોગના વિવિધ પ્રશ્નો બાબતે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.વી.વૈષ્ણવ, ઉપપ્રમુખ પાર્થ ગાગાત્રા, માનદ્ મંત્રી નૌતનભાઈ બારસીયા, કારોબારી સભ્ય નિલેશભાઈ ભલાણીએ મુખ્યમંત્રી વિજય રૂપાણીની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈ રજૂઆત કરતા જણાવ્યું કે, રાજકોટને ઈનલેન્ડ કન્ટેનર ડેપો (eld) ની માંગણી ઉકેલવા ગુજરાતની નવી ઔદ્યોગીક નીતી-૨૦૨૦ જાહેર થઈ તેમા તાલુકાઓને કેટેગરી ૧,૨,૩ માં મહદઅંશના તાલુકાઓને કેટગરીમાં ફેરફાર કરવાની આપેલ તેમા રાજકોટ -સુરતની ફલાઈટ પણ ચાલુ થયેલ. પરંતુ હાલ તે બંધ થયેલ હોય તેને ફરીથી ચાલુ કરવા માંગણી કરેલ. તેમા સરકાર એવીએશન મીનીસ્ટર દિલ્હીને ભલામણ કરશે. TOY પાર્કના રોમટીરીયલ્સ-પાર્ટસનું ઉત્પાદન રાજકોટમાં થાય. જેથી આ ઉદ્યોગમાં સરળતા રહે લોકોને મોટી રોજગારી ઉભી થાય.

MSME ની મર્યાદા ૨૦૦ કરોડ સુધી વધારેલ હોય જી.આઈ.ડી.સીમાં ૩૦૦૦ ચો. મીટરને બદલે જો ૬૦૦૦ ચો.મીટર ઉદ્યોગકારોને ૫૦ ટકાના દરે આપવામાં આવે. ઔદ્યોગીક એકમો માટે લેવામાં આવતા ફાયર NOC મ્યુનિસીપલ કોર્પોરેશન અથવા સબંધીત રેગ્યુલેટરી બોર્ડ આપે છે. તેને બદલે માત્ર શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આપવી જોઈએ.

નવી GIDC ની આવશ્યક્તા હોય રાજકોટ-જામનગર હાઈવે પર પડધરી પાસે અને રાજકોટ-ભાવનગર હાઈવે પર ગઢડા પાસે સરકારી ખરાબાની જમીન જે નવી GIDC સ્થાપવા માટે ઘણી ઉપયોગી છે. તાત્કાલીક કરવાની ઔદ્યોગીક એલોટ કરેલા પ્લોટ માં એફ.એસ.આઈ. ૧.૬ માંથી ઘટાડીને ૧ કરેલ છે. તે બદલી ને ૧.૬ રાખવી તેમજ ગ્રાઉન્ડ ફલોરમાં નવા જી.ડી.સી.એલ. મુજબ અમલ કરવો રાજકોટ ચેમ્બરને જગ્યા તેમજ કન્વેન્શન સેન્ટર માટેની જગ્યા પુરતા પમાણમા નહીવત દરે ફાળવશે.

ઓકિસજન પ્લાન્ટ ઈન્ડસ્ટ્રીઝ વપરાશ માટે બંધ હતા ત્યારે જે એકમોમાં ગર્વમેન્ટ કોન્ટ્રાકટના કામો ચાલુ હતા તે કાર્યમાં ઓકિસઝન સપોયના હિસાબે કાર્ય સમયર્યાદામાં પૂર્ણ ન થઈ શકાયું હોય તેવા એકમોને કોન્ટ્રાકટની સમયમાર્યાદામાં વધારો કરી આપવો.

રાજકોટમાં રામનગર ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનમાં આવેલ ૨૫૦ થી વધુ ઔદ્યોગીક એકમો પાસે થી નિયમ મુજબ ફી વસુલ કરીને તેને નિયમીતકરવા બાબત.

રાજકોટ ચેમ્બર દ્વારા વિવિધ પ્રશ્નો અંગે મૌખિત તથા લેખિત રજુઆત માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને તેમજ ચીફ પ્રીન્સીપલ સેક્રટરી કૌલાશનાથન, ઈન્ડસ્ટ્રી એન્ડ માઈન ડિપાર્ટમેન્ટના એડી.ચીફ સેક્રેટરી રાજીવ ગુપ્તા, ઉદ્યોગ કમિશ્નર રાહુલ ગુપ્તા, જી.આઈ.ડી.સી.ના એમ.ડી. એમ.થેન્નાર્શન, તથા ઈન્ડસ્ટ્રીયલ એક્ટેન્શન બ્યુરોના એમ.ડી. નિલમ રાની મેડમ, એમ.એસ.એમ.ઈ. કમિશ્નર રણજીથ કુમાર સમક્ષ રજુઆત કરેલ.

મુખ્યમંત્રીએ સહાનુભૂતિ આપેલ અને રાજકોટ ચેમ્બર દ્વારા ધ્યાન પર મુકેલ પ્રશ્નો અંગે તુરંત યોગ્ય નિરાકરણ લાવવામાં આવશે તેવી ખાત્રી આપેલ છે તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.(૭.૧૬)

# રૂપાણી સરકારના ૫ વર્ષ પૂર્ણ થતા અનેક કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયા

## મુખ્યમંત્રીનો આભાર માનતા ધારાસભ્ય લાખા સાગઠીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

લાખાભાઈ સાગઠિયા દ્વારા રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મત વિસ્તારના રાજકોટ મહાનગર તથા લોધિકા - કોટડાસાંગાણી તથા રાજકોટ તાલુકાના અનેક વિકાસ કાર્યો જેવા કે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત પાડાસણથી કાથરોટા ગામનો નોન પ્લાન ડામર રોડ નું રૂપિયા ૯૦ લાખના ખર્ચે ધારાસભ્યની મહેનતથી મંજુર કરાવીને તેનું ખાર્તમુહૂર્ત કરવામાં આવ્યું. લોધિકા ચોકડીથી ગોંડલ હાઇવે સુધીના રસ્તા તથા બ્રિજના કામનું લોકાર્પણ થયું.

લોધિકા તાલુકા જસવંતપુર ગામથી પાળ ગામ સુધીનો ડામર રોડ અંદાજીત ૨.૫ કિ.મી. નોન પ્લાન રોડનું લોકાર્પણ કરવામાં આવ્યું, રાજકોટની આત્મીય યુનિવર્સિટી ખાતે વિધાર્થીઓને ટેબલ્ટે વિતરણ કરવામાં આવ્યું. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દેવગામ, ખીરસરા, ત્રબા, સરધાર, હલેન્ડા, ડુગરપુર, ઉમરાળી ગામે અન્ન તથા કેરી બેગનું વિતરણ કરવામાં આવ્યું, ચાંદલી ગામે પંચાયત કચેરીનું ખાર્તમુહૂર્ત તથા લોધિકા ખાતે ICDS કચેરીનું ખાર્તમુહૂર્ત, પારડી ગામે પ્રાથમિક શાળામાં ૬ ઓરડાનું ખાર્તમુહૂર્ત, રાવકી ગામે શાળામાં ૩ - ઓરડાનું ખાર્તમુહૂર્ત, અભેપર ગામે ATVT ગ્રાન્ટમાંથી પેવર બ્લોક, મેટોડા, રાવકી પાળ ગામે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી બસ સ્ટેન્ડનું લોકાર્પણ કરવામાં આવ્યું. આવા તમામ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર - ૧૧ તથા ૧૮ના કોઠારીયા સોલવન્ટમાં ડિ.આઈ. પાઈપલાઇનનું ખાર્તમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ તકે અધિકારી તથા પદાધિકારીઓ હાજર રહ્યા હતા. અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલને પાંચ વર્ષ પૂર્ણ થતાં અભિંનદન પાઠવ્યા હતા. અને કરોડોના લોકાર્પણ બદલ મુખ્યમંત્રીનો આભાર ધારાસભ્ય લાખાભાઈ સાગઠિયા આભાર માન્યો.(૬.૧૬)

# કેશોદમાં આધાર મહિલા મંડળ દ્વારા મીઠાઈ-ફરસાણના સ્ટોલનો પ્રારંભ



(અમારા પ્રતિનિધિ દ્વારા)

કેશોદ, તા.૧૩

કેશોદ શહેરમાં કોરોના મહામારી વચ્ચે આર્થિક સંકડામણ અનુભવતા મધ્યમ વર્ગના પરિવારોને આજીવિકા મળે એવાં શુભ હેતુથી આધાર મહિલા મંડળ ની રચના કરી સશક્ત નારી શક્તિનો આધાર સુત્રને સાર્થક કરવા પવિત્ર શ્રાવણ માસમાં આવનારાં તહેવારોમાં શુધ્ધ, સાત્વિક અને સ્વાદિષ્ટ ફરસાણ અને મીઠાઈ મહિલાઓ પાસેથી તૈયાર કરાવી મહિલાઓ દ્વારા જ સ્ટોલ પર વ્યાજબી ભાવે વેંચાણ શરૂ કરવામાં આવેલ છે. મંજુલાબેન કાનાબારનાં હસ્તે રીબીન કાપી દિપ પ્રાગટય કરી જાહેર જનતા માટે સ્ટોલ ખુલ્લું મુકાયું છે. કેશોદ આધાર મહિલા મંડળનાં રાખીબેન કારીયા,કિર્તિબેન દેવાણી, રિધ્ધિબેન સોઢા અને કે ટી દેવાણી જહેમત ઉઠાવી રહ્યાં છે.(૬.૧૬)

# ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ



## રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણીના આયોજનો અંગે વિચાર–વિમર્શ કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

મહાત્મા ગાંધીએ જેમને રાષ્ટ્રીય શાયરના ગૌરવભર્યાં બિરૂદથી નવાજ્યા હતા તેવા સમર્થ સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, સ્વાતંત્ર્ય-સેનાની તેમજ સંનિષ્ઠ પત્રકાર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતીની રાજ્યકક્ષાની ભવ્ય ઉજવણી ગુજરાત સરકાર દ્વારા થઈ રહી છે.

આ અંતર્ગત ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી માટે રાજયકક્ષાની સમિતિના અધ્યક્ષ ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. ગુજરાત રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ રાજ્યકક્ષા મંત્રી અને સમિતિના ઉપાધ્યક્ષ વિભાવરીબેન દવે, ધંધુકાના પૂર્વ ધારાસભ્ય ભરતભાઈ પંડ્યા, ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી, લોકગાયક અભેસિંહ રાઠોડ તેમજ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના અધિક મુખ્ય સચિવ સી. વી. સોમ (આઈ.એ.એસ.), યુવક-સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશ્નર પી. આર. જોષી, નાયબ સચિવ (સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ) એસ. કે. હજુ ઉપસ્થિત રહ્યાં હતાં. વિવિધ આયોજનો વિશે વિચાર-વિમર્શ કરાયો હતો. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ રચેલ સદાબહાર ગીત કસુંબીનો રંગના અનન્ય-અદ્વિતીય વિડીયો આલ્બમને પિનાકી મેઘાણીએ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને અર્પણ કર્યું હતું. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ધંધુકાના પૂર્વ-ધારાસભ્ય ભરતભાઈ પંડ્યા આ વિડીયો આલ્બમ માટે પથદર્શક રહ્યાં છે. નવી પેઢીમાં રાષ્ટ્ર-ભાવના જાગૃત થાય તેમજ જીવન-મૂલ્યોનું સંસ્કાર સિંચન થાય તે આશયથી ગુજરાતની દરેક યુનિવર્સિટી, કોલેજ અને શાળામાં ઝવેરચંદ મેઘાણી રચિત શૌર્ય અને દેશપ્રેમનાં ગીતો ગુંજે તેવી પ્રેરણા શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપી હતી.(૬.૧૬)

## રાજકોટ ખાતે ૭૫ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિતે

# ચૌધરી હાઈસ્કૂલ ખાતે નિવાસી અધિક કલેકટરના હસ્તે ધ્વજારોહણ થશે

### તા.૧૪મીએ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

ભારતના ૭૫ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશની સાથે શહેરમાં પણ તા. ૧૫ મી ઓગસ્ટની ઉજવણી કરવામાં આવશે. આ સ્વાતંત્ર્ય દિને એ. એસ. ચૌધરી હાઈસ્કુલ ખાતે સવારે ૯ કલાકે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં રાજકોટ જિલ્લાના નિવાસી અધિક કલેકટર અને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કેતન ઠક્કર ધ્વજારોહણ કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી પરેડ નિરીક્ષણ કરશે. આ સ્વાતંત્ર્ય પર્વે સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન પણ કરાશે.

'આઝાદીનો અમૃત મહોત્સવ' થીમ આધારીત સાંસ્કૃતિક કાર્યક્રમોનું તાલુકા મથકો ઉપર આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લાના તમામ તાલુકા મથકો ઉપર સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાને એટલે કે તા. ૧૪મીએ સાંજના ૬ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવનાર છે.

તાલુકા કક્ષાએ 'આઝાદીનો અમૃત મહોત્સવ' થીમ આધારીત હાથ ધરાનાર સાંસ્કૃતિક કાર્યક્રમોમાં આઝાદીની લડાઈમાં યોગદાન આપનાર વીર સ્વાતંત્ર્ય વીરોને યાદ કરી તેમણે આપેલ યોગદાન બાબતે વકતવ્ય અપાશે. ત્યારબાદ સ્થાનિક કલાકારો દ્વારા દેશભક્તિના ગીતો રજુ કરાશે. જેનું પ્રસારણ LED સ્ક્રીન ઉપરથી પણ નિહાળી શકાશે. તાલુકા કક્ષાના આ કાર્યક્રમ બાદ જુનાગઢ ખાતે આયોજિત થનાર રાજયકક્ષાના સાંસ્કૃતિક કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ તમામ તાલુકા મથકોએ ઉપસ્થિત રહેલા લોકો નિહાળી શકશે.(૧.૧૬)

# ચોરવાડ નગરપાલિકા કચેરી ખાતે આવાસોનો ડ્રો કરાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ચોરવાડ, તા.૧૩

ચોરવાડ નગરપાલિકા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (એ.એચ. પી.ઘટક) અંતર્ગત ચોરવાડ બંદર રોડ ઉપર ૪૧૬ આવાસોનું બાંધકામ પૂર્ણ થઈ જતાં જે લાભાર્થીઓ દ્વારા ડિપોઝીટ પેટેની રકમ જમા કરવામાં આવેલ તેવા આવસોનું ધારાસભ્ય અને ચોરવાડ નગરપાલિકાના સદસ્ય વિમલભાઈ ચુડાસમા, ચીફ ઓફિસર એમ.જે. જોધપુરા તેમજ ભાવનગર ખાતેથી આવેલ અધિકારી અને લાભાર્થી ઓની હાજરીમાં ચોરવાડ નગરપાલિકા કચેરી ખાતે ડ્રો નું આયોજન કરવામાં આવેલ. જેમાં 1-BHK 13 લાભાર્થીઓ અને અને 2-BHK 16 લાભાર્થીઓના આવાસોનો ડ્રો કરવામાં આવેલ, જેથી લાભાર્થીઓને તાત્કાલિક ધોરણે આવસોનો લાભ મળી શકે.(૬.૧૬)

# આજે કેવલ વાડોલિયાનો જન્મદિવસ



ઘરમાં બધાનો લાડલો એવો કેવલ વાડોલિયાનો આજે જન્મદિવસ છે. જીવન ના ૧૭ વર્ષ પૂરા કરી ૧૮માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. એન્જિનિયરનો વિદ્યાર્થી છે. ભણવામાં હોશિયાર અને બધાને હમેશા મદદરૂપ બને છે. સેવભાવિ કાર્યોમાં આગળ રહે છે. મિત્રદારી નિભાવવામાં પ્રામાણિક રહી મિત્રો માટે વફાદાર રહે છે. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી ખૂબ-ખૂબ શુભેચ્છાઓ...

# કુંવાડવા પંથકની સગીરાને તેનો સ્કૂલ ડ્રાઈવર લગ્નની લાલચ આપી રિક્ષામાં ભગાડી ગયો

### રેસકોર્ષમાં સગીરાને પરણિત ઢગો ઘેની પ્રવાહી પિવડાવી કારખાને લઈ ગયો ; સાંજે ઘરે પહોંચેલી સગીરાની તબિયત લથડતા સારવારમાં ખસેડાઇ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ તા ૧૩

કુવાડવા રોડ પર બળદેવ પેટ્રોલ પંપ પાસે રહેતી સગીરાને તેનો સ્કૂલ રીક્ષા ડ્રાઈવર પ્રેમજાળમાં ફસાવી સવારે રિક્ષામાં ઉપાડી જઇ રેસકોર્ષ - કારખાના જેવા વિવિધ સ્થળો પર લઈ ગયા બાદ સાંજે ઘરે મૂકી નાશી છૂટ્યો હતો.બાદમાં સગીરાની તબિયત લથડતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. કુવાડવા પોલીસે બનાવ અંગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ કુવાડવા રોડ પર બળદેવ પેટ્રોલ પંપ પાસે રહેતી મિડલ સ્કૂલમાં અભ્યાસ કરતી ૧૬ વર્ષીય સગીરાને તેનો સ્કૂલ રીક્ષા ડ્રાઈવર દિપક શ્રી વાસ્તવ પ્રેમજાળમાં ફસાવી બ્યુટી પાર્લરમાં મુકવા જવાનું કહી રેશકોર્ષ લઈ ગયો હતો. જ્યાં સગીરાને કેફી પ્રવાહી પીવડાવી દીધા બાદ કોઈ અજાણ્યા શખ્સના કારખાને લઇ ગયો હતો.જ્યાથી સાંજે ફરી સગીરાને રિક્ષામાં બેસાડી પેટ્રોલ પંપ પાસે મૂકી છૂટ્યો હતો. ઘરે પરત ફરેલી સગીરા બેભાન થઈ જતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.જ્યા માતા પિતાને સમગ્ર ઘટના અંગે આપવીતી જણાવી હતી. છેલ્લા ત્રણ મહિનાથી પરણિત રીક્ષા ચાલક સાથે સગીરાને પ્રેમ સંબધ હોવાનું જણાવતા માતા પિતા પણ ચોંકી ઉઠ્યા હતા. કુવાડવા પોલોસે સગીરાની માતાની ફરિયાદ પરથી ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. મહિલા પોલીસની ટીમે સગીરાનું મેડિકલ ચેકપ કરી વધુ તપાસ હાથ ધરી છે.(પ.૧૫)

# સુરતમાં પટેલ યુવક સાથે તેની પત્ની - તેના પૂર્વ પતિ સહિત ચાર લોકોની છેતરપિંડી

### L.I.Cની ઓફિસમાં કામ કરતા પટેલ યુવાને સહકર્મી પરિણીતાના છૂટાછેડા થયા બાદ સાથે લગ્ન કર્યા ; બાદમાં તેના પૂર્વ પતિએ ગાળો ભાંડી માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યુઃ અંતે પટેલ યુવાને તપાસ કરતા તેની પત્ની ગીતા, તેના પૂર્વપતિ યોગેશ સાથે તેની માતા મીનાના ઘરે સાથે રહેતા હોવાનું ખુલ્યું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૩

સુરતના કેનાલ રોડ પર સ્તુતિ અરિસ્તા એપાર્ટમેન્ટમાં રહેતા એલ.આઈ.સી એજન્ટનું કામ કરતા પટેલ યુવાને અડાજણ પોલીસ સ્ટેશનમાં તેની પત્ની, તેનો પૂર્વ પતિ, તેની માતા, તેના ભાઈ સામે છેતરપિંડી- ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધવા અરજી કરી છે.

છેતરપીંડીના બનાવ અંગે સુરતના કેનાલ રોડ પર સ્તુતિ અરિસ્તા એપાર્ટમેન્ટમાં રહેતા એલ.આઈ.સી એજન્ટનું કામ કરતા અલ્પેશ હસમુખ પટેલ ( ઉ.વ ૪૪)એ અડાજણ પોલીસ સ્ટેશનમાં તેની પત્ની ગીતા પટેલ, તેનો પૂર્વ પતિ યોગેન્દ્ર ભુપત મીઠાઈવાળા, ગીતાની માતા મીનાબેન સુબોધ નાતાલવાળા,તેના પુત્ર અંકિત સુબોધ નાતાલ વાળા સામે છેતરપીંડી કરી ગાળો આપ્યાની ફરિયાદ નોંધાવી છે. આઈપીસી ૩૮૪,૪૦૬,૪૨૦,૫૦૩,૫૦૪,૫૦૬ મુજબ ગુનો નોંધવા માંગ કરી છે.

પટેલ યુવાને ફરિયાદી જણાવ્યું છે કે પોતાના વર્ષ ૨૦૦૨ માં અમૃતા ધ્રુવકુમાર ટોપીવાલા સાથે લગ્ન થયા હતા. જેના થકી એક પુત્રી કાવ્યાનો જન્મ થયો હતો.

બાદમાં ૨૦૧૭ માં અમૃતાનું અવસાન થયું હતું. ત્યારબાદ ૨૦૧૭ માં એલઆઇસી ઓફિસમાં કામ કરતી ગીતા સાથે સંપર્ક થયો હતો.

બંને વચ્ચે ગાઢ મિત્રતા બંધાઈ હતી. મિત્ર ગીતાને તેનો પતિ યોગેશ અવાર નવાર મારકુટ કરી કાઢી મુકતો હોવાથી મારી મદદ માંગતી હતું. હું ઘણી વખત દંપતી વચ્ચે સમાધાન કરાવી દેતો હતો. પરંતુ વર્ષ ૨૦૨૦ માં ગીતા અને યોગેશ વચ્ચે ટેલિફોનિક છૂટાછેડા થયા હતા.જેથી ૬- ૧૦- ૨૦૨૦માં મેં ગીતા સાથે લગ્ન કરી લીધા હતા.

બાદમાં ૨૮ નવેમ્બર ૨૦૨૦ થી યોગેશ મીઠાઈવાળા એ માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. મારી સાથે પત્ની ગીતા- તેનો પૂર્વ પતિ યોગેશ ષડ્યંત્ર રચતા હોવાની જાણ થતાં હું ગીતાની માતા મીના નાતલવાળા , તેના ભાઈ અંકિત નાતલવાળને મળવા ગયો હતો.

જ્યાં ૨૩ ફેબ્રુઆરીના રોજ જતા પત્ની ગીતા, પતિ યોગેશ,તેની માતા મીના બધા એકસાથે જોવા મળ્યા હતા. મારે ગીતા સાથે છુટાછેડા જોતા હોય તો મારે રૂ. ૫ લાખ આપવા પડશે તેવી માંગણી કરી હતી.

હાલ મારા વિરુદ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં ખોટા કેસ કરી પૈસાની માંગણી કરતા હોયતો અમને ન્યાય અપાવવા રજુઆત છે.(પ.પ)

# મા.યાર્ડ પાસેથી દારૂ- બિયર ભરેલી બે કાર સાથે ત્રણ ઝડપાયા ; એક શખ્સ ફરાર

### સપ્લાયરની ઓળખ મેળવવા ચોટીલાના ઈમિટેશનના વેપારી ટ્રાવેલ્સના ધંધાર્થી સહીત ત્રણની પૂછપરછ ; રૂ.૧૪.૮૩ લાખનો મુદમાલ કબજે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ, તા.૧૩

શહેરના ભગીરથ સોસાયટીની સામે પેડક રોડ તથા સંત કબીર રોડની વચ્ચે માર્કેટીંગ યાર્ડની સામેથી ૩૬૦ ટીન બીયર ભરેલી એક્સયુવી અને આઈ-૨૦ કાર સાથે ચોટીલાના ઈમિટેશનના વેપારી અને રાજકોટના ટ્રાવેલ્સના ધંધાર્થી સહીત ત્રણ શખ્સોને ડીસીબી શાખાએ પકડી લઇ રૂ.૧૪.૮૩ લાખનો મુદામાલ કબજે કર્યો છે.એક શખ્સ ફરાર થઈ ગયો હતો. શ્રાવણ માસ દરમ્યાન દારૂની પ્રવૃત્તિ પર અંકુશ મેળવવા માટે ક્રાઈમ બ્રાંચના પીઆઈ વી.કે.ગઢવી તેમજ પીએસઆઈ વી જે.જાડેજા અને તેમની ટીમને મળેલી બાતમીના આધારે ભગીરથ સોસાયટીની સામે પેડક રોડ તથા સંત કબીર રોડની વચ્ચે માર્કેટીંગ યાર્ડની સામેથી રૂ.૩૬ હજારની કિમતની ૩૬૦ ટીન બીયર સાથે એકસયુવી કાર નં. જીજે-૦૩-ઈઆર-૨૮૭૧ અને આઈ -૨૦ કાર નં જીજે-૦૩-એફકે-૫૨૦૮ સાથે સુરેન્દ્રનગરના ચોટીલા તાલુકાના ડાકવડલાના ઈમીટેશનના વેપારી દિલીપભાઇ વલ્કુભાઇ વનરા, ટ્રાવેલ્સના ધંધાર્થી કુવાડવા રોડ ભગવતી પાર્ક -૧ ''સુર્યદિપ'' રાજકોટમાં રહેતા રાજવીર જોરૂભાઇ, નાના મૌવા મેઇન રોડ જીવરાજ પાર્ક -૨ નચીકેતા સ્કુલની સામે બ્લોક નં.૨ રાજકોટ ખાતે રહેતા રવિ દિનેશભાઇ ચૌહાણની ધરપકડ કરી હતી આ દરોડામાં પૃથવીરાજ દિલીપભાઇ ધાંધલની શોધખોળ શરુ કરવામાં આવી છે. રૂ.૩૬૦૦૦ની કિંમતની ૩૬૦ ટીન બીયર સાથે રૂ.૧૪.૮૩ લાખનો મુદામાલ કબજે કરી વધુ તપાસ શરુ કરી છે.પકડાયેલો દિલીપભાઇ વલ્કુભાઇ વનરા થાનગઢમાં દારૂની હેરાફેરીમાં ઝડપાઈ ચુકયો છે.જયારે રવિ દિનેશભાઇ ચૌહાણ અગાઉ પલસાણા,બી ડીવી,યુનીવર્સીટી પોલીસમાં દારૂના ગુનામાં ઝડપાઈ ચુકયો છે.(પ.પ)

### રાજકોટના ખેડૂતો માટે સારા સમાચાર

# આજી ૨ અને ૩ ને ન્યારી ૨ ડેમ માંથી સિંચાઈ માટે પાણી છોડવામાં આવશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા ૧૩

ખેડૂતોને સિંચાઈનું પાણી પૂરું મળે તે માટે ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું :૨૮ ગામના ખેડૂતોને આજથી સિંચાઈનું પાણી આપવાનું શરૂ: ૬ ડેમ માંથી પાણી છોડવામાં તંત્ર બન્યું તૈયાર



રાજકોટના ખેડૂતો માટે સારા સમાચાર આવ્યા છે આજી ૨ અને ૩ ને ન્યારી ૨ ડેમ માંથી પાણી છોડવાનું શરૂ થયું છે , ખેડૂતોને સિંચાઈનું પાણી પૂરું મળે તે માટે ડેમ માંથી પાણી છોડવામાં આવ્યું છે ૨૮ ગામના ખેડૂતોને આજથી સિંચાઈનું પાણી આપવાનું શરૂ કરાયું છે, ૬ ડેમ માંથી પાણી છોડવામાં તંત્ર તૈયાર બન્યું છે.(૯.૧૫)

# મનપા દ્વારા ૭૫ મો સ્વાતંત્ર્ય પર્વ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે યોજાશે

### મેયર પ્રદિપ ડવ રાષ્ટ્રધ્વજને સલામી આપશેઃ સાંસદો, ધારાસભ્યો સહિતનો ઉપસ્થિત રહેશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૩

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી અમિત અરોરા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પરેશભાઈ ડી. પીપળીયા એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી તા. ૧૫ ને રવિવારના રોજ ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ડો.આંબેડકર ભવન સેન્ટ્રલ ઝોન કચેરીના ગ્રાઉન્ડમાં સવારે ૯:૩૦ કલાકે ધ્વજવંદન અને સલામી સમારોહ કાર્યક્રમ યોજાશે. મેયર ડો.પ્રદિપ ડવ રાષ્ટ્રધ્વજને સલામી આપશે. હાલમાં કોરોનાની વૈશ્વિક મહામારી ચાલી રહી છે ત્યારે આ કાર્યક્રમ સરકારની સૂચના તેમજ સોશિયલ ડિસ્ટન્સ, વિગેરેના પાલન સાથે યોજવામાં આવશે.

આ પ્રસંગે સાસંદઓ, ધારાસભ્યઓ, પદાધિકારીઓ, પાર્ટીના હોદેદારઓ, કોર્પોરેટરઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે. (૬.૧૩)

# ઉદયનગરમાં પેઇનગેસ્ટ તરીકે રહેતા રામોદના યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

### રૂમ પાર્ટનર બહારથી આવતા યુવાન લટકતો હતો, આપઘાતનું કારણ અકબંધ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ,તા.૧૩

શહેરના મવડી વિસ્તારમાં આવેલા ઉદયનગરમાં રૂમ રાખી નોકરી કરતા મૂળ રામોદના યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ મુળ કોટડા સાંગાણીના રામોદ ગામનો અને હાલ રાજકોટમાં ઉદયનગર શેરી નં.-૬માં રૂમ રાખી મિત્ર સાથે રહેતો જેનીલ પરેશભાઈ વઘાસીયા (ઉ.વ.૨૧) નામના યુવાને ગઈ કાલે પોતાની રૂમ ઉપર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો તેનો રૂમ પાર્ટનર બહારથી રૂમ ઉપર આવ્યો ત્યારે જેનીલ લાકતો હોય જેને ઉતારી ૧૦૮ને જાણ કરતા ૧૦૮ના સ્ટાફે મૃત જાહેર કરી પોલીસને જાણ કરી હતી.

માળવીયાનગર પોલીસ મથકના પીએસઆઈ બી.વી.રાણા અને પ્રશાંતસિંહે પ્રાથમિક કાગળો કરી મૃતદેહને પી.એમ.માં ખસેડી તપાસ હાથ ધરી છે. જેનીલના માતા-પિતા રામોદ રહેતા હોય જેને જાણ કરી છે હાલ તો આપઘાતનું કારણ જાણવા મળ્યું નથી.

પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જયારે યુવાન પુત્રના મોતથી પટેલ પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. (પ.પ)

# આવતીકાલે કોઠારિયા કોલોનીના કોટેશ્વર મહાદેવ મંદિરે નાની શીતળા સાતમ ભક્તિભાવથી ઉજવાશે

### મંગળા આરતી, પૂજન-અર્ચન, ધૂન-ભજન, શ્રુંગાર-દર્શન સહિતના આયોજનો યોજાશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા.૧૩

કોઠારિયા કોલોનીના આસ્થામાં પ્રતિક સમા કોટેશ્વર મહાદેવ મંદિરે શીતળામાના મંદિર ખાતે શ્રાવણ સુદ સાતમને શનિવારે નાની શીતળા સાતમ ધામધૂમ થી ઉજવાશે. શીતળામાં મંદિરે પરણિત મહિલાઓ દ્વારા સવારથી પૂજન-અર્ચન મહાઆરતી કરવામાં આવશે.મહિલાએ, શીતળામાના દર્શનાથે આવે છે. પરણિત અહીલાએ, આગલા દિવસનો, ખાદ્ય ખોરાક શોધી સાતમના દિવસે એકટાણું ઉપવાસ કરે છે. નાના બાળકોના સ્વાથ્ય સારું રહે તે માટે પરણિત મહિલાઓ દ્વારા શીતળામાંને શ્રીફળ, કુલેર, નેત્ર, ચુંદડી વગેરે ધરશે. શીતળામાં આરોગ્ય અને સમૃધ પ્રદાન કરે છે. આ સાથે સમગ્ર મંદિરે શીતળામાંના જયઘોષથી ગુંજાઉઠશે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જશે ધર્મ પ્રેમી ભાવિકો ને દર્શન તથા પૂજા-અર્ચન લાભ લેવા કોટેશ્વર પરિવારના રસીકગીરી બાપુ (અતીત-પુજારી) એ અનુરોધ કર્યો છે. (૭.૧૪)

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

### શહેર આમ આદમી પાર્ટી મહિલા મોરચા દ્વારા

# પેટ્રોલ-ડીઝલ સહિત ઘરવપરાશની વસ્તુઓના ભાવ વધારા સામે વિરોધ



**ભાજપના કાયદા, અંબાણીને ફાયદા સહિતના સુત્રોચ્ચાર કર્યા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૩

પેટ્રોલ-ડીઝલ અને ગેસ સહિત ઘરવપરાશને લગતી વસ્તુઓના ભાવ સતત વધતા જતા હોય અને સામાન્ય અને મધ્યમવર્ગ તેમજ મજુર વર્ગનું જીવણનિર્વાહ કરવું મુશ્કેલ હોય આવા સંજોગોમાં કેન્દ્રસરકાર અને રાજ્ય સરકારનું ધ્યાન દોરવા રાજકોટ શહેર આમ આદમી પાર્ટી મહિલા મોરચા દ્વારા ભાજપના કાયદા અંબાણીને ફાયદા, દેશ ઉપર દયા કરો, પેટ્રોલ-ડીઝલ સસ્તુ કરો સહિતના બેનર સાથે સુત્રોચ્ચાર કરી ભાવવધારા સામે વિરોધ નોંધ્નહાવ્યો હતો.

રાજકોટ શહેર આમ આદમી પાર્ટી મહિલા મોરચાના પ્રમુખ રાજલબેન ગઢવી , ઉપપ્રમુખ હંસાબેન ધમ્મર , ખેરૂનબેન ઘુવડ , ગીતાબા જાડેજા , મહિલા મહામંત્રી હર્ષાબેન શેઠ , શહેર સંગઠન મહામંત્રી તનુજાબેન દોશી , શહેર મંત્રી જાગૃતિબેન પરમાર , અર્ચનાબેન પટેલ , મહિલા સહમંત્રી મીનાબેન સરવૈયા , પ્રભાબેન પાનખાણીયા , શ્રધ્ધાબેન પુજારા તેમજ સોનલબેન મકવાણા , ગીતાબેન મકવાણા , દક્ષાબેન મકવાણા , ભાવનાબેન બાંભોલીયા , મીતલબેન માકડીયા , મીનાબેન ડવ , ચંદ્રીકાબેન ખુંટ , શકીનાબેન લોટીયા , ઈલાભારતીબેન અંજારીયા , જયશ્રીબેન સાગઠીયા , શાયરાબેન કાઝી , જાગૃતિબેન ચાવડા , આરતીબેન સિંગડીયા , યાસ્મીનબેન વીઘાણી , મુમતાઝબેન જેઠવા , પારૂલબેન સોલંકી વગેરેએ જહેમત ઉઠાવી હતી. તે બાબતની રાજકોટ શહેર અધ્યક્ષ શિવલાલ પટેલની અખબારી યાદી જણાવે છે. (૬.૧૩)

# કાંગશીયાળી પાસે ચેકડેમમાં ડૂબી જવાથી માતા-પુત્રી અને યુવતીના મોતથી પરિવારમાં અરેરાટી

### પુત્રીને બચાવા પડેલી માતા અને તેની સહેલી પણ ડૂબી ગઇઃ મૃતકનાં પરિવારનાં સભ્યો આઘાતથી સ્તબ્ધ ; ફાયર બ્રિગેડે મૃતદેહોને બહાર કાઢી પી.એમ અર્થે ખસેડયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ,તા.૧૩

રાજકોટ નજીક રસુલ પરા ખાતે રહેતા માતા-પુત્રી અને અન્ય યુવતીના કાંગશીયાળી નજીક ચેકડેમમાં નહાવા જતા ડૂબી જવાથી મોત થયા હતા.રાજકોટથી ૩ પરિવારની ૫ મહીલા કપડા ધોવા માંટે ગઈ હતી કપડાં ધોવા ગયા બાદ પુત્રી નાવા પડતા તે ડૂબવા લાગતાં તેને બચાવવા માટે તેની સહેલી અને માતાએ પણ ઝંપલાવ્યું હતું અને ત્રણેયના ડૂબી જવાથી મોત થતા બન્ને પરિવારોમાં માતમ છવાઇ ગયો છે.

રાજકોટના રસુલપરા પાસે ઝૂપડપટ્ટીમાં રહેતા મીઠુબેન કાળીયા ભાઈ પરમાર(ઉ.વ.૪૦) તેમની પુત્રી સોનલબેન કાળીયા ભાઈ પરમાર(ઉ.વ.૧૭) અને કોમલબેન ચનાભાઈ નાનજીભાઈ રાઠોડ(ઉ.વ.૧૮) નામની દેવીપુજક યુવતી અન્ય ત્રણ પરિવારની પાંચ જેટલી મહિલા ગઈકાલે બપોરે કાંગસિયાળી નજીક આવેલા ચેક ડેમમાં કપડાં ધોવા ગઈ હતી.

કપડા ધોઈ લીધા બાદ સોનલ ડેમનાં કિનારે નહાવા પડી હતી. પરંતુ ડુબવા લાગતા બુમાબુમ કરી હતી. જેથી તેની માતા મીઠુબેન અને તેની બહેનપણી કોમલ તેને બચાવવા પાણીમાં ઉતર્યા હતાં. પરંતુ આ બન્ને પણ ડુબવા લાગ્યા હતાં. મીઠુંબેન પુત્રી સોનલ અને કોમલ ત્રણેયના ડૂબી જવાથી મોત થયા હતા.બનાવની જાણ થતા રાજકોટ ફાયર બ્રિગેડ નો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને લગભગ દસેક મીનીટ પાણીમાં શોધખોળ કર્યા બાદ ત્રણેયનાં મૃતદેહો જ હાથ લાગ્યા હતાં.ત્રણે મૃતદેહને બહાર કાઢયા હતા દેવીપુજક પરિવાર અને પરમાર પરિવારમાં આ બનાવને પગલે પગલે ભારે શોક વ્યાપી ગયો હતો ઘટનાની જાણ થતા શાપર વેરાવળ પોલીસ મથકના પી.એસ.આઇ કુલદીપ સિંહ ગોહિલ અને તેમની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી કરી હતી.(પ.પ)

## જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતા હિત ધરાવતા પક્ષકારોને આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદાર-શૈલેષભાઇ દામજીભાઈ રૂપાપરા, રહેઃ ૩/૪ સાગર સોસાયટી, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ એ તેમના માતૃશ્રી- દયાબેન દામજીભાઈ રૂપાપરા અવસાન તાઃ ૦૮/૦૭/૧૯૮૨ નો અવસાનનો દાખલો નોંધવા, મેળવવા ફો.પ.અ.નં. ૧૯/૨૦૨૧ થી લોધિકાના જ્યુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં અરજી લાવેલ છે. સદરહુ અરજી સંબંધે કોઈને કોઈ પ્રકારનો વાંધો, તકરાર, હક્ક, હિત, હિસ્સો વગેરે કોઇપણ પ્રકારની તકરાર/રજુઆત કરવાની રહેતી હોય તો સદરહુ કોર્ટમાં મુક્ત તા. ૨૦-૯-૨૧ ના રોજ રજુઆત કરી શકાશે. વિકલ્પે કોઈને વાંધો તકરાર ન હોવાનું માની લઈ અરજીની ન્યાયીક કાર્યવાહી કરી, નામદાર કોર્ટ ન્યાય નિર્ણિત કરતો હુકમ આપશે. જેની સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા. ૧૦/૦૮/૨૦૨૧
તૈયાર કરનાર
(સહિ)
વાય.એચ.જોષી
(આસીસ્ટન્ટ)

કોર્ટનો સિક્કો

હુકમથી
(સહિ)
રજીસ્ટ્રાર
જ્યુ.મેજી.(ફ.ક)લોધીકા,
જિ.રાજકોટ

# આત્મીય કોલેજની ધો.૧૨ની વિદ્યાર્થીનોનો ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ

### અવધ પાસે આવાસમાં રહેતી પુત્રીને માતાએ કામ બાબતે ઠપકો આપતા પગલું ભર્યાનું રટણ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ તા ૧૩

શહેરના કાલાવડ રોડ પર સરકારી આવાસમાં રહેતી પુત્રીને કામ કરવા બાબતે માતાએ ઠપકો આપ્યો હતો. જે બાબતનું માઠું લાગી આવતા પુત્રીએ ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ અવધ ઢાળીયા પાસે મુખ્યમંત્રી આવાસમાં રહેતી આત્મીય કોલેજમાં ધોરણ ૧૨ માં અભ્યાસ કરતી પાયલ દિપક સોલંકી ( ઉ.વ ૧૮ ) ને ઘરનું કામ કરવા બાબતે માતા મંજુબેને ઠપકો આપ્યો હતો.જે બાબતનું માઠું લાગી આવતા યુવતીએ ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ચમાર પરિવારને જાણ થતાં તાકીદે પુત્રીને નીચે ઉતારી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી.બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જયારે મોરબીના જાંબુડિયા ડોલ્ફીન સીરામીકમાં કામ કરતી સુનિતા ખીમજી પરમાર ( ઉ.વ ૨૪ )એ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી.(પ.૧૫)

# બ્રાહ્મણીયાપરામાં કાર પાર્ક કરવા મુદ્દે દંપતિ ઉપર પાડોશી ત્રણ ભરવાડ શખ્સોનો પાઈપથી હુમલો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ, તા..૧૩

શહેરના સામા કાંઠે પેડક રોડ પર આવેલા બ્રાહ્મણીયાપરામાં કાર પાર્ક કરવા મુદ્દે દંપતિ ઉપર પાડોશી ભરવાડ શખ્સોએ પાઈપથી હુમલો કરી માર મારતા ઈજાગ્રસ્ત દંપતિને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.મારામારીના બનાવ અંગે બી ડિવિઝન પોલીસે ત્રણ ભરવાડ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.જાણવા મળતી વિગત મુજબ બ્રાહ્મણીયાપરા-૧૦માં રહેતાં અને બાંધકામનો વ્યવસાય ધરાવતાં પટેલ જગદીશભાઇ રાજાભાઇ શીંગાળા (ઉ.વ.૫૦) અને તેમના પત્નિ અસ્મીતાબેન (ઉ.વ.૪૦) પર પડોશમાં રહેતાં મુળુભાઇ સુરાભાઇ મુંધવા (ભરવાડ), સુરાભાઇ મુંધવા તથા ભીખાભાઇ સુરાભાઇ મુંધવાએ લોખંડના પાઇપથી હુમલો કરી માર મારતાં પતિ-પત્નિ બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

બી-ડિવીઝન પોલીસ મથકમાં જાણ થતાં પીએસઆઇ પી. બી. ત્રાજીયા અને કેતનભાઇ નિકોલાએ જગદીશભાઇની ફરિયાદ પરથી ત્રણેય સામે ગુનો નોંધ્યો હતો. જગદીશભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે પોતાના ઘર નજીક કાર પાર્ક કરવા મામલે પોતાના દિકરા ડેવીલ સાથે પડોશીઓ મુળુભાઇ સહિતે ઝઘડો કરતાં પોતે સમજાવવા જતાં પાઇપથી હુમલો કરાયો હતો. જેમાં પત્નિ વચ્ચે પડતાં તેમને પણ પાઇપથી ફટકારી ઇજા પહોંચાડાઇ હતી. ઝપાઝપીમાં પોતાના ગળામાંથી સોનાનો ચેઇન પણ તૂટીને ખોવાઇ ગયો હતો. મુળુભાઇ સહિત ત્રણેયે મારી નાંખવાની ધમકી પણ આપી હતી.

### ચામડીયાપરામાં પરિણીતાને કૌટુંબીક જેઠે માર મરતા સારવારમાં

ત્યારે બીજા બનાવમા મોરબી રોડ પર ચામડીયા ખાટકીવાસમાં રહેતાં અફસાનાબેન સિકંદરભાઇ ભાડુલા (ઉ.વ.30)ને સાંજે આઠેક વાગ્યે પડોશમાં રહેતાં અખ્તરભાઇએ ઢીકાપાટુનો માર મારી પાણકાના ઘા કરી ઇજા કરતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં બી-ડિવીઝનમાં જાણ કરાઇ હતી.અફસાનાબેનના કહેવા મુજબ અખ્તરભાઇ કુટુંબી જેઠ થાય છે. તેના ઘરનું પાણી અમારા ઘર તરફ આવતું હોઇ તેને આ બાબતે જાણ કરતાં ઝઘડો કરી મારકુટ કરી હતી. (પ.પ)

Dt.13-08-2021 **8** શુક્રવાર

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

## શહેર છેલ્લા બે દિવસથી કોરાનામુક્ત, એક પણ કેસ નોંધાયો નથી

### રાજકોટમાં આજે ૩૬ સેશન સાઈટ પર વેક્સિનેશનની કામગીરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ: રાજકોટમાં કોરોનામુક્ત બની રહ્યું છે. છેલ્લા બે દિવસથી શહેરમાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી. આજે પણ બપોર સુધીમાં કેસની સંખ્યા શૂન્ય છે. અત્યાર સુધીમાં કુલ કેસની સંખ્યા ૪૨૮૦૧ પર પહોંચી છે. તેમજ અલગ અલગ હોસ્પિટલમાં ૧૭ દર્દી સારવાર હેઠળ છે. આજે કોવેક્સિનના પ્રથમ ડોઝને ૨૮ દિવસ થઇ ગયા હોય તેવા નાગરિકો શહેરની બે સેશન સાઇટ પર બીજો ડોઝ લઇ શકશે.

જ્યારે કોવિશીલ્ડના પ્રથમ ડોઝને ૮૪ દિવસ થઇ ગયા હોય તેવા નાગરિકો ૩ સેશન સાઇટ પર બીજો ડોઝ લઇ શકશે. રાજકોટ શહેરમાં આજે રોજ બપોરે ૧ વાગ્યા સુધીમાં કોરોના સામેની રસીકરણમાં ૧૮થી ૪૪ વર્ષના કુલ ૨૯૪૫ અને ૪૫ વર્ષથી મોટી ઉંમરના કુલ ૧૪૮૬ સહિત કુલ ૪૪૩૧ નાગરિકોએ રસી લીધી હતી

રાજકોટ શહેરમાં ચાલી રહેલી વેક્સિનેશનની કામગીરી અંતર્ગત આજે ૩૧ સેશન સાઇટ પર કોવિશીલ્ડ રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવશે. તેમજ ૨ સેશન સાઈટ પર કોવેક્સિન રસીનો માત્ર બીજો ડોઝ આપવામાં આવશે.(૪.૪)

## રાજકોટ તાલુકા જીલ્લામાં અવનવી ઢબે જમીન હડપ કરવાના નવા કારસાનો પર્દાફાશ

# માપણી સામે વાંધો ઉઠાવી માજી સૌનિકની જમીન હડપ કરવાની ચાલબાજીથી ચકચાર

### મૂળ હરિયાણાના માજી સૈનિકનાં કુલમુખત્યાર દ્વારા જીલ્લા કલેકટર સમક્ષ લેખિત રજૂઆત



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૩ રાજકોટ તાલુકાનાં મઘરવાડા ગામે સર્વે નં. ૩૬૩ માં માજી સૌનિકને મળેલી ૧૨ એકર જેટલી જમીનની સતાવાર થયેલી માપણી સામે બાજુની જમીનવાળાએ વાંધો ઉઠાવી જમીન પચાવી પાડવાનો કારસો કર્યાની હરિયાણામાં રહેતા માજી સૌનીકે રાજકોટ કલેકટર સમક્ષ રજૂઆત કરી છે અને ન્યાય અપાવવા ધા નાખી છે.

મગરવાળામાં જમીન મેળવનાર માજી સૌનિક રણસિંહ આબાજસિંહ સહિત ૪ માજી સૌનિકને જમીન આપવામાં આવી હતી. આ માજી સૌનિકનું પરિવાર હરિયાણા રહેતું હોવાથી અવારનવાર એમને વતન જવું પડતું હતું. માજી સૌનિકનાં કુલમુખત્યાર જયપ્રકાશ ભીમસિંહ ગુલીયાએ કલેકટરને આપેલી લેખિત અરજીમાં દર્શાવાયું છે કે ગત તા.૨૪ માર્ચ ૧૯૬૯ થી ૧૨ એકર જમીન માજી સૌનિકની રૂએ સાંથણીમાં મળી હતી. અમારી જમીનની માપણી બાદ જમીનનો કબ્જો અમારી પાસે છે અને ખેતી કરીએ છે.

અરજીમાં દર્શાવ્યું છે કે, અમે ફરીથી માપણી અને સુધારા વધારા માટે ગત ૭/૧૨/૨૦૧૨ નાં રોજ જરૂરી ફી ભરી ડી.આઈ.એલ.આર કચેરીમાં ફેર માપણી માટે અરજી કરી હતી. એમણે અગાઉની માપણીની વિગત માંગતા સીટ નં.૧૫૧૬/૩ વાળી માપણી સીટની નકલ રજૂ કરી હતી. ત્યારબાદ કચેરી દ્વારા ગત. ૮/૬/૨૦૨૧ નાં રોજ જૂની નકલને આધારે મેળવણું કરી અમારી જમીનની માપણી કરી આપવામાં આવી હતી. દરમિયાન અમારી જમીનની ઉતરે જમીન મેળવનાર માજી સૌનીકે અમારી માપણી સામે વાંધા અરજી કરી હતી અને દાવો કર્યો હતો કે એ જમીન મારી છે. પણ ખરેખર જૂની સીટ મુજબ માપણી કરવામાં આવે તો દાવેદારનો કબ્જો વોકળા પછી અમારી જમીનની ઉતર તરફનો છે. તેની જમીન પર ઉપરવાળા ખાતેદારે દબાણ કર્યું છે. આથી અમારી ગેરહાજરીમાં અમારી જમીનમાં બાજુવાળાએ વાવેતર કરી નાખ્યું છે જે અંગે અમે લેન્ડ ગ્રેબિંગ કાયદા મુજબ સક્ષમ અધિકારી અને કુવાડવા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

અરજીમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે, અમારી દક્ષિણ દિશાનાં જમીન માલિકે દેવાભાઈ ભરવાડ નામની વ્યક્તિને કુલમુખત્યાર નામું આપ્યું હતું અને દેવાભાઈએ તેની પત્નીના નામે ૧૨ એકર જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લીધો હતો. અમારી જમીનને હડપ કરી જવા આસપાસનાં ખાતેદારોએ અનેકવાર પ્રયત્નો કર્યા છે. અમે અવારનવાર રજૂઆતો પણ કરી છે. જો જૂની માપણી સીટ મુજબ ૩ માજી સૌનિકની જમીનની માપણી કરી મેળવણું કરવામાં આવશે તો સાચી હકીકતો બહાર આવી જશે. આ જમીન અમારી હતી અને છે, આથી અમારી જમીનનો હક અપાવવા કલેકટર મહોદય પગલા લે એવી અમારી વિનંતી છે.(૨.૧૨)

## ગુજરાત સરકાર દ્વારા જાહેર રજાઓની તારીખમાં ફેરફાર

### ૨૦ ઓગષ્ટે આશુરા મહોરમની રજા નિમિતે દફતરો બંધ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ તા. ૧૩: રાજય સરકાર દ્વારા તા. ૧૯ નાં બદલે મહોરમની રજા તા. ૨૦ ને શુક્રવારે જાહેર કરાઇ છે.

ગુજરાત સરકાર દ્વારા તા. ૨૮મી ઓકટોબર-૨૦૨૦ના જાહેરનામાંથી કેલેન્ડર વર્ષ ૨૦૨૧ માટે સરકારી કચેરીઓ તથા બેંકો માટે જાહેર રજાઓ જાહેર કરવામાં આવેલ છે. મહોરમ (આશૂરા) ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૧ ગુરૂવારના રોજ જાહેર કરવામાં આવેલ હતી. હવે તેના સ્થાને મહોરમ (આશૂરા) ૨૦મી ઓગસ્ટ, ૨૦૨૧ ના રોજ જાહેર રજા જાહેર કરવામાં આવે છે.

તા. ૧૯-૮-૨૦૨૧ ગુરૂવારના રોજ તમામ સરકારી કચેરીઓ તથા બેંકોનું કામકાજ રાબેતા મુજબ ચાલુ રહેશે. આ હુકમો રાજય સરકાર હસ્તકના બોર્ડ-કોર્પોરેશન તેમજ પંચાયત કચેરીઓના કર્મચારીઓને પણ લાગુ પડશે. તેમ જવલંત ત્રિવેદી, સરકારના અધિક સચિવ, સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકારની યાદીમાં જણાવાયું છે.

## લાંબા સમય સુધી રાહ જોવડાવ્યા બાદ ગોંડલમાં મેઘરાજાની એન્ટ્રી



### વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરતા લોકોએ અસહ્ય ગરમામાંથી રાહત અનુભવી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**ગોંડલ: રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં વરસાદની ખેડૂતો કાગડોળે રાહ જોઇ રહ્યાં છે. વાદળછાંયા વાતાવરણ વચ્ચે અસહ્ય ગરમીથી લોકો ત્રસ્ત બન્યા છે. ત્યારે આજે ગોંડલના વાતાવરણમાં સવારે પલ્ટો આવ્યો હતો અને ધીમીધારે વરસાદ વરસી જતા રસ્તા પર પાણી ભરાયા હતા. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરતા લોકોએ અસહ્ય ગરમીમાંથી રાહત અનુભવી હતી. વરસાદ આવતા જ ગોંડલ પંથકના ખેડૂતોમાં ધોધમાર વરસાદની આશા જાગી છે.(૯.૪)

**સોનલ કેટરર્સ**

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ
બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.



૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ

સંપર્કઃ મો.૯૮૨૪૮ ００૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮

લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

## અય મેરે વતન કે લોગો, ઝરા આંખ મેં ભરલો પાની... આઝાદી દિનને અર્પણ



(તસવીરઃ દિલીપ ગોહેલ)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ: થોડા દિવસોમાં જ આપણે આન-બાન અને શાન સાથે ભવ્ય રીતે દેશના ૭૫ માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ. રાજકોટથી રચાલસીમા સુધી અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી અનેક રંગારંગ કાર્યક્રમો યોજાશે. રોશનીથી શહેરો, ગામો અને મહાનગરોના માર્ગો, મકાનો અને આધુનિક મોલ તથા બજારો ઝગમગી ઉઠશે. ત્યારે ઉજવણીના આ ઉન્માદ વચ્ચે પણ ગરીબ લોકોને કોઈ અસર થવાની નથી. એમના માટે આઝાદીનો દિવસ એટલે પેટની ભૂખ ઠારવા માટેની ૧૨ કલાકની તક સિવાય કશું નથી. એટલે જ જયારે-જયારે આવા પર્વ કે દિવસ આવે ત્યારે ગરીબ બાળકોનાં મેલા-ઘેલા, ફાટ્યા-તૂટીયા વસ્ત્રો પહેરેલા દેશના આ ભાવિ નાગરિકો શહેરોની ફૂટપાથ ઉપર ગોઠવાય જાય છે અને પસંદ મુજબની હાથે બનાવેલી ચીજવસ્તુઓ વહેંચીને સાંજનું ભોજન નિશ્ચિત કરે છે. ઉપરની તસ્વીર જુઓ અને જો આંખમાં પાણી ભરાય ન આવે તો જ નવાઈ.**(અનુ.પાના નં.૪ ઉપર)**

## ત્રીજી લહેરની આશંકા વચ્ચે ગુજરાતના ૧૧ મોટા ગરબા આયોજકોનો આ વર્ષે પણ ગરબા નહીં કરવાનો નિર્ણય

### ગરબામાં સોશિયલ ડિસ્ટન્સિંગ અશક્ય, ઓછા ખેલૈયાઓ સાથેનું આયોજન પોષાય તેમ નથી



# ગુજરાતના રોગ પીડિત આદિવાસીઓ માટે કેન્દ્રની સહાય શૂન્ય

### માત્ર આદિવાસીમાં જોવા મળતા સિકલસેલ એનિમિયાના દર્દીઓ રાજ્યમાં સૌથી વધુઃ અન્ય રાજ્યોમાં આવા કેસમાં રૂ.૬૫ કરોડની સહાય પણ ગુજરાતને ફદીયું પણ નહીં?

### વારસાગત ગણાતી આ બિમારી માત્ર આદિવાસીઓને ઝડપમાં લે છે



**(એજન્સી સમાચાર)** વડોદરા, તા.૧૩ ગુજરાતના આદિવાસીઓમાં વારસાગત રીતે જોવા મળતા સિકલસેલ એનિમિયા રોગનાં સૌથી વધુ દર્દીઓ ગુજરાતમાં હોવા છતાં અન્ય રાજ્યોને કેન્દ્ર તરફથી સહાય આપવામાં આવી છે પણ આશ્ચર્યજનક રીતે ગુજરાતને એક અદીયું પણ આપવામાં આવ્યું નથી. એક સવાલનાં જવાબમાં ખૂદ કેન્દ્રીય આદિવાસી રાજ્યમંત્રી રેણુકા સિંઘ સરુતાએ લોક સભામાં આ માહિતી આપી હતી.

સરકાર પાસેથી મળેલી માહિતી મુજબ જે રાજ્યોમાં ગુજરાત કરતા ઓછા આવા રોગીયો છે અને જ્યાં આવા એક પણ કેસ બન્યા નથી ત્યાં મંત્રાલય તરફથી રૂ.૬૦ કરોડની સહાય આપી દેવાઈ છે. પણ આ બિમારીનાં સૌથી વધુ દર્દીઓ જ્યાં છે એવા ગુજરાતને છેલ્લા ૬ વર્ષમાં કેન્દ્ર સરકારે બિમારી સામે લડવા એક રૂપિયો પણ આપ્યો નથી.

મંત્રી રેણુકા સિંઘએ એવી પણ માહિતી આપી હતી કે, જે રાજ્યોમાં આવા કોઈ કેસ નથી એવા હિમાચલ પ્રદેશ, નાગાલેન્ડ, તેલંગણા, ત્રિપુરા અને ઉત્તર પ્રદેશને રૂ.૪ કરોડ ૨૦ લાખની સહાય આપવામાં આવી છે.

તેમણે કહ્યું હતું કે મેડિકલ રીસર્ચ કાઉન્સિલ અને બાયોટેકનોલોજી વિભાગની મદદથી કુલ ૮૬.૪ લાખ આદિવાસીઓનું ગુજરાતમાં આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું છે. જેમાં ૨૯૨૬૬ આદિવાસીઓ સિકલસેલ એનિમિયાથી પીડિત દેખાયા છે. રાજ્યમાં કુલ ૭૨૯૫૬૧ આદિવાસીઓ આ બિમારીથી પીડાતા હોવાનું જાહેર થયું છે. આ રીતે દેશભરમાં સૌથી વધુ આવા રોગનું પ્રમાણ ગુજરાતમાં જોવા મળ્યું છે. ગુજરાત સરકારે કેન્દ્રની રાહ જોયા વિના આદિવાસી પટ્ટાનાં ૫ જીલ્લાઓમાં પીપીપી ધોરણે એનિમિયા નિયંત્રણ કાર્યક્રમનો આરંભ કરી દીધો હતો જે પાછળથી અન્ય ૭ આદિવાસી જીલ્લાઓમાં પણ લંબાવામાં આવ્યો છે. ગુજરાતે ખાસ સિકલસેલ એનિમિયા નિયમન સોસાયટીની પણ રચના કરી છે.(૨.૧૨)

# આજે શિવનું ઘરેણું ગણાતા નાગની નાગ પંચમી





(તસવીરઃ દિલીપ ગોહેલ)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** શ્રાવણ મહિનો તહેવારો અને વ્રતનો મહીનો ગણાય છે. શ્રાવણ માસ પાંચમ એટલે નાગ પંચમી. આજના દિવસે નાગ દેવતાની પૂજા કરવામાં આવે છે. નાગની સાથે ભગવાન શિવની પૂજા પણ કરવામાં આવે છે. હિન્દુ ધર્મમાં મોટાભાગની બહેનો આ વ્રત કરતી હોય છે. આજના દિવસે ઉપવાસ કરવાનો હોય છે. બહેનો પાણિયારે કંકુથી નાગ દેવતાનું ચિત્ર દોરી વિધિવત રીતે પૂજા કરવામાં આવે છે. અને પ્રસાદી તરીકે બાજરાના લોટની કુલેર બનાવીને ધરવામાં આવે છે. નાગ પંચમીના દિવસે ચોખ્ખા ઘી નો દીવો કરવામાં આવે છે. (૮)

## રાજકોટ કલેકટરની સંભવીત ત્રીજી વેવ સંદર્ભે પત્રકાર પરિષદ

# આગામી ૧૦ દિવસ બાદ ૮ થી ૧૦ વર્ષના ૨ લાખ બાળકોનો સર્વે હાથ ધરાશે

### ૦ થી ૫ વર્ષના ૧ લાખ ૪૦ હજાર બાળકોનો આરોગ્ય ક્ષેત્રે સર્વે પૂરો કરાયો



### પીડીયુમાં બાળકો માટે ૧૦૦ બેડનો અલગ વોર્ડ હશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ.તા.૧૩ કોરોનાની સંભવીત ત્રીજી લહેર આવે તો સૌથી વધુ બાળકો પર જોખમ છે. તે અનુંસધાને આજે રાજકોટ કલેકટર દ્વારા પત્રકાર પરિષદ યોજીને માહિતી આપતા જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લામાં બાળકોના આરોગ્યનો સરવે પૂર્ણ કરવામાં આવ્યો છે. કોરોનાની ત્રીજી વેવ સામે ૧૪ પીડીયાટ્રીક હોસ્પિટલો તૈયાર કરાઇ છે ૩૨ ડોકટરોની યાદી પણ તૈયાર છે અને પીડીયુમાં બાળકો માટે ૧૦૦ બેડનો અલગ વોર્ડ હશે ઉપરાંત આગામી ૧૦ દિવસ બાદ ૮ થી ૧૦ વર્ષના ૨ લાખ બાળકોનો રાજકોટ જીલ્લામાં સર્વે હાથ ધરાશે

જિલ્લામાંથી કુલ ૧.૪૪ લાખ બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. જેમાંથી જરૂર જણાય તેવા બાળકોને આરોગ્ય કેન્દ્ર સહિત હોસ્પિટલમાં સારવાર અપાઈ છે. ૨૬૦ બાળકોમાં વધુ લક્ષણો દેખાતા આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યા છે. દરેક ગામોમાં ૪૦ દિવસમાં ૧થી ૫ વર્ષના ૧.૪૪ લાખ બાળકોનો સરવે કરવામાં આવ્યો છે. જેમાંથી જે બાળકોના આરોગ્યને લઈ થોડી સમસ્યા હોય તેવા ૩૯૫૯ બાળકને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જેમાં ૨૧૬૫ બાળકને સ્થળ પર અને ૨૯૮ બાળકને હોસ્પિટલમાં ખસેડી સારવાર અપાઈ હતી. સાથે જ સરવેમાં ૧૬૭ બાળક એવા પણ મળી આવ્યાં છે જેને અલગ-અલગ રોગગ્રસ્ત છે.

**(અનુ.પાના નં.૪ ઉપર)**

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.